॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનમથામણ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિ:ૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ** **વર્ષ** **પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૨૮ + ૩૪૦ = ૩૬૮

❑ પડતર કિંમત : **રૂ. ૩૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં અનન્ય સેવકદંપતી **શ્રી ઈંદ્રવદન શૅરદલાલ** અને **શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલ**ને પૂજ્ય શ્રીમોટાએ સને ૧૯૭૨માં 'જીવનસૌરભ' પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં નીચે મુજબની ભાવાંજલિ અર્પી છે.

(અનુષ્ટુપ)

સંકલ્પ કૈં કૃપાથી જે જે આ જીવનમાં થયા,
તેના મૂળથી સાક્ષી તો પ્રત્યક્ષ શા ખરા રહ્યા ! ૧

મૂળથી જે થયેલા છે સંકલ્પ પરમાર્થના,
ફળાયા કેમ સંપૂર્ણ, તેનાય સાક્ષી છો સદા. ૨

મોટાના કર્મને માટે ઉત્સાહ, ખંત, ઉદ્યમ,
એકધારો બતાવ્યા શો કરેલો થઈ ઉદ્યત ! ૩

પોતાનું બધું જે તેયે પૂરું વેગળું મૂકીને,
કર્તવ્યમાં જ 'મોટા'ના પૂરું લક્ષ પરોવી દે. ૪

કેવી સરળતા, પાછી સૌ સગવડ સાચવે !
ખડે પગે જ તૈયાર, સેવામાં નિત્ય તત્પરે. ૫

સેવાને આપવામાં તો જેનું હેત અપાર છે,
સેવામાં 'જયશ્રી'ને શી ભાવથી વળગાડી છે ! ૬

'જયશ્રી'નો મને કેવો સહકાર મળ્યા કર્યો,
શરીર રોગીલાની શી સેવા આપી નિવાજિયો ! ૭

ઉભયતણી સેવામાં છે આશીર્વાદ બાતણા,
કર્મ ફળાવવા ભારે શ્રમ કેવો કર્યો લીધાં ! ૮

આડુંતેડુંય મારું સૌ જેણે નભાવી લીધું છે,
સદા તત્પરતા સેવા કાજે દાખવી કેવી છે ! ૯

જે કાળે જોઈએ ત્યારે પોતે તત્પર હાજર,
સધાવા કર્મ 'મોટા'નું જોયાં ના રાતદિવસ. ૧૦

'મોટા'ને જોઈતું જે હો લાવી દેવા જ હર્ષ છે,
પૂરું પાડ્યા વિના હૈયે એને જંપ વળે ન છે. ૧૧

જીવને સથવારો શો એનો કૃપાથી તો મળ્યો ?
ને ખપ લાગવાને તો એને દિલ ઉમંગ શો ! ૧૨

એ બંનેને શું અર્પી હું શકું, પાસ કશું ન છે,
હૈયા કેરા નર્યા ભાવે ધરું ભાવાંજલિ પદે. ૧૩

હરિઃૐ આશ્રમ, - **મોટા**
નડિયાદ, તા. ૨-૯-૧૯૭૨

પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનમથામણ'**ની આ બીજી આવૃત્તિનું પ્રકાશન પૂરા સદ્‌ભાવથી આ દંપતીને અમો ઉપરોક્ત વિગતે સમર્પિત કરી ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૪-૧૧-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**
દેવદિવાળી, સંવત ૨૦૬૪ હરિઃૐ આશ્રમ, સુરત

। હરિ:ૐ ।।

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

જગતમાં કોઈ પણ કામ મથામણ વિના સિદ્ધ થઈ શકતું નથી. પછી તે કામ ભલે સાંસારિક હોય, સામાજિક હોય કે આધ્યાત્મિક હોય. દરેક કામમાં મથામણની આવશ્યકતા તો રહેવાની જ.

એ રીતે જોઈએ છીએ તો ભગવાને જ મનુષ્યના દિલમાં, તે જન્મે છે ત્યારથી જ, મથામણનું સૂક્ષ્મ બીજ મૂકી દીધેલું હોય છે. બાળક જન્મતાંની સાથે જ ઊંવાં ઊંવાં કરીને રુદન દ્વારા તેના અવાજનો વિકાસ કરે છે. શરીરના અવયવોના હલનચલન દ્વારા તેના અંગોનો વિકાસ કરે છે અને જરાક મોટું થયા પછીથી એટલે કે સાત આઠ માસ પછી તો સુવાડ્યું હોય ત્યાંથી ખસવા માંડે છે, વસ્તુઓની લેમૂક કરતું હોય છે અને ધીમે ધીમે બોલતું ચાલતું થાય છે. માબાપ, બાળકોને તેના વિકાસની દરેક બાબતમાં મદદ કરતાં હોય છે એ ખરું છે, પરંતુ માબાપની મદદ સ્વીકારીને બાળક મથામણ ન કરે તો આપેલી મદદ નિષ્ફળ જાય અને તેનો વિકાસ ન થઈ શકે. આમ, કુદરતે જ આપણા વિકાસ માટે મથામણની વૃત્તિ આપણને આપેલી છે. આ બાબતમાં  જરા આગળ દૃષ્ટિ દોડાવીએ તો માત્ર માણસને જ કુદરતે મથામણની શક્તિ આપી છે એમ નથી, પરંતુ કુદરતે તો જગતનાં પશુ, પંખી અને અન્ય જીવસૃષ્ટિ તથા તરણાથી માંડીને છોડ, વૃક્ષ વગેરે સર્વને મથામણની શક્તિ બક્ષેલી છે અને આ મથામણ-શક્તિના પ્રતાપે જ જગત આજે આટલું રળિયામણું લાગે છે.

પરંતુ કુદરતે બક્ષેલી આ મથામણશક્તિનો ઉપયોગ આજે તો આપણે માત્ર આપણા સંસારવહેવારનાં કાર્યો પાર પાડવામાં જ કરતા હોઈએ છીએ, કારણ કે આપણે જીવદશાના માણસો છીએ. એટલે

સંસારવહેવાર સિવાયનું બીજું જગત આપણને દેખાતું જ નથી. અને દેખાય છે તો તેને પામવા માટે એટલો બધો પુરુષાર્થ કરવાનો હોય છે કે તે આપણાથી થઈ શકશે નહિ તેમ માનીને તે પરત્વે ડગલું પણ માંડતાં નથી. તેમ છતાં મનુષ્યમાં દૈવી શક્તિના આવિર્ભાવની ઝંખના તો સદાય રહેતી જ હોય છે અને તેથી તે દેવદર્શન, સંતસમાગમ અને સદ્‌વાચન દ્વારા જાણેઅજાણે ઈશ્વરાભિમુખ થવા પ્રયત્ન કરતો હોય છે.

પણ જેમ સાચો રસ્તો હાથ આવ્યા વિના નિયત સ્થળે જઈ શકાતું નથી, તેમ સાચા પ્રયત્ન વિના ઈશ્વરીમાર્ગમાં પણ આગળ વધી શકાતું નથી. દરેક કામમાં જેમ ભય, સંકટ, મુશ્કેલી, અડચણો વગેરે હોય છે, એ બધુંય વેઠીને જે આગળ જાય છે, તે સફળતાને પામે છે, તેમ આ ઈશ્વરીમાર્ગમાં પણ ભય, સંકટ, મુશ્કેલી, અડચણો વગેરે બધું જ હોય છે અને તે બધુંય વેઠીને જે પોતાના ધ્યેયને વળગીને પ્રયત્નશીલ રહે છે, તેને જ પરમાત્માનો દિવ્ય પ્રકાશ સાંપડે છે.

આ **'જીવનમથામણ'**માં પૂજ્ય શ્રીમોટાએ તેમના સાધનામાર્ગમાં કેવી કેવી જીવનમથામણો વેઠેલી છે, તેનો ખ્યાલ જેઓ જિજ્ઞાસુભાવે વાંચશે તેમને જરૂર મળશે. વેપારવણજમાં જેમ નફોનુકસાન હોય જ છે અને ધંધાનો ખ્યાલ બરાબર ન રાખ્યો અને જેમ ફાવે તેમ કર્યે રાખ્યું હોય તો એટલી બધી નુકસાનીમાં ઊતરી જવાય છે કે વેપારીને દેવાળું કાઢવાનો વખત આવે છે. એ જ પ્રમાણે આ સાધનામાર્ગમાં પણ બનતું હોય છે. એટલે સાધકે કેવી કેવી મથામણોમાંથી પોતાનો માર્ગ કાઢવાનો છે, તે કોઈ અનુભવી પુરુષ આપણને હકીકતરૂપે કહે ત્યારે જ ખબર પડે છે.

એ રીતે પૂજ્ય શ્રીમોટાનું આ **'જીવનમથામણ'** પુસ્તક સાધના-માર્ગના શ્રેયાર્થીને પથપ્રેરક થઈ પડશે એવી આશા છે. અંધ મનુષ્યોને સાચો રસ્તો મેળવવા જેમ ફાંફાં મારવાં પડે છે, તેમ સાધનામાર્ગના

આરંભકાળમાં શ્રેયાર્થીની આવી જ સ્થિતિ હોય છે. તે વેળાએ આવી સચોટ અને સાચી અનુભવવાણી જ શ્રેયાર્થીને સાચી દિશા તરફ દોરી જશે અને આધ્યાત્મિક માર્ગમાં આવતા ખાડાટેકરાને પાર કરીને સિદ્ધિની મંજિલે પહોંચવામાં મદદરૂપ થશે.

પૂજ્ય શ્રીમોટાએ એ રીતે **'જીવનઅનુભવગીત'**થી માંડીને આ **'જીવનમથામણ'** સુધીની પુસ્તકશ્રેણીમાં તેમના સાધનાપંથની જે વિવિધ ગઝલો આલેખેલી છે, તેમાંથી શ્રેયાર્થીને તેના સાધનામાર્ગ માટે ઘણું ભાથું મળી રહે તેમ છે. સાધનામાર્ગના શ્રેયાર્થીઓ માટે પૂજ્ય શ્રીમોટાએ આ રીતે જે આધ્યાત્મિક ગંગા વહેવરાવી છે, તે માટે સૌ તેમના ઋણી રહેશે.

પૂજ્ય શ્રીમોટાએ તેમના પુસ્તક પ્રકાશનમાં અમને નિમિત્ત બનાવ્યાં છે, તે પૂજ્યશ્રીનો અનુગ્રહ છે અને તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. પ્રભુ તેમને દીર્ઘાયુષ્ય બક્ષો અને તેમની કલમે આવાં અનેક પુસ્તકો લખાય એવી પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે.

**-જ્યોત્સ્ના જાની**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

'જીવનમાં હેતુપૂર્વક તે બહુ જ મથવાનું કીધું છે,
સતત મથતા રહેવાથી જીવનઘડતર થતું રહે છે.'

જીવનની કોઈ અલબેલી એવી ધન્ય પળે ભગવાનનું સ્મરણ હાથ ચડી આવ્યું. જોકે સ્મરણ તો શરીરના રોગે લેવરાવ્યું, પરંતુ એ સ્મરણ લેતાં લેતાં અને એ સ્મરણનો ભાવપૂર્વકનો મહાવરો પડતાં પડતાં, એમાંથી મને શ્રીહરિકૃપાથી જીવનનું ધ્યેય નજર સમક્ષ તરવરતું થયું, એ ધ્યેય પરત્વેમાં સ્મરણ એ એકમાત્ર અભ્યાસથી જીવતુંજાગતું થવાનું થયું. તે પણ એકદમ ઓચિંતું તેવું થઈ શકતું નથી. તેમાં પણ મથવાના અનેક પ્રકારો પ્રગટ્યા. એવા અનેક પ્રકારના મથવાના તબક્કામાં શ્રીભગવાનનું સ્મરણ તો જીવંત હતું જ, પરંતુ તે સાથે સાથે જીવનના ધ્યેયના હેતુની ચેતનાત્મક સભાનતા પણ હતી જ. એવી સભાનતા વિના જીવનનું ઘડતર થવું કદાપિ શક્ય બની શકતું નથી. એવી ધ્યેય પરત્વેના હેતુની સભાનતા પણ જીવનમાં જે અનેક રીતે શ્રીહરિકૃપાથી મથવાનું થયા કર્યું હતું, તેવા મથવાપણામાંથી જ, એવા સતત મથતા રહેવાના અભ્યાસમાંથી જ, અને તે તે મથતી વેળાએ આ બધું મથવાનું શેને કાજે છે, એવા ધ્યેયનું પણ શ્રીહરિકૃપાથી ભાન ટપકતું રહેતું હતું, એવા એકધારા સતત મથવાના અભ્યાસના પ્રયત્નમાંથી હેતુની સભાનતા શ્રીહરિકૃપાથી જાગ્રત થઈ શકી હતી.

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં, જીવનના કોઈ પણ પાસામાં, જીવનના કોઈ પણ તબક્કામાં, કંઈ પણ કશું મથ્યા વિના મળી શકતું નથી. શ્રીહરિકૃપાથી એવા મથવામાં મને તો દિલમાં દિલથી દિલની ભક્તિ પ્રગટી હતી. અને તેથી જ જીવનઘડતરને માટે સતત જે મથવાનું પ્રગટ્યા કર્યું, તે મથવાને મેં તો તપશ્ચર્યા ગણેલી છે. જે કંઈ ધ્યેયના

હેતુની સભાનતાથી પ્રેમપૂર્વક સહન થાય, મથવાનું બને, તેનાથી કરીને જે ભયંકર સંગ્રામ પ્રગટે, તે સંગ્રામમાં મરણિયા દૃઢ નિશ્ચયથી અનેક પ્રકારના ઘા ઝીલતાં ઝીલતાં સતત જે ટકી રહેવાનું બને, અને એમાંથી જે પરાક્રમ અને શૂરવીર એવી મર્દાનગી જે પ્રગટે છે, તે બધું તો મથવાના પ્રતાપનો થોડો શણગાર છે. મથ્યા વિના જો સ્થૂળ પ્રકારનું પણ કંઈ કશું મળતું નથી, તો પછી ચેતનને અનુભવવા માટે તો જે મથવાનું પ્રગટે, ઊગી આવે, સ્ફુરે, પ્રેરણા થાય કે સમજી સમજીને સામે જઈને પણ જ્ઞાનપૂર્વક જે મથવાનું સ્વીકારાય—આવા અનેક મથવાના પ્રકારના શ્રેયાર્થીની સામે એકમાત્ર તેનું ધ્યેય જ સાકાર લેતું, થનગનતું, એની નજર સામે સતત એકધારું જીવતુંજાગતું અકબંધ અને ટકોરાબંધ રહ્યા જ કરતું હોય છે. ધ્યેય સાકાર થતાં થતાં, તે પણ અનેક પ્રકારો લે છે. ધ્યેય જ્યાં સિદ્ધ થતું લાગે, છેક નજીકમાં નજીક પાસે જ છે એમ લાગે, ત્યાં તો ધ્યેય પાછું ક્યાંનું ક્યાંય આગળ વિસ્તરતું જ રહે છે. ધ્યેયનો પણ ઊર્ધ્વતર વિકાસ થતો રહે છે, તેમ તેમ મથવાના પ્રકારો પણ ઊર્ધ્વતમ અને સૂક્ષ્મતમ થતા જતા હોય છે અને પ્રત્યેક ભૂમિકાનું મથવાનું પણ જુદું જુદું હોય છે.

આમ, જીવનમાં જીવનના ધ્યેયને એકધારું સતત જીવતુંજાગતું રાખીને જે મથવાનું બન્યા કરતું રહે છે, તેવા મથવામાંથી એક એવા પ્રકારનું આંતરિક બળ પ્રગટે છે, જે આંતરિક બળનો સહારો અને ટેકો એટલો બધો નગદ અને ટકોરાબંધ હોય છે કે જેનાથી કરીને આપણે જીવનમાં જીવનના ઊર્ધ્વતર પંથમાં ક્યારેક ક્યારેક એવા ભયંકર સંગ્રામોની સામે થવું પડે છે ત્યારે તે જ પેલું અંતરનું બળ ઉપયોગનું નીવડે છે. તેવા બળથી કરીને શ્રેયાર્થીથી મથવાનું બની શકે છે. બાકી તો માનવી ક્યારનોય તૂટી પડે. જીવનઘડતરની પ્રત્યેક ભૂમિકાથી પર થતાં થતાં કે થતાં થતાંમાં પણ કેટલું બધું જબરજસ્ત યુદ્ધ આપવું પડે છે ! અને ત્યારે જે મથવાનું જાગે છે, તેવા મથવામાં જો જીવનના ધ્યેય માટેની તલસાટભરી તાલાવેલી અને તેથી કરીને સંપૂર્ણપણે યાહોમ થઈ જઈને હોમાઈ જવાની જે ઘેલી ઘેલી ઘેલછા

પ્રગટે છે, ત્યારે સંપૂર્ણ ભાવથી તે મથવાના યજ્ઞમાં એકધારું ઝંપલાવી દઈને આત્મસાત્ થઈ જવાની જે તમન્ના અગ્નિની ભાવના પ્રગટે છે અને તેમાંથી જે શહૂર પ્રગટે છે, તે શહૂર કોઈ ન્યારા પ્રકારનું છે. એવા શહૂરમાં માત્ર ઘેલછા કે નર્યું ગાંડપણ છે એવું રખે કોઈ માને. એવું શહૂર એ તો મનાદિને માટે ઉત્તમમાં ઉત્તમ ભાવના પ્રગટાવવા માટેનું અને તે રીતે ઘડાવા માટેનું યોગ્યમાં યોગ્ય સાધન છે. મનાદિ કોઈ સાધારણ બીજા કોઈ હથિયારથી ઘડી શકાય તેવાં નથી. મનાદિને ઘડવાને માટે તો પ્રકૃતિના પરનું એવી ભાવનાનું કોઈ દિવ્ય બળ કે શક્તિના સાધનની જરૂરિયાત ખરી. અને એવું આંતરિક બળ જીવનના અનેક તબક્કાઓમાં ધ્યેયના હેતુની સભાનતાની સાથે, સતત અને એકધારું, જ્ઞાનભક્તિપૂર્વકનું મથવાનું બન્યા કરે છે, એમાંથી એવું જ્ઞાનબળ પ્રગટે છે. તે મર્દાનગી કે શહૂરનો પ્રકાર પણ ન્યારો છે. એવા હથિયાર વિના જીવનવિકાસની સર થતી જતી ભૂમિકાઓમાં ટટારીથી, ખુમારીથી અને ઝનૂનથી બસ લડવું એ કદાપિ શક્ય બની શકતું નથી.

સતત મથતા રહેવામાંથી શ્રેયાર્થીને જે બળ સાંપડે છે, એ બળનો ફેલાવો અને પ્રસારો શરીરનાં બધાં કરણોમાં થતો રહે છે, અને એમ ઊર્ધ્વતર વિકાસ થતાં થતાં આધારનાં જુદાં જુદાં કરણોની પ્રકૃતિનો ગુણધર્મ વિલય પામતો જતો અનુભવાય છે. ત્યારે પ્રકૃતિ પણ પોતાનો ખેલ શરૂ કરે છે. કંઈ કશા ઉપર પોતાની પકડ જતી રહે એ કોઈને ગમતું હોતું નથી. પ્રકૃતિને પણ પોતાની પકડ ગુમાવવી પડે છે. એટલે પ્રકૃતિ પણ તે વેળા વિશેષ સાબદી બને છે. મતલબ કે શ્રેયાર્થીને ત્યારે તેવું લાગે છે. શ્રેયાર્થી તો સતત એની સભાનતાની માત્રામાં ઉત્તરોત્તર વધતો જ જતો હોય છે. જીવનવિકાસ પરત્વેની એવી સભાનતાના પણ જુદા જુદા તબક્કા છે અને તેના પ્રકાર પણ જુદા જુદા છે. આવી સભાનતા એ જ શ્રેયાર્થીને સાચી રીતે ઘડે છે. જીવનના ધ્યેયને સાકાર કરાવનાર કે પ્રગટાવનાર કે છતું કરનાર જો કોઈક હોય, તો તે એવી

સભાનતા જ છે. આગળ લખી ચૂક્યો છું તેમ તેવી સભાનતા પણ સતત, એકધારી મથવાની પ્રક્રિયામાંથી જ પ્રગટતી હોય છે. આમ મથવું, ચેતન અનુભવવાને માટે અનિવાર્ય હકીકત છે, એમાં કોઈ છટકબારી નથી. જે કોઈ શ્રેયાર્થીને એવા મથવાને માટે હૃદયનો ઊછળતો ઉમળકો પ્રગટતો હોતો નથી, તો તે મારી સમજણે તો સાચો શ્રેયાર્થી નથી. શરૂ શરૂમાં તો મથામણ અઘરી પણ લાગે છે, કારમી પણ લાગે છે અને કેટલીક વેળા તો ભયંકર પણ લાગે છે, તેવી વેળાએ જ પેલું જે આંતરિક બળ પ્રગટેલું છે, તે તેની મદદે દોડી આવે છે. શ્રેયાર્થીને ભાંગી પડતી વેળાએ, પીઠ બતાવતી વેળાએ, નાસી છૂટવાની અણી વેળાએ, તેને ત્યાં ટકાવી રાખનાર, ચીટકી રખાવનાર, અને ત્યાં પણ હિંમતથી ટટાર થઈને ટકી શકવાની શક્તિ પ્રેરનાર પેલું મથામણમાંથી પ્રગટેલું આંતરિક બળ જ છે. જીવનમાં ચેતનને અનુભવવા માટેનો જાગેલો જે ઉન્માદભર્યો નદીનાં પૂરના જેવો તલસાટ છે, એ તલસાટ શ્રેયાર્થીને કદી નવરો પડી રહેવા દેતો જ નથી, તો પછી શ્રેયાર્થીને સૂવા તો કેમ જ દે ? અને તેને જંપ પણ કેમ જ વળવા દે ? સતત, એકધારું મથતા રહેવામાંથી જ નવું નવું જીવનનું બળ પ્રાપ્ત થતું રહે છે, અને એવી શક્તિ પણ જુદી જુદી પ્રગટતી રહે છે. પ્રત્યેક ભૂમિકામાં જીવનના ઊર્ધ્વતર વિકાસની ભૂમિકામાં પ્રગટતી જતી શક્તિ પણ જુદી જુદી હોય છે, અને એવી ઊર્ધ્વ પ્રકારની શક્તિ અનુભવમાં પ્રગટ્યા કરે છે, ત્યારે મથામણનો પ્રકાર પણ ઊર્ધ્વ થતો રહે છે અને એનો પાસ બધાં કરણોને પણ લાગે છે. બુદ્ધિનો વિવેક પણ ઘણો સૂક્ષ્મમાં સૂક્ષ્મ થતો રહે છે, અને એવા સૂક્ષ્મ બુદ્ધિના વિવેક વડે કરીને ઊર્ધ્વતમ ભૂમિકાઓનું જે પૃથક્કરણ થતું રહે છે, તેનું કારણ તો એ છે કે એવા ઊર્ધ્વતર વિકાસ પરત્વેની મથામણની પ્રક્રિયામાંથી જે એક જીવંત ચેતનાત્મક શક્તિ પ્રગટી, તેની અસર બધે ફેલાતી હોય છે, અને તેનાં જુદાં જુદાં પરિણામ પણ નીપજે છે. તેવું એક પ્રકારનું પરિણામ સક્રિય તટસ્થતા પણ છે. એવી સક્રિય તટસ્થતા જીવતીજાગતી

પ્રગટ્યા વિના ઊર્ધ્વતર ભૂમિકાઓનું ઝીણવટભર્યું યથાયોગ્ય પૃથક્કરણ થવું કદી પણ બની શકતું નથી. એવી ચેતનાત્મક તટસ્થતા પ્રગટેલી હોય, તો જ શ્રેયાર્થી જેમાં ને તેમાં સંપૂર્ણપણે ભેરવાઈ જતો નથી. એવી તટસ્થતાના કારણથી જ, અને તે તેના જીવનમાં પ્રત્યક્ષ સાકાર થઈ ગયેલી હોવાથી શ્રેયાર્થી કંઈ કશામાં અટકી પડતો હોતો નથી, અને તેથી તેનો વિકાસ થયા કરે છે. જીવનના ઊર્ધ્વતમ પંથમાં વિકાસ થવાને કાજે તટસ્થતા એ અનિવાર્ય પગલું છે, અને તે પણ મળે છે તો મથવામાંથી જ. છેક ઊર્ધ્વતમ ભૂમિકામાં મથવાનું થતાં થતાં જાગેલી તટસ્થતામાંથી સમતા પ્રગટે છે, અને એવું સમત્વ મળ્યું એટલે તો શ્રીહરિ સાથેનો યોગ જીવતો થઈ ગયો એમ સમજવું. એટલે કે શ્રીહરિ સાથેના જોડાણની ઉષાનાં દર્શન થયાં. તે પછીથી પણ ઊર્ધ્વ ભૂમિકાઓ છે, નથી એમ નથી.

જીવનના અનેક તબક્કાઓમાં શ્રેયાર્થીને મથવું તો પડવાનું છે જ. મથ્યા વિના તેનો આરો નથી. જીવનના ધ્યેયનો આદર્શ જેના જીવનમાં પ્રગટી ચૂકેલો છે, તેવા શ્રેયાર્થીએ તો મથવાનું સ્વીકારી લેવું જ પડે છે, સ્વીકારી લેવું પડે છે એટલું જ માત્ર નહિ પરંતુ ઉમળકાથી તેને વધાવી લેવું પણ પડે છે. ‘સ્વીકારી લેવું પણ પડે’ એમાં તો નર્યા આનંદનો ઉમળકો નથી, કંઈક અંશે બેળેબેળેની લાગણી પ્રવર્તેલી હોય એમ સમજાય છે, પરંતુ શ્રેયાર્થીને માટે તો મથવાનો પ્રેમભક્તિપૂર્વકનો સ્વીકાર હોય છે, અને એવા મથવામાં જો શ્રેયાર્થીને આઠે કોઠે દીવા ન પ્રગટતા હોય, તો એવા મથવામાંથી કશા ચેતન-પ્રાણ કદી પણ પ્રગટી શકતા નથી, કારણ કે શ્રેયાર્થીને એવા મથવા પાછળ એના પ્રાણ ધબકતા હોય છે. શ્રેયાર્થીનો જે ધ્યેય માટેનો ઉન્માદભર્યો, થનગનતો તલસાટ, એ તલસાટની ભાવના પણ શ્રેયાર્થીના મથવામાંથી નીતરતી હોય છે, અને એને કારણે જ શ્રેયાર્થીનું મથવાનું જેમ જેમ સચેતન થતું જતું હોય છે, તેમ તેમ શ્રેયાર્થીના તલસાટની માત્રા પણ ઑર બઢતી જતી હોય છે. એનો અગ્નિ પછીથી તો પ્રચંડ ભભૂકતો હોય છે, અને એ અગ્નિની શક્તિ અને એની ચમકતી તેજસ્વિતા શ્રેયાર્થીના

મથવાપણામાં પણ પ્રગટતી જતી હોય છે. જીવનની પ્રત્યેક ભૂમિકામાં શ્રેયાર્થીનું મથવાનું વધારેમાં વધારે સચેતન અને સચેત બનતું જતું હોય છે અને તે સજીવન થતું હોય છે, અને તેથી જ તેવા મથવાપણામાંથી જીવનનું ઘડતર થયા જતું હોય છે.

જ્વાળામુખીના જેવો ભલેને શ્રેયાર્થીના દિલમાં અગ્નિ પ્રગટેલો હોય, છતાં પણ એવા શ્રેયાર્થીને કદીક કદીક તો પાછું પડવાપણું થાય છે. ધ્યેય પરત્વેની સભાનતા તે વેળાએ પેલા શ્રેયાર્થીને ચેતવી દે છે. ચેતવીને ફરી પાછો શ્રેયાર્થીને મથવાના યજ્ઞમાં ઝંપલાવવાનું કરાવે છે. ધ્યેયને પ્રાપ્ત કરવાને માટેનો તમન્નાનો જે અગ્નિ ભભૂકેલો છે, એવો અગ્નિ જ શ્રેયાર્થીને ઝંપલાવવા વિના રહી શકતો નથી, એવા અગ્નિનો ગુણધર્મ સંપૂર્ણ યાહોમ થઈને ઝંપલાવવાપણાનો જ છે. અને સંપૂર્ણ ઝંપલાવ્યા વિના કંઈ કશાનું તારતમ્ય પમાતું નથી. સતત મથતાં મથતાં, સતત એકધારું મથતું રહેવાયાથી, તેવા મથવાપણામાંથી એક એવો અનુપમ કોઈ ન્યારો જુસ્સો પ્રગટે છે, ઝનૂન પ્રગટે છે કે જેને લઈને બસ એકધારું મથાયા જવાય છે. આવું મથવાનું જ્યારે થાય છે ત્યારે એને નિરાશા ભાગ્યે જ જાગતી હોય છે, અને કદીક જાગે છે તો ક્ષણજીવી નીવડે છે. નિરાશાની પળ પ્રગટે ખરી, ત્યારે જે સાચેસાચ મર્દાનગીથી મથનાર છે, તેવો નિરાશાથી નાહિંમત થઈ જતો નથી. એવી નિરાશાની પળમાં પણ એનો જુસ્સો તો કોઈ અણનમ પ્રકારનો છે. તે પાછો પડે છે ખરો, એને નીચે પણ પડવું પડે છે, પરંતુ એનું માથું નીચે નમતું નથી, અને એ તો સતત એકધારું ટટારીથી અને ખુમારીથી બસ ઉન્નત જ રહ્યા કરે છે. એવા હેતુની સભાનતાપૂર્વક મથનારની ખબરદારી અને ખુમારી કોઈ ન્યારા પ્રકારની છે.

સતત એવા મથતા રહેવાની પ્રક્રિયામાંથી જીવનમાં કેટલાય ગુણો પ્રગટે છે, કેટલીય શક્તિ પ્રાપ્ત થતી જતી હોય છે. એટલે જ તો મેં મથવાને તપશ્ચર્યા ગણેલી છે. તપશ્ચર્યામાંથી શક્તિ તો જરૂર પ્રગટે છે, પરંતુ તે સાથે સાથે ઉત્સાહ, ઉમંગ, ઉદ્યમ, ખંત, ધીરજ–એવા પ્રકારના બીજા અનેક ગુણોનો ઉદય થતો જતો હોય છે. તેની સાથે સાથે કૌશલ્ય,

કુનેહ, વિવેક, તટસ્થતા વગેરે-આ બધું પણ પ્રગટ્યા જતું હોય છે. જીવનવિકાસ થવા માટેની જે એક ઉત્તમમાં ઉત્તમ ચાવી છે, તે તો તે પરત્વેની સભાનતા છે, અને એવું મોટામાં મોટું ઉત્તમમાં ઉત્તમ સાધન શ્રેયાર્થીને મથવામાંથી મળે છે. જ્ઞાનપૂર્વક અને હેતુપૂર્વક મથવામાંથી જેમ ગુણ અને શક્તિ પ્રગટ્યાં કરતાં હોય છે અને જેમ તેમાંથી સભાનતા જાગે છે, તેમ તેમાંથી શ્રેયાર્થીને પ્રજ્વલિત થતી જતી તેવી ચાનક પણ તેમાંથી જ ઊગી આવતી હોય છે. સતત બસ ધપ્યા જ જવું, એ જ એકમાત્ર શ્રેયાર્થીના જીવનનો એક દોર જીવતોજાગતો પ્રગટે છે. સતત એકધારા એવા મથવાપણામાંથી પળેપળ બસ હોમાઈ જ જવું એવો ઉન્માદ પણ પ્રગટે છે, અને એવો ઘેલછાયુક્ત ઉન્માદ પ્રગટે છે, ત્યારે આપમેળે પ્રકૃતિ ગૌણ બની જતી હોય છે. એવા ઉન્માદનાં લક્ષણો પણ ત્યારે શ્રેયાર્થીના જીવનમાં વર્તાયાં વિના રહી શકતાં નથી. સતત એકધારું મથતા રહેવામાંથી શ્રેયાર્થીના દિલમાં આવા પ્રકારનો જે ઉન્માદ પ્રગટે છે-અને એવા તલસાટભર્યા ઉન્માદને કારણે જ શ્રેયાર્થી ભયંકરમાં ભયંકર અને કારમામાં કારમા સાહસ અને જોખમે તે મર્દાનગી ખેડે છે, તે કાળે પેલા શ્રેયાર્થીના ઉન્માદને જે નશીલી પાંખો ફૂટે છે અને આંખો પણ ખૂલે છે, તે કાળનું તેનું યૌવનનું મસ્તીભર્યું અને થનગનતું જોબનિયું જે સંગ્રામમાં ત્રાટકે છે અને કેવા કેવા ઘા ઝીલતું ઝીલતું સંગ્રામમાં એકધારી મસ્તીના નશાથી તે ઝઝૂમે છે, તે દૃશ્ય દેવોને પણ દુર્લભ છે. આ મારું લખાણ કોઈ સાહિત્યિક લાગણીના ઉશ્કેરાટનું પરિણામ નથી. જીવનની તેવી અમુક અનુભવની સ્થિતિનું તેમાં કોઈ દર્શન છે. એવી સ્થિતિ મહાલ્યા વિના તેને અનુભવવી શક્ય નથી. બુદ્ધિની ઉડ્ડયનશીલ કલ્પના તેનું અનુમાન કદાચ કરી શકે ખરી, પરંતુ એવા અનુમાનમાં કોઈ જોર પ્રગટી શકતું નથી. આજે પણ મારું શરીર અનેક ઉત્કટ વેદના પ્રગટાવે એવા રોગોથી ભરેલું હોવા છતાં તેને ટકાવી રાખે છે, તે પણ શક્તિ જ છે. જીવનની ઊર્ધ્વતર ભૂમિકામાં જે સૂક્ષ્મતમ સંગ્રામો પ્રગટે છે, તેમાં ઝઝૂમવાને માટે જે બળની, શક્તિની જરૂર છે અને ત્યારે તે

ખરેખરી ખપમાં લાગે છે, એવી શક્તિ પણ ઉપર લખી જણાવ્યું છે તેવા પ્રકારની છે.

આમ, જે જીવનની પ્રથમ ભૂમિકાથી માંડીને મથવાનું શરૂ થયું, તે છેલ્લામાં છેલ્લી દિવ્ય ભૂમિકાના અંતમાં પણ મથવાપણું જાગે છે. એમ અનેક ભૂમિકાના અનેક મથવાપણાના પ્રકાર ભિન્ન ભિન્ન અને ઊર્ધ્વતમ પ્રકારના છે. એવા મથવાપણાનો જીવનમાં જે રસ પ્રગટ્યો એ પણ શ્રીહરિની કૃપાપ્રસાદી છે. રસ વિના કશામાં સાચા પ્રાણ પ્રગટી શકતા નથી. જીવનને અનુભવવા માટેની પ્રચંડ, ભભૂકતી તમન્ના પ્રગટી ઊઠી, તેમાંથી ઉન્માદભર્યો તલસાટ જાગી ઊઠ્યો અને એમાંથી પછી જે મથાવાનું શ્રીહરિકૃપાથી શરૂ થયું અને એમાંથી જે રસ જાગ્યો, તેમાંથી જ શ્રીહરિકૃપાથી ચેતવાનું, જાગવાનું અને ઊઠવાનું થયું. અને એમાંથી જ સાચી જાગૃતિ અને સભાનતા થનગની ઊઠ્યાં. જીવનના રહસ્યની આ જ ખરી ચાવી છે.

શ્રીહરિકૃપાથી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જીવનના ધ્યેયનો આદર્શ પ્રગટ્યો, તેમાંથી ભભૂકતી તમન્ના જાગી અને તેમાંથી જે મથવાનું થયું, તે મથવાની બધી હકીકત આ **'જીવનમથામણ'**માં શ્રીહરિકૃપાથી મારાથી લખાઈ છે. આ બધાં જોડકણાં એકધારાં મારાથી લખાયે જ ગયાં છે. મારા જીવનની સાધનાનો થોડોઘણો ઈતિહાસ પણ તેમાં આલેખાયો છે. કોઈ પણ ઠેકાણે શ્રીહરિકૃપાથી અતિશયોક્તિ થયેલી નથી કે કંઈ કશું અનુમાનથી લખેલું નથી. અનુભવની કસોટીની ધારણાથી સ્મૃતિમાં ઊગેલું તે તે બધું જેમ જેમ યાદ આવતું ગયું, તેમ તેમ ટપકાવી લીધેલું છે.

આ **'જીવનમથામણ'**નાં જોડકણાંના આઠ ખંડ પાડેલા છે. પ્રત્યેક ખંડની થોડીઘણી વાચકને સમજણ પડે તેટલા માટે પ્રત્યેક ખંડની થોડી થોડી કડીઓ નીચે તારવીને આપી છે.

**- મોટા**

## (૧) જીવનમથામણ

(ગઝલ)

મથામણ કારમી લાગે, કદીક લાગે ભયંકર જે,
છતાં ઓળંગવી તે સૌ પડે, જેને જવું પથ છે.

પડ્યા વિના મથામણ તે કશું ના મેળવાતું છે,
મથામણને હૃદય તેથી સ્વીકારી મેં લીધેલી છે.

જીવનનાં સર્વ ક્ષેત્રોના થતા રહેતા વિકાસે તે,
મથામણ તો બધે જેમાં અને તેમાં જ માધ્યમ છે.

હતો વામન હું સંપૂર્ણ બધી રીતે જીવનમાં તો,
રમકડું ત્યાં સ્મરણકેરું ખરેખર હાથ લાગ્યું શું !

જુદી જુદી ભૂમિકામાં જુદી જુદી મથામણ છે,
મથામણની શી પ્રક્રિયા જુદી જુદી વિશે તે છે !

નીચે પડવાનું સહેલું છે, ઊંચે ચઢવાનું અઘરું છે,
ઊંચે ચઢવાની જીવનમાં શી ગડમથલ થયેલી છે !

મથામણનો ન છેડો છે, મથામણથી ઊગી સૂઝ છે,
મથામણથી મળેલું છે, નૂતન, નૂતન જીવનનું જે.

જીવનમાં થોડું છોડીને ચહે લેવા વધારે જે,
વધારે હાથ ના'વે ને, જતું રહેતું જ થોડું તે.

અનંતાનંત આ પંથ, ન છેડો ક્યાંય એનો છે,
અનુભવના નિચોડેથી બધું તે જાણી લીધું છે.

પવન ને દોર ફાવટથી પતંગ પેર જીવનને
-ઊઠ્યા એવાય સંકલ્પ ગગન જેણે ચગાવ્યું છે.

મથામણમાં જીવન હેતુતણું જીવંતું લક્ષ જ છે,
જીવન નવનીત તેથી તો મથામણમાંથી મળતું છે.

દિવસ ને રાત્રિ જીવનમાં અખંડાકાર લગનીમાં
-થવાને કેવું કેવું તે, મથાવાનું થયું દિલમાં.

જીવન જીતવાની સાચી જે મથામણ એ જ ચાવી છે,
મથામણમાં જ હેતુની હૃદય સમજણ જરૂરી છે.

મથામણ એકમાંથી જ્યાં ન નીકળ્યા હોઈએ પૂરતા,
મથામણ કેટલીક ત્યાં તો થવા અસ્વાર ઊભી ત્યાં.

હૃદય મથતાં, હૃદય મથતાં, નવી નવી સૂઝ જાગે છે,
નવું અજવાળું પથ પાડી, નવી દિશા સુઝાડે છે.

ભયંકર છો મથો ભારે પરંતુ જાગૃતિ જો ના,
ફળે ના યોગ્યતામાં તે, જરૂરી જાગૃતિ સહુમાં.

શું મથવાનો જીવનમાંનો બધો ઈતિહાસ ભવ્ય જ છે !
છતાં **આ** સાવ બોથડથી લખાયું યોગ્ય ના કંઈ તે.

હૃદયની પક્વ નિષ્ઠાથી મથામણ જે થતી રહે છે,
મથામણને ઊગી પાંખો જીવન ગગને ઉરાડે છે.

અનેકે વાર જીવનમાં થઈ છે ચડઊતર શી જે !
મથામણની લીલા એવી જીવનની જે રસીલી છે.

## (૨) મથામણમાં સંગ્રામ

લડ્યા વિના હૃદયકૌવત, જિગર ના કેળવાયે છે,
લડતને શો ગુરુમંત્ર જ ગણી લીધેલ જીવન છે !

જીવનમાં શીખવાની જ્યાં હૃદયદાનત શી પાકી છે !
ગમે ત્યાંથીય શીખવાનું મળ્યા કરતું રહે છે તે.

બધીયે સ્થૂળ ભૂમિકાના બધા સંગ્રામ મહાલ્યા છે,
'અભય કેવો થયો પક્વ' નીરખવા યુદ્ધ ઝીલ્યાં છે.

લડત હો એકની એક પ્રકારે ભિન્નતા ના છે,
છતાં જ્યાં ભૂમિકાફેર બધું બદલાઈ જાયે તે.

જીવનના સૌ તબક્કામાં મહત્ત્વે તો લડત શી છે !
કદીક સ્થૂળ, કદીક સૂક્ષ્મ, કદીક કારણ વિશે પણ છે.

રસાયાં જ્યાં મનાદિ છે, કૃપાનાં સાધનો વિશે,
જીવનમાં જોશ સઘળુંયે વળી તેમાં ગયેલું છે.

અસુરો, સુરની વચ્ચે ભયંકર જંગ જામ્યો છે,
જીવનના હાલ બેહાલ નર્યા કેવા થયેલા છે !

લડાઈ જે જીતેલો છે, સમજ તેને પડે છે તે,
જીતી લેવા નવા દેશો ઝનૂન એને શું વ્યાપે છે !

જીવનનાયે પરાક્રમને જહીં પડકાર પડતો છે,
ઝીલી લેતાં હૃદયનો શો નશો જુસ્સો અનુપમ છે !

ઘણી વેળા જીવનમાં **આ** ખરી પળ સત્ય પ્રગટંતાં,
નવી શી ચાલબાજીની ખબર કેવી પડી છે ત્યાં !

ભૂમિકા સ્થૂળમાં મથવું, ભૂમિકા સૂક્ષ્મમાં મથવું,
ઉભય મથવા વિશે કેવો ભયંકરનો તફાવત શું !

થવા સર્જન, અનિવાર્ય જ જીવનસંગ્રામ બહુવિધના,
સ્વીકારાયા, હૃદય વળી તે કૃપાથી આવકારાયા.

## (૩) મથામણમાં કૃપાનો સહારો

હૃદયબળને જ પડકારો મળેલા શા જીવનમાં તે
-થતાં સામે બરાબર ત્યાં, હૃદયબળ કેળવાયું છે.

હવા, જળ, તેજ, પૃથ્વી ને વળી આકાશ સર્જ્યાં છે,
વિના જેના ઘડી પળ તો ન કોઈથી જિવાતું છે.

કરોડો ખર્ચતાંયે જે મળે સહેલાઈથી ના તે,
કૃપાથી બક્ષ્યું છે તેવું, છતાં **हरि**ને કો પ્રીછે છે ?

ભલેને કોટિ કોટિ છો પડે અડચણ, ન પરવા છે,
સહાનુભૂતિ ને હૂંફ **हरि**ની શી સમર્થ જ છે !

મથામણના તબક્કામાં જીવનમાં તેજ અંધારાં
-બહુ વેળા પિછાણ્યાં છે, તરાવાનું થયું તેમાં.

ભયંકર વેદના હોવા છતાં કેવાં ભજન, કીર્તન
-કૃપાથી શાં થતાં રહે છે ! પ્રસાદી તે શી અણમોલ !

અધૂરું મૂકવું ના કંઈ જીવનમાં શીખ મળેલી જે,
પ્રમાણે તેમ વર્તીને જીવનમાં આચરેલું છે.

મળ્યા પડકાર જીવનમાં કૃપાથી તે ઝિલાયા છે,
ભયંકર સામનો કેવો તહીં કરવો પડેલો છે !

## (૪) મથામણમાં ચરણની બલિહારી

હૃદયના ભાવને લીધે મથામણ જે થતી રહે છે,
મથામણ તેવીમાં કેવો હૃદયરસ તો પડેલો છે !

હૃદયની ભાવભક્તિથી જીવન **આ** જીવદશાનું જે
-થકી તે ઊર્ધ્વ ચઢવાને પરિશ્રમ દિલ લીધેલો છે.

## (૫) મથામણમાં તમન્નાના પ્રકારો

જીવનનો પંથ છો લાંબો, કશી દરકાર તેની ના,
પથે ત્યાં ચાલતાં, ધપતાં, કપાવાનો જરૂર શો ત્યાં !

તમન્નાને લીધે મથતાં હૃદય પ્રગટી શી જિજ્ઞાસા !
પછી મથતાં રહેવાતાં શું ચેતાવ્યો જ તણખો ત્યાં !

અભીપ્સામાં ઉછાળો શો મથામણમાં જ ઊછળે છે !
જીવન પ્રત્યેની ભક્તિમાં સચેતન ત્યાં થવાતું છે.

## (૬) મથામણમાં પ્રેમની કળા

બલિદાન અને ત્યાગ, સમર્પણ અને ફનાગીરી ,
જવું હોમાઈ સંપૂર્ણ, કળા શી પ્રેમની એવી !

હૃદયના પ્રેમને કોઈ કિનારો ક્યાંય લાગે છે ?
અનંતાનંતની પાર શું રેલાતો સહજ રહે છે.

પૂરેપૂરો જ આસક્ત, છતાં મુક્ત, નિરાસક્ત,
બધાંમાં શો ભળેલો છે, છતાં સૌથી નિરાળોયે !

નકારાતો બધાંથી તે, છતાં કશું ના નકારે તે,
સ્વીકારે છે મળેલું સૌ હૃદય નિજભાવથી જે તે.

## (૭) મથામણમાં મુસીબતો અને કસોટી

મરી જઈશું, ફના થઈશું, ભલે કટકા થઈ પડશું,
પરંતુ પહોંચવા ધાર્યું જરૂર ત્યાં પહોંચીને ઠરશું.

કૃપાનો જ્યાં સહારો છે, પછી ફિકર જીવન શી છે !
ભરોંસે નાડ જીવનની જહીં સોંપાઈ **હરિ**ને છે.

મુસીબત આવતી જ્યારે ન આવે એકલી પોતે,
ચઢાઈ પૂરની પેઠે અનેકે સાથ કરતી છે.

હૃદયમાં જાગૃતિ કેવી થયેલી પક્વ કેટલી તે !
કસોટીના અનુભવથી બધું તે માપ નીકળે છે.

નર્યો મુશ્કેલીનો અગ્નિ જીવન સળગાવવા પ્રગટ્યો,
કૃપાથી શો પચાવાતાં જીવનઅમૃત હું શું પામ્યો !

## (૮) મથામણમાં સાધનાવિકાસ

મહત્ત્વાકાંક્ષી સંપૂર્ણ સચેતન દિલ થયેલું જ્યાં,
પછી ના વાર લાગી છે, ઉપર કેવું ચઢાયું ત્યાં !

**હરિ**ની વ્યક્તતાકેરું બધું બ્રહ્માંડ લક્ષણ છે,
બધાં પ્રત્યક્ષ નીરખે તે, છતાં **હરિ**ને ન જાણે છે.

બધી અદ્‌ભુત શી રચના, વ્યવસ્થા તો શરીરની છે !
અશક્ય તે થવી જનથી છતાં કોણ જ ગણે **હરિ**ને !

**હરિ**ને માનવું કે ના, બધો આધાર શ્રદ્ધા પર,
હૃદયમાં જેવી છે શ્રદ્ધા, બધું તેવું જ તે સ્વરૂપ.

ખરેખર પથ ન **આ** સીધો, વળાંકો કંઈક આવે છે,
ભરોંસે, આશરે, **હરિ**ના ધપ્યા આગળ જવાનું છે.

તહીં ના ભોમિયો કોઈ, ન સથવારો કશો પણ છે,
હિમાલય પહાડ સમ ટેક અનિવાર્ય જીવનમાં તે.

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે મથવું જ આવ્યું જે,
અતિશય સૂક્ષ્મ ને ગૂઢ તહીં તે આંખ દીધી છે.

મૂકે થથરાવી એવાંયે મને જોખમ મળેલાં છે,
છતાં પડતું જ નાખ્યું છે, મથ્યો જોખમથી તરવા તે.

(અનુષ્ટુપ)

સિંધુમાં બિંદુના જેવો ક્ષુલ્લક આ પ્રયત્ન છે,
સદ્ભાવી તે ક્ષમાભાવે સ્વીકારીને નિભાવશે.

**શ્રીહરિ**કૃપાથી છેલ્લાં વર્ષ, દોઢ વર્ષમાં જે કાંઈક સર્જન થયું છે, તેનો બધો જશ ભાઈ નંદુભાઈને ભાગે જાય છે. તેમણે મને બધી રીતે સાવ છૂટો કરી દીધો છે.

આવા અનેક વેદનાકારી રોગોની હયાતીમાં જે વેઠવાનું અને વેદવાનું આવ્યાં કર્યું છે, તેવા ગાળામાં કેટકેટલાં શાસ્ત્રોનાં જે ભજન-કીર્તન સર્જાયાં, જેથી **આ જીવ**ને દુઃખમાં આનંદોલ્લાસ અનુભવવાનો મળ્યો, તે સદ્ભાગ્ય કાંઈ ઓછું નથી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૧૭-૧૨-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું આ **‘જીવનમથામણ’** પુસ્તક શ્રેયાર્થીઓના હાથમાં મૂકતાં આનંદ થાય છે. આ પુસ્તકના પ્રકાશનથી **‘જીવનઅનુભવગીત’**થી તેમણે શરૂ કરેલી સ્વાનુભવ શ્રેણીનાં પુસ્તકોમાં એક વધુ પુસ્તકનો ઉમેરો થાય છે.

આ અગાઉનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાએ તેમણે કરેલી સાધનામાં સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન, ગરજ, હુકમ, ગરીબી, નમ્રતા આદિ જે સાધનો કરેલાં તેનાં ગીતો આપવામાં આવેલાં છે. આ પુસ્તકમાં તેમણે સાધનામાં કેવી કેવી મથામણો આવે છે, તેનાં ગીતો-ગઝલો લખી છે.

કોઈ પણ કાર્ય કરવા માંડીએ છીએ ત્યારે જ એની ગહનતાનું માપ આપણને જાણવા મળે છે. કાર્યની સફળતામાં વૈચારિક શક્તિ કેટલી જરૂરની છે અને આચારશક્તિ કેટલી જરૂરની છે અથવા તો બેમાંથી કોનું કેટલું મહત્ત્વ છે, તે ત્યારે જ આપણને સમજાય છે. કોઈ વાર કાર્યની સિદ્ધિ માટે આચારબળ જ ઉપયોગી થાય છે અને વિચારબળને અધ્ધર મૂકી દેવું પડતું હોય છે, એવું પણ બનતું હોય છે. ક્યારે કેવા હુમલા થશે અને કેવા સંગ્રામો લડવાના આવશે તેની સાધકને ઝાંખી પણ થઈ શકતી નથી અને ત્યારે સૂઝબળનો એને ઉપયોગ કરવો પડતો હોય છે. જેઓ સાધનામાર્ગને પંથે છે, તેમને આવું આવું બધું થતું જ હશે અને તે ઉપરથી સાધનામાર્ગ કેટલો કઠિન છે અને જીવનહેતુને પામવા માટે કેટલા પ્રયત્નશીલ રહેવું પડે છે, તેનો શ્રેયાર્થીને ખ્યાલ આવશે.

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનામાં કેવી કેવી અને કેટલી કેટલી જીવનમથામણો કરેલી છે, તે આ પુસ્તકનાં ગીતો વાંચતાં શ્રેયાર્થીને સમજાશે અને સાધનાને પંથે આવતી અડચણો અને અવરોધોને દૂર કરવામાં તે માર્ગપ્રેરક થશે એવી આશા છે.

આ **'જીવનમથામણ'**નાં ગીતોને સુવાચ્ય અક્ષરોમાં નકલો ઉતારવાનું કામ શ્રી પુષ્પાબહેન દલાલ અને ભાઈ સોમાભાઈ ભાવસારે કરેલું છે. બધાં ગીતોને વિષયવાર તારવણી કરીને ખંડવાર ગોઠવવાનું તથા પ્રેસમાં છાપવાયોગ્ય હસ્તપ્રત તૈયાર કરવાનું કામ ભાઈ સોમાભાઈએ કરેલું છે. બંને પૂજ્યશ્રીનાં એટલાં નજીકનાં સ્વજનો છે કે તેમનો આભાર માનવાનો રહેતો નથી, તેમ છતાં તેમના ભાવની કદર કરીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશનનું તમામ ખર્ચ શ્રીમતી જ્યોત્સ્નાબહેન નટવરલાલ જાનીએ આપ્યું છે, તે માટે અમો તેમનાં ઘણા ઘણા આભારી છીએ. અંતમાં મેસર્સ એલેમ્બિક પ્રેસ, વડોદરાએ આ પુસ્તક પરત્વે રસ અને ઉત્સાહ દાખવીને ઘણા ઓછા સમયમાં તે તૈયાર કરી આપ્યું છે, તે માટે તેમના ખરેખરા ઘણા આભારી છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાંથી થતી તમામ આવક જનકલ્યાણનાં કાર્યોમાં જ વપરાય છે, તો દરેક ભાઈબહેન તેમનાં પુસ્તકોના વેચાણમાં મદદરૂપ થઈને જનકલ્યાણના કાર્યમાં સહાયરૂપ થશે એવી આશા છે.

તા. ૧-૩-૧૯૭૩

**નંદુભાઈ**
મૅનેજિંગ ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

સને ૧૯૭૩માં જેની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું હતું, તે **'જીવનમથામણ'**ની આ બીજી આવૃત્તિ સ્વજનોનાં કરકમળમાં મૂકતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ તે આવૃત્તિમાં 'લેખકના બે બોલ'માં જણાવ્યું છે કે 'કંઈ પણ કશું મથ્યા વિના મળી શકતું નથી.' ઉપરાંત, પોતે મથામણના જે જે તબક્કાઓમાંથી પસાર થયા તેની હકીકત **'જીવનમથામણ'**માં શ્રીહરિકૃપાથી લખાઈ છે, તેવો પણ ઉલ્લેખ કર્યો છે. આ રીતે મથનાર જીવો માટે આ પ્રકાશન સહાયક અને માર્ગદર્શકરૂપ બની રહેશે એવી ભાવના છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૪-૧૧-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**
દેવદિવાળી, સંવત ૨૦૬૪ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જીવનમથામણ | ૧-૧૧૮ |
| ૨ | મથામણમાં સંગ્રામ | ૧૧૯-૧૮૮ |
| ૩ | મથામણમાં કૃપાનો સહારો | ૧૮૯-૨૨૨ |
| ૪ | મથામણમાં ચરણની બલિહારી | ૨૨૩-૨૩૬ |
| ૫ | મથામણમાં તમન્નાના પ્રકારો | ૨૩૭-૨૫૪ |
| ૬ | મથામણમાં પ્રેમની કળા | ૨૫૫-૨૮૬ |
| ૭ | મથામણમાં મુસીબતો અને કસોટી | ૨૮૭-૩૦૬ |
| ૮ | મથામણમાં સાધનાવિકાસ | ૩૦૭-૩૩૨ |


❑

# જીવનમથામણ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

## જીવનમથામણ



મથામણ કારમી લાગે, કદીક લાગે ભયંકર જે,
છતાં ઓળંગવી તે સૌ પડે, જેને જવું પથ છે.

હરિઃૐ

## મથામણની વિના ક્યાંયે ન ડગ આગળ ભરાશે જે

જીવનમાં વધવું આગળ જો મથામણ તો જરૂરી છે,
મથામણની વિના ક્યાંયે ન ડગ આગળ ભરાશે જે.

મથામણ કારમી લાગે, કદીક લાગે ભયંકર જે,
છતાં ઓળંગવી તે સૌ પડે, જેને જવું પથ છે.

મથામણને સ્વીકારાતાં જીવનમાં આવકારાતાં,
મથામણમાંથી લાગ્યું તે વલણ વિકાસનું છે જે.

મથામણમાં જીવંતો શો હૃદયહેતુ રખાયો છે !
જુદી જુદી ભૂમિકાની મથામણ સાવ જુદી છે.

હરિઃૐ

## પડ્યા વિના મથામણ તે કશું ના મેળવાતું છે

સ્મરણ લેતાં, સ્મરણમાં રસ હૃદય એકદમ પડ્યો ના છે,
મથામણ કેટલી કેવી પડ્યા દિલથી કરેલી છે !

પડ્યા વિના મથામણ તે કશું ના મેળવાતું છે,
મથામણને હૃદય તેથી સ્વીકારી મેં લીધેલી છે.

મથામણ તો જીવન મારાતણો શો નિત્યનો ક્રમ છે !
કૃપાથી તેમાં હેતુની ટકેલી સભાનતા દિલ છે.

હૃદય સભાનતા તેવી થકી દિલની મથામણમાં,
જીવંતો રસ ટપકવાનો થયો અનુભવ પછી દિલમાં.

હરિઃૐ

## મથામણમાંથી તપવાનું જુદી જુદી રીત ઊગ્યું છે

શરૂ શરૂમાં મથામણથી ઊંડા ઘા શા પડેલા છે !
શું કંટાળો મથામણમાં હૃદયમાં ખૂબ લાગ્યો છે !

પરંતુ સાવચેતી ને હૃદયની સાવધાનીયે
-મથામણની વીંટામણથી મને ચેતાવી દીધો છે.

મથામણમાંથી તપવાનું જુદી જુદી રીત ઊગ્યું છે,
તપશ્ચર્યાથી તેવી તે થતું ઘડતર રહેલું છે.

મથામણમાંથી શીખવાનું થતું રહ્યું જ્યાં જીવનમાં તે,
મથામણમાં પછીથી રસ ખરો પડવા જ લાગ્યો છે.

હરિઃૐ

## મથામણમાં પછી પડવા ઘણો રસ દિલ લાગ્યો છે

જીવનમાં શીખતાં શીખતાં બધું આવડવા લાગ્યું છે,
પરંતુ તેમ તે વિના મથ્યા, ના સાંપડેલું છે.

જીવનનાં સર્વ ક્ષેત્રોના થતા રહેતા વિકાસે તે,
મથામણ તો બધે જેમાં અને તેમાં જ માધ્યમ છે.

અનિવાર્ય જ જીવનમાં એ મથામણ જ્યાં ખરેખર છે,
વધાવી પ્રેમ ઉમળકે હૃદય લેવાનું રાખ્યું તે.

સ્વીકારાતાં જીવન ધ્યેયતણા હેતુની કક્ષાએ,
મથામણમાં પછી પડવા ઘણો રસ દિલ લાગ્યો છે.

હરિઃૐ

## મથામણમાં જ કંટાળો શરૂ શરૂમાં શું લાગ્યો છે !

મથામણમાં મથામણની, જુદી જુદી રીતો જે તે
-સમજમાં ઊગવા લાગી, શક્યો વર્તી પ્રમાણે તે.

કદીક મુશ્કેલી આવી છે, કદીક વિઘ્નો નડેલાં છે,
બધી તે તે મથામણમાં જીવંતો હેતુ ધાર્યો છે.

મથામણમાં જ કંટાળો શરૂ શરૂમાં શું લાગ્યો છે !
પ્રકૃતિમાં અભિરુચિ હજી સુધી ન સળગી છે.

સતત અભ્યાસમાં તેથી રહ્યો મંડી લગાતારે,
ધીરજનાં ફળ મીઠાં કેવાં અનુભવમાં પ્રકાશ્યાં છે !

હરિઃૐ

## શરૂ શરૂમાં સ્મરણ हरिનું થવા મથવું પડેલું છે

શરૂ શરૂમાં સ્મરણ **हरि**નું થવા મથવું પડેલું છે,
પડી પડી પાછળે તેની, રટ્યા કરવાનું કીધું છે.

મથી મથીને, ફરી ફરીને હૃદયથી એકડે એક જ,
ઘૂંટ્યા હરદમ કરેલો છે, ધરી ધરી દિલ **हरि** લક્ષ જ.

સતત મથતાં રહેવાતાં સ્મરણની ગેડ બેસે ના,
છતાં મથતાં રહેવાતાં અભિરુચિ બઢેલી ત્યાં.

અભિરુચિથી રસ દિલમાં સ્મરણનો ઑર લાગ્યો છે,
મથામણ સૌ થઈ તેનું હવે મળતું થયું ફળ છે.

હરિઃૐ

## સ્મરણ હરિનું, ગમે તેવું થયા તોયે ગયેલું છે

તૂટી ફૂટી છેક ભાંગીને જીવન ભૂકો થયેલું છે,
ન ઊઠવાની કશી શક્તિ હૃદય મુજમાં રહેલી છે.

કશાં મુજ બાવડાં, પગયે ન હાલી કે ન ચાલી તે
-શકે છે કોઈ રીતિએ, દશા મુજ એવી શી થઈ છે !

છતાં ભાંગી પડાયાની સ્થિતિ અનહદ શી પ્રગટી છે !
સ્મરણ **હરિ**નું, ગમે તેવું થયા તોયે ગયેલું છે.

ખરેખર એ જ કારણથી હૃદય શ્રદ્ધા ન તૂટી છે,
**હરિ**એ ત્યાં જ પ્રગટી દિલ લીધું ઉગારી જીવનને.

હરિઃૐ

## સ્મરણ ને પ્રાર્થનાદિનાં બધાં સાધન થયેલાં શાં !

‘હવે શો જીવવા વારો શરણ ઢળતાં, શરણ ઢળતાં,
ખરેખર આવવાનો છે’ હૃદય તે મસ્ત નિશ્ચય ત્યાં.

શરળ ઢળવા, નિરંતરનો હૃદયભાવ જ જરૂરી છે,
સ્મરણ ને પ્રાર્થનાદિનાં બધાં સાધન થયેલાં શાં !

‘કદીક ડગતાં જરીક સરખું અસુખ દિલમાં થયેલું છે,
ખૂંચ્યું કાંટા સમું તીવ્ર’ હૃદય સમજણ પડેલી તે.

નિરાંતે ઊંઘવા વારો ન દીધો આવવા એણે,
જગાડીને, જગાડીને, જીવન હરદમ મથાવ્યો છે.

હરિ:ૐ

## સ્મરણમાં દિલ ભળતામાં જતી પાંગરતી શક્તિ છે

**હરિ**ના સ્મરણનું જાદુ ચમત્કારિક જીવનમાં છે,
સ્મરણ લેતાં હૃદય મુજને અનેરો ભાવ પ્રગટ્યો છે.

હૃદય ઉલ્લાસ, ઉત્સાહ, ધીરજ, ઉદ્યમ ને હિંમત તે,
ગુણો એવા બીજા સાથે સ્મરણથી **પ્રાણ** જાગ્યા છે.

સ્મરણને ખાલી ખાલી મેં મુખે કદી પણ ન ગાયું છે,
જીવનનું પ્રેરણાત્મક બળ સ્મરણ મુજને થયેલું છે.

સ્મરણ લેવાની પાછળ દિલ ભર્યું ભર્યું મસ્ત ડોલે છે,
સ્મરણમાં દિલ ભળતામાં જતી પાંગરતી શક્તિ છે.

હરિઃૐ

# સ્મરણની રંગમસ્તીનો હૃદયરણકાર જુદો છે

સ્મરણ જે દિલ દિલથી મેં શું વાગોળ્યા કરેલું છે !
વલોવ્યા દિલ કરેલું છે, જવાયા શું ગયેલું છે !

સ્મરણ અભ્યાસ જીવનમાં જીવંતો જ્યાં થયેલો છે,
ટટારી ને ખબરદારી અનુભવમાં શી લાગી છે !

સ્મરણ તો દિલમાં દિલનું શું એકાકાર દિલથી છે !
સ્મરણની રંગમસ્તીનો હૃદયરણકાર જુદો છે.

શરૂ શરૂમાં હૃદય સ્મરણે કશું વહાલપ ન પ્રેર્યું છે,
અભિરુચિ બઢંતામાં જીવનસિક્કલ ફરેલી છે.

હરિઃૐ

## હઠીલાં દર્દ મળિયાં છે, અનુભવવા જીવનરસને

હતો વામન હું સંપૂર્ણ બધી રીતે જીવનમાં તો,
રમકડું ત્યાં સ્મરણકેરું ખરેખર હાથ લાગ્યું શું !

અકસ્માત જ જીવનમાંનો કૃપાની તે હકીકતનો
-મહદ સદ્ભાગ્યથી આવ્યો સ્મરણનો હાથ શો ટુકડો !

સ્મરણની ભક્તિ લાગ્યાથી હૃદય તલ્લીન થવાયું છે,
ધબકતો ઑર શો જુસ્સો નશીલો મસ્ત લાગ્યો છે !

જીવનનાં રૂપ ને રંગ નવાં સ્વાંગે સજાયાં છે,
હઠીલાં દર્દ મળિયાં છે, અનુભવવા જીવનરસને.

હરિઃૐ

## પસાર સર્વ તેમાંથી થવાતાં, હાર્દ લાગ્યું છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણની રઢ જીવનમાં તે
-હૃદયમાં લાગતાં સુધી, મથામણ કેવી લાગી છે !

મથામણમાં શરૂ શરૂમાં હતો ના રસ જરીકે તે,
છતાં મંડ્યા રહેવાતાં અભિરુચિ દિલ લાગી છે.

અભિરુચિ લીધે કેવું હૃદયમાં તાન જાગ્યું છે,
પછી એને લીધે કેવો ઉમળકો, ભાવ સ્ફુરે છે !

મથામણનીય કેવી છે, જીવનમાં પરંપરાઓ તે !
પસાર સર્વ તેમાંથી થવાતાં, હાર્દ લાગ્યું છે.

હરિઃૐ

## જુદા જુદા તબક્કામાં મથામણ પૂર પ્રગટ્યું છે

જીવનના જંગમાં કેવું ઊતરવાનું થયેલું જે !
જુદા જુદા તબક્કામાં મથામણ પૂર પ્રગટ્યું છે.

પ્રચંડ જ વહેણ તેવામાં તણાવાનું હતું જ્યારે,
ડુબાવાની અણીમાં જ્યાં તણખલું હાથ આવ્યું છે.

તણખલું તે છતાં કેવું થયેલું પ્રાણદાયી તે !
બચાવાને મને એણે તરવવા શક્તિ બક્ષી છે.

તર્યા કરવાની જહેમતને **हरि** તેં **प्राण** પ્રેર્યા છે,
પહોંચાડી કિનારે તે મને દેવા, તું સાથે છે.

હરિઃૐ

# મથામણના જ દરિયાનો ન છેડો ક્યાંય આવ્યો છે

જીવનપથ વહોરવાં જોખમ ભયંકર શાં પડેલાં છે !
'અણીવેળા તૂટી ક્યારે પડાશે' એમ લાગ્યું છે.

છતાં ત્યાં સામનો કરવો કદી મૂકી દીધો ના છે,
પથે માથું દઈ દેવાતણો વારો શું આવ્યો છે !

હૃદય મર્દાનગી ત્યારે કૃપાથી ઊછળેલી છે,
બધાં સાહસ, નર્યાં જોખમ ન ત્યારે ગણતરીમાં છે.

મથામણના જ દરિયાનો ન છેડો ક્યાંય આવ્યો છે,
જીવંતું બાવડાંનું બળ મુસીબતથી મળેલું છે.

હરિઃૐ

## જગત સંસારવહેવારે સદા મથવાનું આવે છે

મથામણમાં મથામણની સતત દિલ જાગૃતિ રહે છે,
મથામણનો હૃદય હેતુ તહીં શો જાગતો રહે છે !

જગત સંસારવહેવારે સદા મથવાનું આવે છે,
શકે છટકી ન તેનાથી જીવનમાં કોઈ પણ સહેજે.

પડે મથવું જીવનમાં જ્યાં, સહી લેવું ઉમળકે તે,
થવા વિકાસનો હેતુ કૃપાથી તો ધરાતો છે.

થવા ફળવંતું **આ** જીવન હૃદય શો અગ્નિ સળગ્યો છે !
સતત એણે મથાવીને હૃદય ગોદાટી પ્રેરી છે.

હરિઃૐ

## મથામણ પ્રક્રિયામાંથી અમૃત, વિષ નીકળેલાં છે

મથામણ ને મથામણમાં જીવન આખું વિતાવ્યું છે,
'મથામણથી જીવનની શી ભૂમિકા !' તે જણાયું છે.

કદીક કાચો પડેલો છું, કદીક ઊંધો જણાયો છું,
કદીક પંથે સીધે ચઢતો, જુદું દર્શન જુદું જુદું.

સતત મથતાં, સતત મથતાં, હૃદય સૂઝતું ગયેલું છે,
મથામણ પ્રક્રિયામાંથી અમૃત, વિષ નીકળેલાં છે.

પચવવું વિષ સહેલું છે, પરંતુ દિલ પચવવાને
-રસામૃત તે જ મુશ્કેલ, કૃપાથી ત્યાં ફવાયું છે.

હરિઃૐ

## શરીરમાંની મથામણ શી સ્મરણ હરિનું કરાવે છે !

શરીરમાં વેદનાકેરા બહુ જ શા ઝાટકા લાગે !
શરીરને ઊંચુંનીચું શું કરાવી દઈ, શું ડોલાવે !

શરીરના રોમરોમે ને નસેનસમાં, રગેરગમાં
-ભયંકર કારમો કેવો શું ઉલ્કાપાત જાગ્યો ત્યાં !

શરીર કેવું જ સ્થૂળ માત્ર, શરીરની વેદના જે તે,
પ્રવેશાતી જતી અંદર પછી તોબા શી પુકરાવે !

કૃપાથી વેદનામાં તે **હરિનું** બળ ટકાવે છે,
શરીરમાંની મથામણ શી સ્મરણ **હરિનું** કરાવે છે !

હરિઃૐ

# જુદી જુદી ભૂમિકામાં જુદી જુદી મથામણ છે

જુદી જુદી ભૂમિકામાં જુદી જુદી મથામણ છે,
મથામણની શી પ્રક્રિયા જુદી જુદી વિશે તે છે !

મથામણ એક ભૂમિકાતણી જે બીજીને વિશે
-તફાવત ફેરફાર જ શો ! કશો ના મેળ બેસે છે.

મથામણ સૂક્ષ્મથી સૂક્ષ્મ થતી જે ઑર ત્યાં સૂક્ષ્મે,
કળાવાને ન બુદ્ધિની કશીયે શક્યતા ત્યાં છે.

છતાં જ્યાં ભક્તિનો રંગ જ પ્રવેશે બુદ્ધિને વિશે,
થતી બુદ્ધિ તદાકાર જહીં તે ભક્તિના રંગે,
પરિવર્તન પૂરેપૂરું થતું જ્યાં બુદ્ધિનું એવું,
થતી બુદ્ધિ શી ત્યાં પ્રજ્ઞા, બધું ત્યારે પમાયે છે.

હરિઃૐ

## પ્રભુપ્રીત્યર્થ કર્મોને જીવનમાં તો સ્વીકાર્યાં છે

મથામણને મથામણમાં જીવન હોમાઈ ગયું જે છે,
જીવનના હેતુને તેમાં હૃદય જીવંત રાખ્યો છે.

જીવનનો હેતુ એ જ્ઞાન ધરાતાં જે થકી તે તે,
ખરેખર ભક્તિની તે તો કળાની શી કરામત છે !

થવા સાકાર હેતુને હૃદયનો ભાવ જીવનમાં,
મહત્ત્વ કર્મનું સાચું હૃદય સમજાઈ જાયે તે.

પ્રભુપ્રીત્યર્થ કર્મોને જીવનમાં તો સ્વીકાર્યાં છે,
દૃઢવવા હેતુ ને ભાવ જીવનમાં કર્મ સાધન છે.

હરિઃૐ

## ધપાવા ઊર્ધ્વ પથ હૃદયે મળ્યું શ્રદ્ધાનું બળ મુજને

મથામણની કરામતથી હૃદય ગમવા જ માંડ્યું છે,
મથામણની શી અથડામણ બહુ વેળા જ પ્રગટી છે !

હૃદય તેમાંથી જીવંતો ખરો વિશ્વાસ ઊગ્યો છે,
ધપાવા ઊર્ધ્વ પથ હૃદયે મળ્યું શ્રદ્ધાનું બળ મુજને.

અતૂટ પાછું અખૂટ કેવું અણીવેળા ટકાવે છે !
છતાં કોઈક વેળાયે ભૂલો ક્યાંક થયેલી છે.

છતાં સેવ્યા વિના દિલમાં હતાશા સહેજ પણ ક્યાંયે,
શીખી લઈ બોધનો પાઠ, જીવન આગળ ધપેલો જે.

હરિઃૐ

## નીચે પડવાનું સહેલું છે, ઊંચે ચઢવાનું અઘરું છે

નીચે પડવાનું સહેલું છે, ઊંચે ચઢવાનું અઘરું છે,
ઊંચે ચઢવાની જીવનમાં શી ગડમથલ થયેલી છે !

હૃદય મથતાં, સતત મથતાં, અભિરુચિ શી મથવામાં !
કૃપાથી દિલ જાગીને મથાવ્યા શો કરાવ્યો છે !

ઊંચુંનીચું થવાયું છે, ઊંધુંચત્તું પડાયું છે,
છતાં મથવાનું ઊર્ધ્વેનું ન તે પડતું મુકાયું છે.

ઊથલપાથલની જીવનમાં મથામણ ઉગ્ર જાગીને,
વમળમાં નાખિયો, તોયે ન મેં મથવાનું છોડ્યું છે.

હરિઃૐ

## જીવનમાં જાગવા અર્થે સતત સાધન થયેલાં છે

જીવનનું ધ્યેય જે વેળ હૃદય નિશ્ચિત થયેલું છે,
મથામણની બહુ રૂપે શરૂઆત જ થયેલી છે.

વિના જાગ્યા હૃદય ભાવ કદી પણ તે ન ખીલતો છે,
જીવનમાં જાગવા અર્થે સતત સાધન થયેલાં છે.

થતાં સાધનથી જીવનમાં મથામણની શી ઉલઝન જે
-સતત પ્રગટ્યા કરી કરીને વલોવી નાખ્યું જીવન છે !

અનેક પરંપરાઓ શી ઝઝૂમવાની મળેલી છે,
કૃપાથી સામનો સૌનો હૃદય રંગતથી ખેલ્યો છે.

હરિઃૐ

## મથામણની ભૂમિકામાં સતત જીવવું થયેલું છે

જીવનમાં કોઈ ના ગાળો મથામણ કૈં વિનાનો છે,
મથામણની ભૂમિકામાં સતત જીવવું થયેલું છે.

હૃદય મથવાતણો યજ્ઞ જીવનમાં આદરાયો છે,
શી આહુતિ સતત તેમાં અપાયા તો ગયેલી છે !

બહુવિધની જ આહુતિ નદીનાં પૂરની પેઠે
-શી ઓચિંતી ફૂટી નીકળી ગઈ હોમાઈ યજ્ઞે તે !

મથામણ સ્થૂળથી સૂક્ષ્મ શી સૂક્ષ્માતીત પોતે છે !
મથામણનું સ્વરૂપ ત્યારે મથામણનું ન ત્યાં રહે છે.

હરિઃૐ

# ભયંકર શી મથામણની જીવનમાં ઝડીઓ વર્ષી છે !

ભયંકર શી મથામણની જીવનમાં ઝડીઓ વર્ષી છે !
છતાં ડગી ના જવાયું તે, કૃપા કેવી **હરિ**ની તે !

મથામણમાં ગૂંચો કેવી કંઈક તે વાર જાગી છે,
વિમાસણમાં મને ત્યારે મૂકી એણે દીધેલો છે.

પથે ત્યારે શું પછડાવાપણું કેવું થયેલું છે !
થવા ઊભો કૃપાએ ત્યાં મદદ કેવી કરેલી છે !

મથામણની ભયંકર તે જીવનની દુર્દશા વચ્ચે
-કૃપાએ બંસરીસૂરથી હૃદય સાવધ બનાવ્યો છે.

હરિઃૐ

## હૃદયનો ભાવ ઉદ્‌ભવવા સતત કેવો મથેલો જે !

**हरि**ના સ્મરણનું ધ્યાન ટકેલું ના રહેતું તે,
હૃદયના ભાવનું જોશ ટકે ના એકધારું જે.

સ્મરણમાં તો ભલીવાર હૃદયના ભાવ લીધે છે,
હૃદયનો ભાવ ઉદ્‌ભવવા સતત કેવો મથેલો જે !

બધો ઈતિહાસ ક્યાં કથવો ? પડી શી શી મથામણ છે !
બધી પ્રકૃતિ માયાથી બહુ વાર જ ભુલાયું છે.

છતાં પકડેલ નાડું જે કદી મેં તો ન છોડ્યું છે,
સતત તે રાખી પકડીને **हरि**ને દિલ વલોવ્યો છે.

હરિઃૐ

## છતાં મથતાં જ મથતાંમાં જરૂર અંત જ પ્રગટશે તે

સ્મરણની નિત્ય ઝડીઓથી હૃદયમાં ભાવઉન્મેષ
-વધ્યા કેવો જતો લાગ્યો ! **હરિ**માં તેથી તો લક્ષ.

છતાં એકધારું ના ટકતું, કદીક શું વચ્ચે વચ્ચે તે
-તૂટી જતું લાગતાં કેવો, પડે દિલ ધ્રાસકો ભારે !

સચેતન શો થઈ ફરીથી શું મથવામાં શૂરાતનને
-લગાડીને, લગાવીને ચઢ્યો શો રણ હું મેદાને !

મથ્યા નિજ જાતથી કીધું, ભલે આરો જ છો ના'વે,
છતાં મથતાં જ મથતાંમાં જરૂર અંત જ પ્રગટશે તે.

હરિઃૐ

# હૃદયનું લક્ષ જીવંતું ધર્યું છે નાસિકાગ્રે તે

મથામણની જુદી જુદી પરંપરા જીવનમાં તે,
બહુ વેળા, બહુવિધની અનેકે રીત જાગી છે.

પરંતુ તે બધી વેળા ભલેને છો મથામણ હો,
હૃદયની જાગ્રતિ, હેતુતણી ના કૈં તૂટેલી તો.

જીવનવિકાસ સંગ્રામે, મહત્ત્વ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ
-ખરેખર સભાનતાનું છે, હૃદય તે ચોંટ્યું છે લક્ષ.

સતત બસ એકધારું જે નિશાનબાજ થઈ હૃદયે
-હૃદયનું લક્ષ જીવંતું ધર્યું છે નાસિકાગ્રે તે.

હરિઃૐ

## સતત બસ એનું એ હૃદયે રટણ ચલવ્યા કરેલું છે

જીવનમાંના જુદા જુદા તબક્કાઓ વિશે મુજને
-ટકવવા ભાવ હૈયાનો, તપશ્ચર્યા કરી શી છે !

સતત બસ એનું એ હૃદયે રટણ ચલવ્યા કરેલું છે,
ન બીજે ક્યાંય જોયું છે, સ્મરણમાં લક્ષ પ્રેર્યું છે.

પ્રક્રિયા તે મથામણની અનેકેવિધ જાગી છે,
છતાં હિંમત, ધીરજ ધરીને રહ્યો હું વળગી ધ્યેયે તે.

થવાતાં કેટલીક વાર શું નાસીપાસ ! તોયે તે
-પકડી નાડું જ રાખીને, લગાતાર જ મથેલો જે.

હરિઃૐ

## જીવનમાં ધૂન તેજસ્વી પ્રકારે મસ્ત પ્રગટેલી

મથામણ કેવી કરવાની અનુભવવા **હરિ**ને તે
-જરા સરખુંય તે ભાન નહોતું દિલ મારે કૈં !

પરંતુ દિલ તમન્નાનો ઊછળતો ધોધ વહેતો'તો,
પ્રવેશી બુદ્ધિમાં તેણે જવા માર્ગ જ બતાવ્યો'તો.

જીવનમાં ધૂન તેજસ્વી પ્રકારે મસ્ત પ્રગટેલી,
સતત જેમાં અને તેમાં પરોવાયેલ મન, મતિ, તે.

થતાં એકાગ્રતા તેમાં, થયાં વળતાં જ પાણી તે,
પછીથી તો હૃદય લગની થતાં ના વાર લાગી છે.

હરિઃૐ

## મથામણ દિલ જાગંતાં, કંઈક સમજણ ઊગી શી ત્યાં !

શરૂ શરૂમાં જીવનનું તો નહોતું ભાન સરખુંયે,
શરીરને રોગ પ્રગટાવી સ્મરણ લેતો કરાવ્યો છે.

પરંતુ તે સમય હૃદયે જીવનનું ભાન જાગ્યું ના,
મથામણ દિલ જાગંતાં, કંઈક સમજણ ઊગી શી ત્યાં !

પછીથી રંગ ન્યારો તો અનોખો ઑર પ્રગટ્યો છે,
ઝલક, ઝબકારો ઓચિંતો પ્રયત્ને ફૂટી નીકળ્યો છે.

જીવનના પંથના વેગે પછીથી ભવ્ય ચમકારો
-ગગનમાં સૂર્ય તારક તે પ્રમાણે ઝળકી ઊઠ્યો શો !

હરિઃૐ

## જીવનવિકાસનો હેતુ ફલિત સંપૂર્ણ બનવાને

જીવનવિકાસનો હેતુ ફલિત સંપૂર્ણ બનવાને,
શી પારાવાર જહેમતની વહોરી છે મથામણને !

મથ્યા કરતાં, મથ્યા કરતાં, કશું જ્યારે ન ફાવ્યું છે,
નિરાશા ઘોર વ્યાપીને કૂંડાળે શું પડાયું છે !

બહુ રીતે મથી મથીને નીકળવાને મથેલો છું,
છતાં ઊલટો વધારે ને વધારે ગૂંચવાયો છું.

પરંતુ તે પળેયે હું પડી ખાલી રહ્યો ના જે,
મને જે આવડ્યા તેવા પ્રયત્નો સૌ કરેલા છે.

હરિઃૐ

## જીવનના ધ્યેયની લગની હૃદય જેને ભભૂકે છે

સતત મથતાં, સતત મથતાં, નિરંતર જે રહેલો છે,
જરૂર તેને જીવનમાં તો મળે મથવાનું ફળ જે તે.

સતત મથવાની પાછળ જો હૃદયમાં હેતુ કેંદ્રિત છે,
જરૂર તે આજ કે કાલ ફળ્યા વિના ન રહેશે તે.

જીવંતો એકધારો તે મથામણમાં જ ટકવાને,
ઊંડો હેતુ શું તે અર્થે મરણિયો ટેક જરૂરી છે.

જીવનના ધ્યેયની લગની હૃદય જેને ભભૂકે છે,
સતત પુરુષાર્થની ભઠ્ઠીમહીં શો પાકતો રહે તે !

હરિઃૐ

## સતત મથતાં રહેવાથી હૃદય સમજણ પડેલી છે

સતત મથતાં રહેવાથી હૃદય સમજણ પડેલી છે,
'હૃદય મથવાની પાછળ જે, જીવંતો હેતુ તે ફળશે.'

બધું જે કંઈ થતું રહે તે વિશે સભાનતા હૃદયે
-શી જાગ્રત હેતુની ભાવે કૃપાથી તો રખાઈ છે !

જુદા જુદા પ્રસંગોમાં જુદી જુદી રીતે ત્યારે,
સહેતુક આવ્યું મથવાનું, બન્યું તેથી જ ચઢવું તે.

પ્રક્રિયા જે મથામણની સતત ચાલ્યા કરેલી છે,
ફૂલીફાલી જીવન તેથી જીવન વહેતું થયેલું છે.

હરિ:ૐ

## સતત મથવાની જહેમતમાં શી જાગૃતિ હેતુની તો છે!

સતત મથવું પડેલાની જીવનકથની ચરણકમળે,
નિવેદન મુક્ત કરવાની જીવનપળ શી મળેલી છે !

શી એકની એક તે વાતે બહુ વેળા કહ્યાં કરી છે,
છતાં તે એકની એક શી રામાયણ જીવનની છે !

કૃપાએ કેવી કેવી તે રીતે ઊંડું મથાવ્યું છે !
મથાવ્યાની રસમ જુદી જુદી રીતની બહુ બહુ તે !

પરસ્પરથી નિરાળી જે કદી ના એકસરખી તે,
છતાં સમગ્રતામાં પદ *વળી એકંદરે હૃદયે.

સતત દિલની જહેમતથી પરિણામ જ રૂપાળું છે,
સતત મથવાની જહેમતમાં શી જાગૃતિ હેતુની તો છે !

* વળી=વળેલી

હરિઃૐ

## **હરિની ભાવના સજ્જડ શી જકડી દિલ રાખી છે !**

મથામણ જુદી જુદીમાં જુદી જુદી રીતની જે જે,
બધીયે વ્યૂહની રચના જીવનમાં જુદી જુદી છે.

મથામણ કામ, ક્રોધાદિકતણી જે સર્વ પ્રગટી છે,
જીવનમાં તે પળે ઊંડી હૃદયથી પ્રાર્થના થઈ છે.

જહીં તે પળ જીવન ભાંગી જવાની શી અણી પર છે !
થતી મહેનત કરી જોતાં કશું તહીં ના ફવાયું છે.

ભલે તૂટી જવાતું છો, ન પરવા દિલ ધારી તે,
**હરિ**ની ભાવના સજ્જડ શી જકડી દિલ રાખી છે !

હરિ:ૐ

## જીવનમાં શીખવી તે તો ખરેખર જાય છે નિશ્ચે

જ્યહીં મથવા વિશે હેતુ રહેલો જ્ઞાનપૂર્વક જે,
જીવનમાં શીખવી તે તો ખરેખર જાય છે નિશ્ચે !

ગમે તેવું ભલે છોને પરંતુ તે વિશે હેતુ
-રહેલો દિલનો કેવો ! બધો આધાર તે પર શો !

જીવનમાં હેતુને મુખ્ય જ મહત્ત્વે અગ્રમાં અગ્ર,
બધે જેમાં અને તેમાં જીવંતો ધારી રાખ્યો છે.

જીવનનો હેતુ અંતરનો થવા સાધનના અભ્યાસે,
સતત જલતો રહેવાથી, જીવન તેથી રળાયું છે.

હરિ:ૐ

## શ્રીસદ્‌ગુરુનો હુકમ હૃદયે સ્વીકારાયો જ, 'મથવું' તે

સતત લડવાનું જીવનમાં અમારે ભાગ્ય આવ્યું છે,
જીવનની સર્વ ભૂમિકાતણો ઈતિહાસ એવો છે.

ગરીબાઈથી માંડીને અમીરાઈ સુધીનો જે
-જીવનનો કાળ શો નોખો ! મથામણનો બધો તે તે.

જીવનની સાધના વિષયે પ્રવેશાયું હતું જ્યારે,
શ્રીસદ્‌ગુરુનો હુકમ હૃદયે સ્વીકારાયો જ, 'મથવું' તે.

જીવન ટકવા નભવવાને શું પોષણ જે મહત્ત્વે છે !
ફળવવા ધ્યેય મથવાનું જીવનમાં તો જરૂરી છે.

હરિઃૐ

## હૃદય ભક્તિથી સ્વીકારી મથામણ સૌ ઝીલેલી છે

ગરીબીમાં મથાયું જે, હતું રળવા જ અર્થે તે,
જુવાનીમાં મથાયું જે જીવન રળવા થયેલું, તે.

હૃદયમાં ભાવના જીવતી થતાં તે તે મથામણમાં
-જીવનશિક્ષણનું જે મૂળ, પ્રકાશ્યું ત્યાં અનુભવમાં.

મથામણ જ્ઞાનપૂર્વક જે જીવનહેતુ ફળવવાને,
હૃદય ભક્તિથી સ્વીકારી મથામણ સૌ ઝીલેલી છે.

મથામણ સૂક્ષ્મ ભૂમિકા વિશે પ્રગટેલ છે જે જે,
ભુલાવામાં શું નાખી દે ! છતાં **हरि**એ બચાવ્યો છે.

હરિઃૐ

## જીવનસંગ્રામ લઢવાની, મરણિયા થઈ ઝુકાવ્યું છે

પ્રક્રિયા જે મથામણની જીવનવિકાસ હેતુની,
જીવનસંગ્રામ લઢવાની, મરણિયા થઈ ઝુકાવ્યું છે.

કશુંય બાકી ન રાખ્યું છે, બધું હોડે મૂકેલું છે,
તસુ તસુ જીતી જીતીને જવા આગળ મથેલો જે.

જતાં આગળ, કદીક પાછું પડાતાં જોશ ઘટતું છે,
ભિડાવી દમ, ભિડાવી દમ, ફરીથી પડતું મેલ્યું છે.

કૃપાકર તુજ સતત પાસે જીવનમાં શો નિહાળીને !
અભય થઈ મસ્ત નિશ્ચિંત ચરણને સાહી લીધા છે.

હરિઃૐ

## સતત મથતાં જતાં રસ્તો મળ્યો કેવો સરળતામાં !

ભયંકર શી મથામણની જહીં પળ આવી પહોંચી છે !
નીકળવા માર્ગનું ચિંતવન ઊંડું ઊંડું થયેલું છે.

ન કંઈ ઉપાય જડિયો છે, ન કંઈ ઉકેલ મળિયો છે,
ન ત્યાં કંઈ માર્ગ લાધ્યો છે, મથામણમાં શી આફત છે !

પરંતુ નિત્ય મથતું તે રહેવાતાં, રહેવાતાં,
'કંઈક માર્ગ નીકળવાનો' હૃદય નિશ્ચય શો પાકો ત્યાં !

શું અથડાતાં, કુટાતાંમાં, અહીંથી તેમ અફળાતાં,
સતત મથતાં જતાં રસ્તો મળ્યો કેવો સરળતામાં !

હરિઃૐ

## શી ડૂબતી પળ જીવનનાવ ! હરિ તું દોડી પહોંચ્યો છે

પડાપડીમાં જીવનની તે રફેદફે થવાયું છે,
અવ્યવસ્થા સાવ સંપૂર્ણ થવાતાં, ગજ ન ખાધા છે.

બધીયે યોજનાબદ્ધ જીવનની કારીગીરીને
-તૂટી પડતાં, તૂટી પડતાં, નરી આંખે નિહાળ્યું છે.

થતાં બેહોશ સંપૂર્ણ હૃદયથી સાદ દેવાને
-**હરિ**નેય થયો છું, ત્યાં શું ગૂંચવાઈ જવાયું છે !

કશું જ વિચારવાનીયે કરામત જ્યાં ઊડી ગઈ છે,
શી ડૂબતી પળ જીવનનાવ ! **હરિ** તું દોડી પહોંચ્યો છે.

હરિઃૐ

## છતાં પાછો ફરી ફરીને, થયો ઊભો મથી મથી ત્યાં

ગયો છું હારી હું જીવન, જીવનમાં કેટલી વેળા,
છતાં પાછો ફરી ફરીને, થયો ઊભો મથી મથી ત્યાં.

જતાં હિંમત કદીક હારી જીવનમાં ખોઈ બેઠો છું,
તહીં બેલી ન કોઈ બીજો **हरि** વિના જીવનમાં તો.

જીવનમાં ભીડવા હામ પ્રસંગો શા મળેલા છે !
પૂરું કૌવત કૃપાથી ત્યાં લગાવા, લક્ષ કીધું છે.

શું ફુરચેફુરચા કેવા તહીં ઊડી ગયેલા છે !
છતાં ફક્કડ ઊંચું માથું ધરી, લડવા ઊભેલો જે.

હરિઃૐ

## શી છાનીછપની તળિયેથી ઉખેડાવા મથાયું છે !

પડ્યું છે કામ જીવનમાં, તહીં જે સાથી સંગી છે,
વિરોધી તે છતાં પાછા જીવનમાં શા ભળેલા છે !

બધીયે તેમની પાકી થયેલી કિલ્લેબંધી જે,
શી છાનીછપની તળિયેથી ઉખેડાવા મથાયું છે !

પૂરેપૂરું જ અંતરનું હૃદયબળ યોગ્ય સંપૂર્ણ
-જમાવાને જ એકાગ્ર, થવાયું ત્યાં શું કેંદ્રિત !

ખરાખરીના જ જંગે જ્યાં કપાવાઈ જવા વારે
-શું પ્રગટંતાં જ ઓચિંતો ફૂટી નીકળ્યો **हरि** ત્યાં શો !

હરિઃૐ

## જવા હારી પળે, કેવી નવી શી ચાલ સૂઝી છે !

જીવનમાં હારતી બાજી, જીતી લેવા કરામતને
-લગાડી છે પૂરેપૂરી, કંઈક આશા શી પ્રગટી છે !

શું પગમાં જોર ઊભર્યું છે ! રગેરગ તાન વ્યાપ્યું છે,
નસેનસ લોહી ઊકળ્યું છે, હૃદય બસ બાજી જીતવાને.

ફરીથી ગોઠવી બાજી વ્યવસ્થા યોગ્ય નીરખીને,
બરાબર યોગ્ય પ્યાદાંને ચલવવા ચાલ રાખી છે.

ધડાધડ ત્યાં કઈ રીતે રમત ઊંધી રમાઈ છે,
જવા હારી પળે, કેવી નવી શી ચાલ સૂઝી છે !

હરિ:ૐ

## નિવેદન ને સમર્પણની હૃદયગાથા રસીલી છે

જીવનની સૌ મથામણની જીવનકથની અમારી જે
-**हरि** વિના બીજા કોઈને ન તેની જાણ ક્યાંયે છે.

**हरि**ને તો જીવનનું સૌ કહ્યાં કરવાનું રાખ્યું છે,
નિવેદન ને સમર્પણની હૃદયગાથા રસીલી છે.

**हरि**ના માર્ગને ચીલે સતત બસ ચાલવાનું છે,
જહીં પથ આડફંટાતો, હૃદય પૂછવાનું રાખ્યું છે.

પૂછી પૂછીને **हरि** તારો પૂરો દમ કાઢી નાખ્યો છે,
છતાંયે શી રહમ તારી જરા પણ ઓછી ના થઈ છે !

હરિઃૐ

## મથામણ ઊર્ધ્વની સૂક્ષ્મે હરિએ શો તરાવ્યો છે !

જીવનમાં શાં ભયંકર જે મહા વિપત્તિ, સંકટેય
-જહીં ઊપજેલ છે, ત્યારે **હરિ**ની યાદ લાગી છે.

બરાબરીના પ્રસંગે તે **હરિ** સ્મરવાનું સ્ફુર્યું છે,
ધબકતા દિલ ઉમળકાથી **હરિ** શો દિલ પ્રગટ્યો છે !

ભયંકર તે મુસીબતમાં **હરિ** પડખે રહેલો છે,
હૃદયના તે અનુભવથી શી સંપૂર્ણ નિરાંત જ છે !

**હરિ**ની ભાવનામાં દિલ નિરંતર તેથી જીવતું છે,
મથામણ ઊર્ધ્વની સૂક્ષ્મે **હરિ**એ શો તરાવ્યો છે !

હરિઃૐ

## **हरि** શો એકલો માત્ર ધણીધોરી જીવનનો છે !

**हरि**, **हरि** બૂમ ખાલી ના, અમે પાડ્યા કરેલી છે,
જીવનનો પ્રાણ આધાર **हरि** પ્રત્યક્ષ પોતે છે.

**हरि**થી તો જિવાયે છે, **हरि**થી તો ટકાયે છે,
**हरि** શો એકલો માત્ર ધણીધોરી જીવનનો છે !

**हरि** વિના ઘડી પળયે જીવનમાં તો ગમે છે ના,
**हरि**થી તો જીવનમાં શો નર્યો આનંદ ઝરતો ત્યાં !

મથામણમાંથી **हरि**એ શો જીવનમાં માર્ગ બતલાવી !
**हरि**એ આંગળી પકડી તરાવી શો દીધો ! તાવી.

હરિઃૐ

## થવા સંપૂર્ણ, જીવન તે વિશે કેવું મથાયું છે !

દયાની માગણી મારે ભલે કરવાની ના તુજને,
છતાં વિશ્વાસ, 'શી તારી કૃપા જ્યાં ત્યાં છવાઈ છે !'

જીવન ડૂબવાની છો પળ હો, જીવન મૃત્યુ ભલે આવે,
સ્વીકાર જ સર્વ પરિસ્થિતિ હૃદય કરવા શું મજબૂર છે !

કૃપાની યોગ્યતા જ્યારે જીવનની સૌ પ્રકારે તે
-પરિપક્વ જ યથાર્થ જ્યાં, થતાં, શી વરસવાની તે !

હૃદય શી તેવી સમજણનો પૂરો પાયો જ મજબૂત છે !
થવા સંપૂર્ણ, જીવન તે વિશે કેવું મથાયું છે !

હરિઃૐ

## શરૂથી આજ પર્યંત મળ્યાં સંકટ કરેલાં છે

મથામણની પરિસ્થિતિ બહુ વેળા જ પ્રગટી છે,
ડરામણી, કારમી કેવી ભયંકર ભયભરેલી તે !

જીવન સંકટની વેદી પર પૂરું હોમાઈ ગયેલું છે,
શરૂથી આજ પર્યંત મળ્યાં સંકટ કરેલાં છે.

મળ્યું જે તેથી, સંપૂર્ણ ઉપરવટ તો થવા કાજે,
મળ્યાનો હેતુ ધારી તે કૃપાથી આચરાયું છે.

કૃપાબળનો સતત કેવો લીધેલો આશરો હૃદયે !
વીલો એણે ન મૂક્યો છે, જીવનનો ભેરુ **हरि** શો છે !

હરિઃૐ

## મથામણથી મળેલું છે, નૂતન, નૂતન જીવનનું જે

જીવનની કામયાબીની ખબર મુજને પડેલી છે,
મળી હીરાની જે ખાણ હાવાં શી રીતે છોડું તે !

મથી મથીને ઊંડે ઊંડે હજી ઊંડે શું ઊતરીને
-શું કોટી કોટી ભંડોળ થકી સંશોધવાનું છે !

મળી છે રૂપરેખા સૌ ઊંડેરાં રત્ન દોલતની,
મનાદિ મસ્ત લોભાઈ પડ્યાં પાછળ ઊછળી ઊછળી.

મથામણનો ન છેડો છે, મથામણની ઊગી સૂઝ છે,
મથામણથી મળેલું છે, નૂતન, નૂતન જીવનનું જે.

હરિઃૐ

## મળ્યો લહાવો શું મથવાનો ! જીવનઅમૃત ચખાડે તે

‘જીવનમાં થોડું છોડીને ચહે લેવા વધારે જે,
વધારે હાથ ના’વે ને, જતું રહેતું જ થોડું તે’.

મળેલું શીખવા દિલ તે હૃદય તેથી મળે જે જે,
અનુભવ લઈ લીધા કેડે જવું આગળ પથે નિશ્ચે.

અનંતાનંત **આ** પંથ ન છેડો ક્યાંય એનો છે,
અનુભવના નિચોડેથી બધું તે જાણી લીધું છે.

મથી મથીને સતત નિશ્ચે જીવન ધપતા જવાનું છે,
મળ્યો લહાવો શું મથવાનો ! જીવનઅમૃત ચખાડે તે.

હરિઃૐ

## જીવનનો ભવ્ય આદર્શ મથામણથી સધાયે છે

થયું નિશ્ચિત ઠેકાણું જીવનમાં આંબવાનું છે,
મથામણ કેટલી કેવી શી અપરંપાર કીધી છે !

કદીક જ્યાં અંત આવેલો નજીકમાંનો નજીક શો છે !
પહોંચાતાં તહીં આગળ, ક્ષિતિજ શી દૂર લાગે છે !

વળી ત્યાં પહોંચવાકેરી કર્યાં કીધી મથામણ છે,
જીવનમાં કેટલા પલટા શું અણધાર્યા જ આવ્યા છે !

કળા અદ્‌ભુત મથામણની નવું નવું ઉપજાવે છે,
જીવનનો ભવ્ય આદર્શ મથામણથી સધાયે છે.

હરિઃૐ

## ન કેમેયે મૂકી દેજે, ઊગે આગળનું તેને તે

કદીક અટવાઈ પડેલો છું, કદીક ગૂંચાઈ ગયેલો છું,
કદીક નાખ્યા ન હાથ પહોંચ્યા છે, છતાં મથતો રહેલો છું.

કદીક મથતાં, કદીક મથતાં, મથામણમાં હું અટક્યો છું,
જવાવા આગળે રસ્તો ન શોધી હું શકેલો છું.

થતું જે એકના એક જ વિશે રોકાઈ જવાઈને,
ન આગળનું કશું સૂઝ્યું, કર્યા શા ધમપછાડાયે !

પરંતુ નિત્ય મથવાનું ગમે તેમ જ થતાં તોયે,
ન કેમેયે મૂકી દેજે, ઊગે આગળનું તેને તે.

હરિઃૐ

## થવા તરતા મથામણ તો શી અપરંપાર કીધી છે

પગથી ઊંચીનીચી વિશે, કદીક ખાડીખીણો વિશે,
ઉપરનીચે શું પછડાવું જીવનનું તો થયેલું છે.

'સલામતીમાં જીવનકેરું કશું ઘડતર થતું ના છે',
સમજ તે દિલ ઊગવાથી મળ્યું અવળું વધાવ્યું છે.

જતી જ્યાં ખોટ જીવનમાં ખરી તે દિલ અનુભવી છે,
થવા તરતા મથામણ તો શી અપરંપાર કીધી છે !

નિરાશા છો કદીક આવી છતાં દિલ તો મથામણથી
-વિખૂટું ના પડેલું છે, અભીપ્સાની ખૂબી એવી !

હરિઃૐ

## કદીક જીવનમાં મથવાનું ભયંકર રીત આવ્યું છે

કદીક જીવનમાં મથવાનું ભયંકર રીત આવ્યું છે,
થવાતાં સૂમસામ જ ત્યાં ન બુદ્ધિ ઝાઝી સૂઝી છે.

ઉકેલ જ યોગ્ય કરવાનું ન ત્યારે કંઈ બનેલું છે,
શું અંતરમાં ને અંતરમાં મૂંઝાવાનું થયેલું છે !

**हरि**ને દિલ સ્મરી સ્મરીને ચરણ ત્યારે હૃદય મનને
-પરોવીને, પરોવીને થયેલી પ્રાર્થના દિલ છે.

કૃપાથી કેવું અજવાળું મતિમાં ઊપજેલું છે !
પછીથી તો બધું જે તે સુતરું ઊકલી ગયેલું છે !

હરિઃૐ

# કદીક હિંમત હઠી જાય મથામણ એવી આવી છે

જવા મથતાં જીવનમાં કંઈ પડેલું ફેણ કેવું તે !
કદીક હિંમત હઠી જાય મથામણ એવી આવી છે.

સતત પગ મુજ ધરા પર ત્યાં ટકી શકવા નિરંતર તે,
વલણ, વૃત્તિ અને દૃષ્ટિ દઢાવામાં પરત્વે તે.

કૃપાબળ ઓથ **હરિ**નીથી જીવન વિકસાવવાને તે,
કંઈ પણ આડુંઅવળું તે વિના જોયા મથાયું જે.

**હરિ**ની મહેરબાનીથી જીવનવ્રત પાળવાનું તે,
જીવનનો ટેક સંપૂર્ણ શું સચવાયો ખરેખર તે !

હરિઃૐ

## કર્યાં કીધું કૃપાથી છે, મથામણ શી પડેલી છે !

જીવન વિકસાવવાનું તે ધીરજ, હિંમતને હડસેલે
-કર્યાં કીધું કૃપાથી છે, મથામણ શી પડેલી છે !

ગુણો જીવનના સર્વોત્તમ બધા ઉપયોગ લાગ્યા છે,
ગુણોની શક્તિ મર્યાદા થતાં ઉપયોગ બઢેલી છે !

થયું જ્યાં જ્યાં પથે મથવું હૃદય ઉપયોગનો હેતુ,
હૃદયનો ભાવ તે વિશે થયું કેવું દઢાવાનું !

‘હૃદયમાં યાદ **હરિ** વિના ઘડી પળ પણ ન ચાલે છે’,
થવા અભ્યાસ એવો તે લગાતાર જ મથાયું છે.

હરિઃૐ

## સતત કેવું મથાવે તે, અનુભવી એક પ્રીછે તે !

શરૂ શરૂમાં મથામણમાં ન સાહજિકતા ઊગેલી છે,
ન વાસ્તવિકતા કશી પણ છે, મથ્યા તોયે ગયેલો જે.

મથ્યા કરતા રહેવાથી અભિગમ તે પરત્વેનો
-અભિરુચિયુક્ત જીવનમાં કૃપાથી તો થયેલો શો !

અભિરુચિયુક્ત અભિગમ જ્યાં જીવન સળગી ગયેલો છે,
સતત કેવું મથાવે તે, અનુભવી એક પ્રીછે તે !

ન રોકાવા કશે દીધો કંઈ જ આરામ કરવાને
-કશી તક આપી ના એણે સતત મંડાવ્યે રાખ્યું છે.

હરિઃૐ

## થયું મુજથી, તહીં શક્તિ ખરી સંપૂર્ણ હરિની છે

વલણ શાં પ્રકૃતિકેરાં જીવનમાં ઉદ્‌ભવેલાં છે !
તણાવાઈ જવાને ત્યાં પ્રચંડ જ પૂર વહેતું છે.

ખળાઈ ખંચકાઈ તે જવાનું સામને તેની,
ભગીરથ દિલ તાકાત કશી મુજમાં ન છે એવી.

પરંતુ નાથ જીવનનો જીવન રખવાળ મારો જે,
તણાવા તે વિશે મુજને જરા પણ ના દીધેલો છે.

મથાવાનું ભયંકર તે ભૂમિકા દુર્દશા વિશે
–થયું મુજથી, તહીં શક્તિ ખરી સંપૂર્ણ **હરિ**ની છે.

હરિઃૐ

## વફાદારી જ છે જેમાં, સફળ તે થાય છે નિશ્ચે

મથી મથીને, ફરી ફરીને, જીવનને દોહી દોહીને,
હું તારવવા મથેલો છું, છૂપું જીવનનું નવનીત જે.

પરંતુ આવવું સહેલું ઉપર તે એકદમ ના છે,
કરોડો મણ મથામણની થયેલી હારમાળા છે.

જતાં મથતાં, જતાં મથતાં, સમજ મળતી ગયેલી છે,
જીવનમાં વર્તવા યોગ્ય સમજ ઉપયોગ આવી તે.

હૃદય જે કર્મની પાછળ પ્રમાણિકતા સહેતુક છે,
વફાદારી જ છે જેમાં, સફળ તે થાય છે નિશ્ચે.

હરિઃૐ

## સચેતન સ્વસ્થતા પૂર્ણ કૃપાથી તો થયેલી છે

બગડતું જ્યાં બધું લાગે કશી કારી ન ફાવે છે,
બહુ મથતાં છતાંયે ત્યાં ઊંધું પડતું જ લાગે છે.

બધા ત્યાં યત્ન મૂકીને થવા સ્વસ્થ પૂરેપૂરું,
કૃપાથી ત્યાં મથાયું ને **હરિ**માં ચિત્ત શું પ્રોયું !

**હરિ**ને પ્રાર્થના દિલથી હૃદયનાં આંસુ પાડીને
-થયા ગઈ એકધારી શી ! મળેલી સ્વસ્થતા ત્યારે.

અનેકે વાર એવા શા અનુભવથી થયેલા તે,
સચેતન સ્વસ્થતા પૂર્ણ કૃપાથી તો થયેલી છે.

હરિઃૐ

## લગાતાર જ થયા કરતાં શી નિષ્ઠા દિલ પ્રગટી છે !

મથામણની પળે ત્યારે જીવનના ધ્યેય પ્રત્યેનું
-હૃદય જાગ્રત રહેવાતું કૃપાની શી નિશાની તે !

પળેપળની તકેદારી કમાવાની ગરજ હૃદયે
-જીવનમાં લાગી ઉત્કટ જે ખરી તેથી રખાઈ છે.

થવાને ધ્યેય સાકાર થયાં સાધન કૃપાથી જે,
લગાતાર જ થયા કરતાં શી નિષ્ઠા દિલ પ્રગટી છે !

થતાં કર્મે ભલીવાર જ નવું ચેતન જીવન ઊગે,
બધું પરિણામ નિષ્ઠાનું ખરેખર તે જીવનનું છે.

હરિઃૐ

## ઊઠ્યા એવાય સંકલ્પ ગગન જેણે ચગાવ્યું છે

શું સંકલ્પો વિકલ્પોયે જીવન વિશે ઊઠેલા છે !
જીવન ઘડવા વિશે એનો પૂરો ઉપયોગ લીધો છે.

પવન ને દોર ફાવટથી પતંગ પેર જીવનને
-ઊઠ્યા એવાય સંકલ્પ ગગન જેણે ચગાવ્યું છે.

નકારાત્મક વલણથી ત્યાં જતાં શો આડફંટે તે
-લગન લગનીતણીથી શું કૃપાથી ત્યાં બચાયું છે !

મથામણના તબક્કામાં સરકતી ને લપાતી જે
-નિરાશા વ્યાપતાં, ખાતો લથડિયાં ત્યાં બચાવ્યો છે.

હરિઃૐ

## કઠિન, ભારે પરિશ્રમને પડ્યો આચરવો કેવો તે !

થવું જે જોઈએ મારે જીવનમાં તે થવા કાજે,
કઠિન, ભારે પરિશ્રમને પડ્યો આચરવો કેવો તે !

ફિકર, ચિંતા, જટિલ પ્રશ્નો જીવનમાં ગૂંચ, મુશ્કેલી,
જહીં પ્રગટ્યાં હતાં,ત્યારે ધરાઈ હામ નિશ્ચયની.

જીવન ઘડવા શી ભડભડતી હૃદયમાં આગ લાગી જે !
બધાં જે વિઘ્ન આડાં તે વિખેરી નાખિયાં તેણે.

મથામણ તો પડેલી છે, ન જેની કોઈ સીમા છે,
છતાં તેમાં અનેરો દિલ મને રસ શો પડેલો છે !

હરિઃૐ

## સમજ તે દિલ પડવાથી, થયું મથવાનું તે વિશે

જીવન જો છે, બધું તો છે, જીવનને યોગ્ય સાચવવા
-વ્યવસ્થા, કાળજી યોગ્ય કૃપાથી ત્યાં રખાયાં શાં !

'તુમાખી, તૉર, હુંપદ' જે જીવન વણસાડી નાખે છે,
સમજ તે દિલ પડવાથી, થયું મથવાનું તે વિશે.

કદીક ફાવટ શી લાગી છે ! કદીક લાગી રુકાવટ છે,
કદીક ફફડાટ જાગ્યો છે, છતાં હિંમત ન તૂટી છે.

ગમે તેવી પરિસ્થિતિ વિશે મથવું ન ચૂક્યો છું,
સતત મથવાતણા યજ્ઞે અખંડાકાર વર્ત્યો છું.

હરિઃૐ

## સતત મથતાં જ રહેવાથી નવું શીખવું મળેલું છે

જીવનમાં જીવવા સાચું અનુભવ તે થવા કાજે,
અભિલાષા હૃદય ઊંડી શી ધગધગતી જ સળગી છે !

જુદી જુદી રીતે તેથી મથ્યા કરવું બનેલું છે,
સતત મથતાં જ રહેવાથી નવું શીખવું મળેલું છે.

જુદાં જુદાં જીવનપાસાં મથ્યામાંથી જણાયાં છે,
તટસ્થ રીત વર્તનની કળા તેથી પમાઈ છે.

ભયંકર આંચકા આવે, જીવન ઉથલાવી નંખાવે,
પ્રગટી એવી મથામણ શી ! કૃપાએ ત્યાં ટકાવ્યો છે.

હરિઃૐ

## સતત મથતાં મળેલું જે અનુભવ એ જ જીવન છે

પડી પડીને જ પછવાડે જીવન રળવા મથેલો જે,
સતત મથતાં મળેલું જે અનુભવ એ જ જીવન છે.

જીવનના જ્ઞાનની પાછળ અનિવાર્ય શું મથવું તે !
સતત મથતાં હૃદય કેવું મથનનો મર્મ પ્રીછે છે !

શરૂ શરૂમાં શું મથવામાં બહુ કંટાળો લાગ્યો છે !
છતાં મથવાનું ના છોડ્યું, લબડધક્કે લીધેલું છે.

'મથે છે જે, મળે તેને' હૃદય વિશ્વાસ પ્રગટ્યો છે,
હૃદય મથવા વિશે તેથી દ્રવંતો રસ શું લાગ્યો છે !

હરિઃૐ

## સતત મથવાનું બનતું જે, સફળતા ખેંચી લાવે તે

જીવનના ધ્યેયહેતુની સહૃદય સભાનતા સાથે,
સતત મથવાનું બનતું જે, સફળતા ખેંચી લાવે તે.

મરણિયા દિલ નિશ્ચયથી મથે છે એકધારું જે,
જીવનમાં નોતરી જયને, સફળ જીવન બનાવે છે.

ઘણીયે વાર મરડાયો, છતાં દિલથી ન તરડાયો,
બહુવિધ તંગ ભરડાયો, છતાં ઊભો રહ્યો પાછો.

સતત મથવા છતાં પાછું કદીક કેવું પડાયું છે !
લગાતાર જ હું સંપૂર્ણ છતાં મથતો રહેલો જે.

હરિ:ૐ

## પરિશ્રમ ને જહેમત શાં થયાં છે ! તે પ્રસાદી શી !

જીવન રળવા, જીવન રળવા, લઢણ રંગતભરી લાગી,
ઊંધું ઘાલી મને એણે દડાવ્યા શો કર્યો દિલથી !

મથામણ પાર વિનાની જવાને આરપાર જ શી !
પરિશ્રમ ને જહેમત શાં થયાં છે ! તે પ્રસાદી શી !

હિમાલય ઉચ્ચ શિખર પર ચઢી, એનાથીયે ઊંચે
-જઈ તેનાથીયે પાર જ મથામણ પહોંચવાની છે.

અનુભવવું વળી પાછું બીજું એથી અનુભવવું,
-અનુભવી તેથીયે પાર અનંતાનંતનું જીવવું.

અનેકે હારમાળાઓ અનુભવની શી એવી તે
-જીવનમાં આવી ને ગઈ છે ઠરાવ્યો છેવટે એણે.

હરિઃૐ

## જીવન નવનીત તેથી તો મથામણમાંથી મળતું છે

મથામણમાં જીવન હેતુતણું જીવંતું લક્ષ જ છે,
જીવન નવનીત તેથી તો મથામણમાંથી મળતું છે.

જુદી જુદી ભૂમિકાના જુદા જુદા અનુભવ છે,
જુદા જુદા અનુભવનું જુદું જુદું શું નવનીત તે !

અનેકે રીતના એવા જુદા અનુભવ થયેલા છે,
જુદી જુદી રીતે તેથી મળેલું શીખવાનું તે.

સમગ્રે દિલ સરવાળે શિખાતું તો જવાયું છે,
શી તેવી પરંપરાથી તો પદે બેસાયું ઠામે છે.

હરિ:ૐ

# મથામણને જીવન તેથી શ્રીસદ્‌ગુરુ દિલ ધારી છે

મથામણમાં મથામણથી અનુભવ શા થયેલા છે !
મથામણને જીવન તેથી શ્રીસદ્‌ગુરુ દિલ ધારી છે !

મથામણથી જુદું જુદું મળેલું શીખવાનું તે,
તમન્ના તીવ્ર લાગેલી જીવન યોગ્ય ખિલાવે છે.

તમન્નાએ શી ભડભડતી ગરજ ઉત્કટ જલાવી છે,
ખરેખર એ જ કારણથી હૃદયમાં લાય લાગી છે.

મનન ચિંતવન મથામણમાં સતત બસ એકનું એક જ,
હૃદયમાં એકધારું તે ઊંડું ચાલ્યા કરેલું છે.

નિરંતર ચંક્રમણનો શો જીવનઅભ્યાસ જીવંતો
-કરેલો છે પડ્યા, જેથી **हरि**પદ સાંપડેલા છે.

હરિઃૐ

## પ્રસાદી તે મથામણની મળી કેવી જીવનમાં છે !

કૃપાની શક્તિને લીધે જીવનસંગ્રામ ખેલ્યા છે,
વદવું 'ખેલ્યા' નિરર્થક છે, શું ખેલાયા કૃપાથી તે !

કૃપાપુરુષાર્થનો યોગ જીવનવિકાસના માર્ગે,
ખરેખર ઑર અદ્‌ભુત શો જીવનમાં મસ્ત જામ્યો છે.

જીવનમાં ઉગ્ર પુરુષાર્થતણી ભારે મથામણ શી !
સતત કરવી પડેલી, ને ઘડાવાનું થયું તેથી.

ઊગ્યાં સાધન જીવન ઘડવા જુદાં જુદાં અનુપમ જે,
પ્રસાદી તે મથામણની મળી કેવી જીવનમાં છે !

હરિઃૐ

## જીવનમાં તો ઘડી વાર દીધો નવરો ન પડવા તે

જીવનમાં જાણવા કરતાં અનુભવવા પરત્વે તે,
મહત્ત્વે ઝોક સંપૂર્ણ કૃપાથી દિલ ધરાયો છે.

જતાં મથતાં, જતાં મથતાં, જીવનપથમાં જવાનું જે
-થતું ગયું સૂઝતું કેવું ! કૃપા એવી **હરિ**ની છે.

જીવનમાં આગ લાગેલી હૃદય મારે **હરિ** કાજે,
જીવનમાં તો ઘડી વાર દીધો નવરો ન પડવા તે.

દિવસ ને રાત્રિ જીવનમાં અખંડાકાર લગનીમાં
-થવાને કેવું કેવું તે, મથાવાનું થયું દિલમાં !

હરિઃૐ

## મથામણ કેટલી કેવી સતત કરવી પડેલી છે !

શરૂ શરૂમાં સ્મરણકેરો હૃદય અભ્યાસ પડવાને,
મથામણ કેટલી કેવી સતત કરવી પડેલી છે !

ગરજ મટાડવાની શી ! શરીરના રોગને કાજે
-ઘણી ઘણી દિલ હતી જેથી સ્મરણ લેવાયું **હરિ**નું તે.

છતાં તેમાંય પછવાડે પડી પડી કેટલી વારે,
હૃદય પારાશીશી કેવી મથામણની ચઢાવી છે !

મથામણની સતત ઝડીઓ જીવન જ્યાં વર્ષતી રહી છે,
હૃદય પડવા જ લાગ્યો શો મથામણમાં ઊંડો રસ જે !

હરિઃૐ

## સતત મથવાતણો યજ્ઞ જીવન ચાલ્યા કરેલો છે

કદી અવધિ ન આવી છે, મથામણની જીવન વિશે,
સતત મથવાતણો યજ્ઞ જીવન ચાલ્યા કરેલો છે.

જીવનઆદર્શ જીવનમાં પૂરો અવતારવા કાજે,
તપશ્ચર્યા ભગીરથ શી કૃપાથી તેં કરાવી છે !

મથામણ તેં કરાવીને, ઊથલપાથલ કરાવીને,
ઊંધોચત્તો શું ઉથલાવી તળેઉપર કરાવ્યો છે !

બધી તે પ્રક્રિયા વિશે જીવનની ઊર્ધ્વ ભૂમિકા
-રચાવાને કૃપાથી તેં રચાવી રસાર્દ્ર ભૂમિકા !

હરિઃૐ

## ધીરજ, સાહસ ને હિંમતથી મથાયું છે કૃપાથી ત્યાં

જીવનમાં કેટલીક એવી કંઈ ભ્રમણાઓ પ્રીછીને,
બધી તે તોડવા કાજે સતત મથવું પડેલું છે.

મડાગાંઠો, બધી ટેવો, મતાગ્રહ, સર્વ સમજણને
-વિદારી નાખવા કેવી મથામણ તો થયેલી છે !

નિરાશા આવતાં ત્યારે ડુબાવાનું થતાં હૈયે,
ભગીરથ તીવ્ર પુરુષાર્થ ઊગરવાને થયેલો છે.

ભયંકર વમળની ભમરી કદી જ્યારે ફરી વળતાં
-ધીરજ, સાહસ ને હિંમતથી મથાયું છે કૃપાથી ત્યાં.

હરિ:ૐ

## મથામણનો બધો કેવો અજબ ઈતિહાસ શો ગૂઢ છે !

મથામણનો બધો કેવો અજબ ઈતિહાસ શો ગૂઢ છે !
પરાકાષ્ઠા મથામણની જુદે જુદે પ્રસંગે છે.

કદીક નરદમ હું હાર્યો છું, ફસાઈ શો ગયેલો છું !
કશું કંઈ ના સૂઝેલું છે, છતાં મથવાનું તો ચાલુ.

કદીક મથતાં, વળી મથતાં, જીવનમાં થાક લાગ્યો છે,
હૃદય ઉત્સાહની ખામી બહુ તે વેળ લાગી છે.

પડ્યું સંકોરવું કેવું ! પડ્યું સંકેલવું વળી શું !
કળા મથવાતણી મેં તો કૃપાથી છોડી કંઈ નવ શું !

હરિ:ૐ

# જુદી જુદી પરિસ્થિતિ જીવનમાં સાંપડેલી છે

જુદી જુદી પરિસ્થિતિ જીવનમાં સાંપડેલી છે,
જીવનમાં ડોકિયાં કરીને મથામણ ત્યાંય ઊભી છે.

જીવનવિકાસના પથમાં પ્રથમ ડગ મૂકતી વેળા
-વિચારી ઊંડું લીધું 'તું, પડે મથવું જ હંમેશાં.

ભયંકર જે તરસ લાગે, અરે ! જબ્બર શી એથીયે
-અનુભવવા ગરજ દિલમાં જીવનનું તત્ત્વ લાગી છે.

જવાયું જેમ જીવનમાં સતત બહુ રીત મથતાં જે,
મને એમાંથી આગળનું દીવા જેવું જણાયું છે.

હરિઃૐ

# મથામણમાં પ્રમાણિકતા હૃદયની નેક દાનત છે

'જીવનમાં ધાર્યું જે રળવું, ન રળવું સીધું સાદું તે',
જતાં પંથે સમજ પડતાં કદીક અટવાઈ મર્યો મન જે.

મથામણમાં પ્રમાણિકતા હૃદયની નેક દાનત છે,
વફાદારી વળી નિષ્ઠા પૂરાં જેને શું તેમાં છે !

અવળચંડા ગમે તેવા ચઢેલા હો પથે તોયે,
**हरि** તેવાને પથ સીધે ચઢાવી દે કૃપાથી તે.

મથામણની રજેરજની જીવનની આત્મકથની તે
-ચરણ નિવેદવાકેરી લઢણ દિલની પડેલી છે.

હૃદયનું આર્ત ને આર્દ્ર થતું રહેતું નિવેદન જે,
કૃપાથી માર્ગ તેનાથી થયા ખુલ્લો કરેલો છે.

હરિઃૐ

## ગરજ લાગ્યા પછી સાચી થવા લાગી મથામણ છે

ગલીકૂંચી ભુલાવામાં જીવનમાં નાખી દે એવી
-શી આવી છે ! છતાં પણ ત્યાં શું જાગ્યું ભાન કંઈ દિલથી.

ગરજ લાગેલ જે ઉત્કટ મથાવ્યો છે મને જેણે,
મથામણમાં હૃદયભાવ ઉમેરાતાં, ફળે છે જે.

ગરજ લાગ્યા પછી સાચી થવા લાગી મથામણ છે,
હૃદય એમાંથી સમજણ કંઈ ખરી ઊગવા જ લાગી છે.

મથામણમાંથી સમજણની બઢતી માત્રા ગયેલી છે,
જીવનમાં ઉત્તરોત્તર તે પથે એમ જ બઢાયું છે.

હરિઃૐ

## જીવનમાં કોઈ ને કોઈ રીતે મથવાનું આવે છે

જીવનમાં કોઈ ને કોઈ રીતે મથવાનું આવે છે,
બધાં જે તે જ અપવાદ વિના મથવા વિશે શાં છે !

ખરેખર મથવું કુદરતની કળા બક્ષિસ જીવનને છે,
હવે મથવું જીવનમાં ના, થતે વિકાસ કંઈ નવ તે.

જીવનમાં વાસ્તવિક શો છે, સતત મથવાતણો ક્રમ તે !
પરંતુ માનવી કેવું બધું એળે ગુમાવે તે !

હૃદય મથવા વિશે બુદ્ધિ જીવનને ઊર્ધ્વ બઢવાને,
કૃપાથી તેં સુઝાડી તે મહદ ઉપકાર **हरि** તુજ છે.

હરિઃૐ

## જીવનમાં કંઈક મેળવવા પડે મથવું બધાંનેયે

હૃદયમાં રસ પડે છે જ્યાં ખરો મથવા વિશે ઊંડો,
ખરેખર આપમેળે ત્યાં સતત મથતું જ રહેવાતું.

'જીવનમાં કંઈક મેળવવા પડે મથવું બધાંનેયે,
ન એમાં કોઈ અપવાદ' હૃદય ઊતરી ગયેલું તે.

હૃદયમાં સ્વાર્થ મેળવવાતણો લાગ્યો હતો શો જે !
મને એણે મથાવ્યા તો કરાવ્યો છે જીવન વિશે.

સતત ગોદાટી ગોદાટી જીવનમાં પ્રેરણા પ્રેરી,
નવાયે કેટલે રસ્તે ચલાવ્યો ગૂઢ હિકમતથી !

હરિઃૐ

## જીવન જીતવાની સાચી જે મથામણ એ જ ચાવી છે

જીવન જીતવાની સાચી જે મથામણ એ જ ચાવી છે,
મથામણમાં જ હેતુની હૃદય સમજણ જરૂરી છે.

તમન્નાની હૃદય પૂરી જ્વલંતી આગ ભભૂકી છે,
જીવનને તે મથાવામાં શી હિકમતથી મૂકી દે છે !

મથાવામાં ફુવારા શા મજાના દિલ ઊડે છે !
મથાયા કંઈ વિના કશુંયે જીવનમાં ના મળે છે તે.

મથાવાનું થયા ગયું છે, મથામણની નિરંતરની
-જીવનઘટના ઘડામણની કૃપાની એ જ નિશાની.

હરિઃૐ

# મથામણની લીલા ગૂઢ અનુભવથી પિછાણી છે

જીવન મથવાનું આવ્યું છે, કદીક કંટાળો જાગ્યો છે,
થઈ ગઈ ભૂલથી કેવો હૃદય પસ્તાવો લાગ્યો છે !

બળ્યા કેવું કરેલું છે, હૃદય મારું મથામણમાં !
લલાટે તો લખાયું છે, મથામણ શું ઘડાવામાં !

મથામણમાં શરૂમાં તો ન કંઈ આનંદ જાગ્યો છે,
મથામણમાં હૃદય હેતુ પ્રિછાતાં, દિલ મોર્યું છે.

મથામણની જીવનગાથા સતત વિકસ્યા કરેલી છે,
મથામણની લીલા ગૂઢ અનુભવથી પિછાણી છે.

હરિઃૐ

## हरिने જીવતો કરવા જીવનમાં હું મથેલો જે

**हरि, हरि** નામ પોકારી સ્મરણ દિલમાં સ્મરી સ્મરીને,
**हरि**ને જીવતો કરવા જીવનમાં હું મથેલો જે.

મથામણ કેવી જીવનમાં, ગગન ને પૃથ્વીને એક
-થવામાં શ્રમ શો દુર્લભ તે ! મથાયું છે છતાં છેક.

મથામણની દિશામાં તો રહેવાયું શું રમમાણ !
કથની એવી જીવનની તે નિવેદ્યા શી કરી પાદ !

મથ્યા વિના કદી કશુંયે જીવનમાં ના મળે કંઈ તે,
મથાવ્યો એ જ **हरि**ની જે, પરમ અનુપમ કૃપા શી છે !

હરિઃૐ

## ભભૂકતી તીવ્ર ધગધગતી મનીષા દિલ લાગી છે

જીવનનું ધ્યેય ઊગીને જીવન સાકાર કરવાને,
ભભૂકતી તીવ્ર ધગધગતી મનીષા દિલ લાગી છે.

મને તેણે જ વળગાડ્યો જીવનની સાધના વિશે
-'જીવનના ધ્યેયને વિશે શું મથવું' સાધના શી તે !

જીવનની સાધનામાં તો શરૂમાં જે મથામણ છે,
મથામણ સ્થૂળ તે સઘળું, પછી બદલાતું કેવું તે !

મથવું એક પછી એક જ જુદાં જુદાં સ્વરૂપે છે,
થતાં સ્થૂળમાં પૂરું, સૂક્ષ્મ સ્વરૂપ મથવાનું ઊગે છે.

હરિઃૐ

## હૃદય નિજ ધ્યેય ધાર્યું તે જરૂર હાંસલ થવાનું છે

મથી મથીને જીવનમાં દમ બહુ જ નીકળી ચૂકેલો છે,
છતાંયે દમ પરે દમ લઈ મથેલો પહોંચવા ધ્યેયે.

ક્ષિતિજ નિજ ધ્યેયની કેવી રહે શી દૂરની દૂર તે !
જતાં પાસે નજીક લાગે, જતી પાછી અધિક દૂર તે.

વળી ત્યાં પહોંચવું બનતાં હવે જાણે નજીક તે છે,
જતાં ત્યાં, પાછી દૂર દૂર શી અનંતાનંત લાગે છે !

પરંતુ આત્મવિશ્વાસ હવે દિલમાં ઊગેલો છે,
હૃદય નિજ ધ્યેય ધાર્યું તે જરૂર હાંસલ થવાનું છે.

હરિઃૐ

## મથ્યા કરવાનું આવ્યું છે, બહુવિધ રીતથી જીવને

જીવનનું ધ્યેય નિશ્ચિત દિલ થતાં મંથન શરૂ થઈને,
મથ્યા કરવાનું આવ્યું છે, બહુવિધ રીતથી જીવને.

ધગશ, ઉત્સાહ, ઉલ્લાસ જીવન ફળાવવા કાજે,
બીજા એવા ગુણો પૂરા શું વપરાયા ગયેલા છે !

ગુણો જ્યાં એમ હેતુથી જીવનમાં આચરાયા છે,
જીવનમાં શક્તિ ફોરંતી અનુભવ જાગતી રહી છે.

જીવનના ધ્યેયને કેંદ્રિત ધરી, મથવાનું બનતું જે,
જીવન એ રીત મથવાથી જીવન પાંગરતું ચાલે છે.

હરિઃૐ

## ગરજ રળવાની લીધેથી હૃદય મથવાનું ઊગ્યું છે

મથ્યા વિના કશું પણ કંઈ જીવનમાં ના જ મળતું છે,
ગરજ રળવાની લીધેથી હૃદય મથવાનું ઊગ્યું છે.

તમન્ના જે ભભૂકેલી જીવનતત્ત્વ અનુભવવા,
મને એણે ન દીધો છે, પડી રહેવા કદી છાનો.

બહુ મથતાં, બહુ મથતાં, જુદી જુદી રીત જીવનને
–અનુભવવા મળ્યું, એ તો પ્રસાદી શી **હરિ**ની તે !

મથ્યા કેડે ઘણું ઘણું જ્યાં પછી આરામ કરવાને
–સમય મળતો, મીઠો કેવો ! મધુરપ તેની ઑર જ છે !

હરિઃૐ

## મથામણની પરિસ્થિતિ ભયંકર કારમી શી તે !

મથામણની પરિસ્થિતિ ભયંકર કારમી શી તે !
મનાદિને ઉછાળીને વ્યવસ્થા કેવી તોડાવે !

પરંતુ જાગૃતિ દિલની સભાન જ શું બનાવીને
-વ્યવસ્થિતિ શી તે પાછી યથાવત્ પૂર્ણ બનવે છે !

જીવનમાં કેટલીક વેળા અનુભવથી પ્રકાશ્યું છે,
ભલે અથડાઈ મરાતું છો, છતાં ઠેકાણું પડતું છે.

ભલેને સાવ ભંગાર જ જીવન જ્યાં હો બનેલું જે,
છતાં કેવી કૃપા **હરિ**ની વ્યવસ્થિત તે કરી દે છે !

હરિ:ૐ

## કમર કસીને ઝઝૂમવાનું કૃપાથી બળ મળેલું છે !

મથામણ કેવી કેવી તે જીવનમાં ફૂટી નીકળી છે !
કમર કસીને ઝઝૂમવાનું કૃપાથી બળ મળેલું છે.

અદમ્ય જ ઑર ઉત્સાહ સતત મથવા વિશે હૃદયે,
કૃપાથી ઊછળેલો શો ! પથે તેથી ટકાયું છે.

પથે મથતાં, કદીક મથતાં સીધેસીધું ચલાયું ના,
જવાયું આડફંટું છે, છતાં ચેતાયું છે પણ ત્યાં.

પ્રચંડ જ શી તમન્નાની હૃદય સભાનતાએ તો
-જગાડી દિલમાં મુજને શું વારંવાર ચેતાવ્યો !

હરિઃૐ

# મથામણના ઊંડા ઊંડા મહેરામણ ઉલેચ્યા છે

**હરિ**નો ભાવ કેળવવા, દઢવવાને જીવનમાં તે,
મથામણના ઊંડા ઊંડા મહેરામણ ઉલેચ્યા છે.

કૃપાનાં ઓથ ને હૂંફ, સહાનુભૂતિ મુજને તેં
-કીધાં વર્ષાવ્યાં જીવનમાં, બધું તેથી થયું જે તે.

કૃપા તારી વિના કેવી રીતે આ એકલા હાથે,
હિમાલય જેવડી મોટી મથામણ થઈ જ શેં શકતે ?

ભુલાયું કેટલીક વાર મથામણની શી ગૂંચવણમાં !
-મથામણની પ્રમાણિકતા થકી ઊંચું અવાયું ત્યાં.

હરિઃૐ

## મળ્યું શીખવાનું જીવન જે, ખરેખર સદ્‌ગુરુ મુજ તે

જીવનઆદર્શ ધાર્યો જ્યાં મથામણ ત્યારથી શી શી
-જીવનમાં સાંપડેલી છે ! ન જેનો પાર છે કહીંથી.

મથામણ એકમાંથી જ્યાં ન નીકળ્યા હોઈએ પૂરતા
-મથામણ કેટલીક ત્યાં તો થવા અસ્વાર ઊભી ત્યાં.

તરીને પાર ઊતરવા મથામણમાંથી કૂદીને,
શી પારાવાર જીવનમાં જહેમત તો ઉઠાવી છે !

જીવનમાં એ રીતે મથતાં બહુ મથતાં, બહુ રીતે
-મળ્યું શીખવાનું જીવન જે, ખરેખર સદ્‌ગુરુ મુજ તે.

હરિ:ૐ

## કદીક મથતાં જતાં કેવું ઊંધે પંથે પળાયું છે

કદીક મથતાં જતાં કેવું ઊંધે પંથે પળાયું છે !
બહુ ખાતાં તહીં ઠોકર પછી રાહે વળાયું છે.

મથ્યા કરતાં, મથ્યા કરતાં, જીવન રળવાની રીતો જે
-કૃપાથી સૂઝતી ગઈ તે પ્રમાણે આચરાયું છે.

તમન્નાની જ ઉત્કંઠા જલતી ભડકે શી તેણે તો
-અગમ્ય રીતથી નૂતન સુઝાડેલું જીવનમાં સૌ.

જીવનમાં વર્તતાં તેવું નવું અજવાળું પાડ્યું છે,
પ્રકાશે તે જ જીવનમાં જવું આગળ સૂઝેલું છે.

હરિ:ૐ

## વળી મથવા થકી કેવું જીવનદર્શન થતું રહે છે !

જીવનમાં સ્વાર્થ જે વિશે ઊંડો ઊંડો જ લાગે છે,
મથાવ્યા વિણ કેમેયે કદી પણ તે ન મૂકે છે.

પડી રહેવા ન તે દે છે, જવા ઊંઘી ન પણ દે છે,
જરા આરામ કરવાને કદી મોકો ન તે દે છે.

હૃદય મથતાં, હૃદય મથતાં, નવી નવી સૂઝ જાગે છે,
નવું અજવાળું પથ પાડી, નવી દિશા સુઝાડે છે.

જીવનમાં તેથી મથવામાં હૃદય આનંદ લાગ્યો છે,
વળી મથવા થકી કેવું જીવનદર્શન થતું રહે છે !

હરિઃૐ

## ભરેલું ચેતનાત્મક જે રસીલું ન્યારું લાગે છે

મથામણ સાચી દિશાની થયા કરતી જ રહેવાથી,
ઊંડી સમજણ શી જાગીને જણાવા મર્મ લાગ્યો છે.

રહસ્ય ગૂઢ જ્યાં ખુલ્લું થતું રહેતાં જીવન વિશે,
જીવનનું તે ભૂમિકાનું જુદી દૃષ્ટિ શી જાગે છે !

સ્વરૂપ દેખાતું પ્રત્યક્ષ છતાં ગૂઢ રહસ્યે તે,
ભરેલું ચેતનાત્મક જે રસીલું ન્યારું લાગે છે.

હૃદય આકર્ષણે તેવા જીવન ખેંચાતું ચાલ્યું છે,
શું ધસમસતા મથામણના પ્રવાહે કેવું વહેતું તે !

હરિઃૐ

## જુદા ન્યારા પ્રકારે ત્યાં મથામણ મસ્ત લાગી છે

જીવનને ફળાવવા અર્થે સ્મરણ સ્તવન અવર એવાં
-બીજાં સાધન થતાં શરૂમાં બહુ મથવું પડેલું ત્યાં.

થતાં સાધન પચ્યાં જ્યારે હૃદયરસ ઑર પ્રગટ્યો છે,
જુદા ન્યારા પ્રકારે ત્યાં મથામણ મસ્ત લાગી છે.

મથામણમાંય આનંદ હૃદયમાં લાગી લાગીને,
ઊંડું ઊંડું ઊતરાવીને ઊંડે ઊંડે પ્રવેશાવે.

અણુઅણુમાં નસેનસમાં રગેરગમાં જ પ્રસરીને,
જૂનો ગુણધર્મ તે સહુનો મથે પલટાવવા શું જે !

હરિઃૐ

## કૃપા તો એવી હરિની કે શી તેવી જાગૃતિ રહી છે !

મથામણમાં મથામણની અજબ કોઈ ન્યારી દુનિયા છે,
મુકાયા વિણ મથામણમાં ન તે કોઈને જ સમજાશે.

મથામણ શી જુદી જુદી બહુ રીતની મળેલી છે !
કૃપાથી હેતુનું ભાન મથામણમાં ટકેલું છે.

જીવનમાં તે રીતે તેમાં વળાંક જ શો અપાયો છે !
કૃપા તો એવી **હરિ**ની કે શી તેવી જાગૃતિ રહી છે !

ભયંકર છો મથો ભારે પરંતુ જાગૃતિ જો ના,
ફળે ના યોગ્યતામાં તે જરૂરી જાગૃતિ સહુમાં.

હરિઃૐ

# જીવનનો યજ્ઞ મથવાનો રહેલો ચાલુ તેથી જે

કૃપા એ તો **હરિ**ની કે જીવનનું ધ્યેય મળિયું છે,
સતત મથવાનું તે કાજે સ્વીકારાયું હૃદયથી છે.

કરી યાહોમ સંપૂર્ણ ફનાગીરી વહોરીને,
મરણિયું દિલ થનગનીને ઝઝૂમીને ઝૂકેલું છે.

સતત મથવા વિશે દિલમાં ચઢેલું તાન કેવું છે !
હૃદયમાં તેથી મથવામાં ઊંડો રસ તો પડેલો છે.

પડ્યો મથવામહીં રસ જે હૃદય જકડાવી રાખ્યું છે,
જીવનનો યજ્ઞ મથવાનો રહેલો ચાલુ તેથી જે.

હરિઃૐ

# નજર સામે જીવનધ્યેય જ ધરી ધરી કામ લીધું છે

સતત મથવા છતાં કેવી નિરાશા સાંપડેલી છે !
છતાં મથવાતણો સહેજે કદી ના છાલ છોડ્યો છે.

બધું ધાર્યા પ્રમાણે તે જીવનમાં કંઈ ન બનતું છે,
છતાં ધ્યેય જ ફળાવાને મથાયું એકધારું છે.

કશી પરિણામની ચિંતા કદી ના દિલ ધારી છે,
નજર સામે જીવનધ્યેય જ ધરી ધરી કામ લીધું છે.

પડી પડી નિત્ય પછવાડે ધપ્યા કરવાનું રાખ્યું છે,
જીવનમાં તેથી જયવારો કૃપાથી શો નિહાળ્યો છે !

હરિઃૐ

# ભૂમિકા જુદી જુદીમાં જીવન મથવાનું ચાલુ છે

જુદી જુદી રીતની ઊભી મથામણ શી થયેલી છે !
ભયંકર કારમું તેણે ખડું તોફાન કીધું છે.

બધું તે વાવાઝોડાએ કર્યું વેરાન ઉજ્જડ છે,
ફરી મંડાણ કરવાને મથામણ ત્યાં શરૂ થઈ છે.

જીવનમાં ચડતીપડતી શી બહુ વેળા થયેલી છે !
ભૂમિકા જુદી જુદીમાં જીવન મથવાનું ચાલુ છે.

સતત મથવાની પ્રક્રિયામહીંથી હું શીખેલો જે,
જીવનમાં તેથી મથવાનું કદી ભુલાયું કંઈ ના છે.

હરિઃૐ

## પડ્યું વિતાવવું જીવન ! મથાયું છે છતાં શું ત્યાં !

અજબ ને ગજબની તે તે ભયંકર હાડમારીમાં
-પડ્યું વિતાવવું જીવન ! મથાયું છે છતાં શું ત્યાં !

પથે શાં પહાડ સમ વિઘ્નો જીવનમાં આવી ઊભાં છે !
કૃપાથી છાતી કાઢી ત્યાં પૂરો પડકાર દીધો છે.

કદી ભડકી ગયો ના છું, કદી રવડી મર્યો ના છું,
પથે ભટકી મરેલો છું, છતાં ચીટકી રહેલો છું.

કદીક પથમાં હું અટવાયો, કદીક પથમાં હું ભટકાયો,
કદીક પથમાં હું તરડાયો, છતાં હિંમતથી પદમાં છું.

હરિઃૐ

## ઊંડા ઊંડા થતાં મંથન થકી નવનીત પમાતું છે

ઊગ્યાં જુદાં જુદાં સાધન થવા તે તે વિશે ઊંડું
-મથામણ કેવું જાગીને હૃદયથી તો વિચારાવ્યું.

હૃદયથી જે થતું મંથન ઊંડું ઊંડું વિચારાવે,
વિચારાવી પ્રમાણે તે જરૂર વર્તન કરાવે છે.

થતા રહેતા જ વર્તનમાં ખરેખર ત્યાંય મંથન છે,
ઊંડા ઊંડા થતાં મંથન થકી નવનીત પમાતું છે.

મથામણના જીવનમાં શાં બહુ રીતનાં જ મંથન તે
-બહુ પ્રગટ્યાં, મથાવીને નૂતન દર્શન કરાવ્યાં છે.

હરિઃૐ

## કૃપાથી જે થયેલું છે, બધું તે વર્ણવેલું છે

મથામણની જુદી જુદી જીવનમાં જે હકીકત છે,
ઊકલતી ને ઊપસતી તે ગઈ તેમ જ લખાઈ છે.

ન ઓછુંવત્તું તેમાં તે થવા દીધું કશું ના છે,
થયું જે જેમ, તેમ જ તે યથાયોગ્ય જ બતાવ્યું છે.

મથામણની દશા વેળા બધું **આ જીવ**થી જે તે,
કૃપાથી જે થયેલું છે, બધું તે વર્ણવેલું છે.

મથાવાનો જીવનમાંનો બધો ઈતિહાસ ભવ્ય જ છે,
છતાં **આ** સાવ બોથડથી લખાયું યોગ્ય ના કંઈ તે.

હરિઃૐ

## મથામણને ઊગી પાંખો ગગન જીવન ઉરાડે છે

જીવનની કોઈ ભૂમિકા મથામણ તે વિનાની ના,
પ્રગટતાં ધ્યેયની નિષ્ઠા ઊગે પ્રાણ મથામણમાં.

થતા જે યત્ન નિષ્ઠાથી સ્વરૂપ તેનું અનોખું છે,
મથામણમાં હૃદયભાવ શું તે વેળા ઊછળતો છે !

મથામણ એવી પ્રગટાવે જીવનમાં રૂપ, રસ, રંગ,
કલેવર સાવ પલટાવા મથામણ વાળી દે ખંગ.

હૃદયની પક્વ નિષ્ઠાથી મથામણ જે થતી રહે છે,
મથામણને ઊગી પાંખો ગગન જીવન ઉરાડે છે.

હરિઃૐ

# મથામણની લીલા એવી જીવનની જે રસીલી છે

થયું મથવાનું જીવનમાં જુદા જુદા તબક્કામાં,
જુદી જુદી રીતે કેવું લખાયા તે ગયેલું છે.

કદીક મથતાં અચાનક ત્યાં થવાયું સ્તબ્ધ જીવનમાં,
થઈ ગઈ બુદ્ધિ પણ કુંઠિત શું કરવું કંઈ ન સૂઝ્યું ત્યાં !

પરંતુ અગ્નિ ગૂઢ, સૂક્ષ્મ શું અંતર સળવળેલો જે !
રમત મંડાવી છે એણે ફરીને સળવળાવીને.

અનેકે વાર જીવનમાં થઈ છે ચઢઊતર શી જે !
મથામણની લીલા એવી જીવનની જે રસીલી છે.

હરિઃૐ

## ‘નિરંતરનો હરિભાવ’, ખરેખર એ જ જીવન છે !

‘નિરંતરનો **હરિ**ભાવ’, ખરેખર એ જ જીવન છે !
જતાં સમજાઈ દિલમાં તે, ગળે પણ ઊતરેલું છે.

નિરંતરનો ટકે ભાવ **હરિ**નો **આ** જીવન વિશે,
મથામણની જ પ્રક્રિયા વિશે ત્યારે પડેલો જે.

**હરિ** વિનાનું કંઈ પણ જે તરફ તે નિઃસ્પૃહ જીવવા,
સતત સભાનતા એવી મથાયું તે હૃદય ધરવા.

જીવનની સર્વ ભૂમિકા વિશે જે તે મથામણ છે,
હૃદય મર્દાનગીથી તે ખરી સ્વીકારી લીધી છે.

હરિઃૐ

## જુદા જુદા જીવનપાઠો મળ્યા મથવાપણામાંથી

જીવન મથવા વિશે હેતુ હૃદયથી સમજી સમજીને
-ધરાયાથી, મળ્યું કેવું જીવનમાં શીખવાનું તે !

'મથવું' જ્યારે અનિવાર્ય જ જીવન લાગી ગયેલું છે,
ગરજ પાછી શી મથવામાં સ્વીકારાઈ હૃદયમાં છે !

મળેલા તે જીવન મથવાતણું દિલથી રહસ્ય જ જે,
કૃપાથી શું જીવનમાં તે અનુભવવા મળેલું છે !

જુદા જુદા જીવનપાઠો મળ્યા મથવાપણામાંથી,
હૃદય મથવાપણું એવું શ્રીસદ્‌ગુરુરૂપ ધાર્યું છે.

હરિઃૐ

## અનુભવમાં ઊગ્યું કેવું મથામણનું જ અમૃત તે !

મથામણની રિબામણની જીવનકથની ભયંકર છે,
જુદી જુદી રીતે કેવું સહન મથવા વિશેનું છે !

કૃપાથી ત્યાં જીવન હેતુતણું દિલ ભાન જાગ્યું છે,
હૃદય તે ભાનથી મુજને જીવનશિક્ષણ મળેલું છે.

ભલે મથવું પડ્યું બહુયે, છતાં સભાનતા હૃદયે
-રહેવાતાં શી હેતુની ! જીવન પ્રત્યક્ષ જાણ્યું તે.

**हरिलीला**તણું સાચું રહસ્ય સૂક્ષ્મ છૂપું જે,
અનુભવમાં ઊગ્યું કેવું મથામણનું જ અમૃત તે.

હરિઃૐ

# મથામણની રસિક કથની हरि તારે ચરમકમળે

જીવન જ્યાં પહોંચવાનું છે, સતત બસ ચાલવાનું તે
-કર્યાં કીધું હંમેશાંયે નજર ધરી નાસિકાગ્રે જે.

મથામણની રસિક કથની **हरि** તારે ચરણકમળે,
બહુવિધની, જુદી જુદી બહુ રંગત ભરેલી જે.

જીવનની વહેવરાવી છે, પુનિત ગંગા કૃપાથી તે,
હવે એના વહેણે તો તણાવા સર્વ લાગ્યું છે.

જીવનની સૌ મથામણની વીતક કથની ભલે હો તે,
હતું વીતક પરંતુ જે નૂતન સર્જનને અર્થે તે.

હરિઃૐ

## મથામણમાંથી જીવવાનું અનુભવથી શિખાયું છે

મથામણ કેટલીક કેવી જીવન રમવી પડેલી છે,
મથામણમાંથી જીવવાનું અનુભવથી શિખાયું છે.

મથામણના જ દરિયાનું જીવનમંથન થયેલું છે,
જુદું જુદું જ એમાંથી બધું તે ઊપજેલું છે.

કદીક નરસું, કદીક સારું, કૃપાથી જે મળેલું છે,
બધો ઉપયોગ તે સૌનો જીવન અર્થે થયેલો છે.

કૃપાથી એવી સદ્‌બુદ્ધિ મૂરખને તેં શી બક્ષી છે !
શું તારવવાનું તેમાંથી હૃદય તેં શિખવાડ્યું છે !

હરિ:ૐ

# મથામણના જ મંથનથી જીવન નવનીત મળેલું છે

મથામણ ને મથામણ બસ જીવન ચાલુ રહેલી છે,
મથામણમાંથી ઘડતરનું મળેલું શીખવાનું છે.

મથામણમાં જ હેતુને જીવંતો રાખતો જે છે,
અનુભવવા જીવનચાવી મથામણમાંથી પ્રગટી છે.

હૃદયભાવ જ મથામણમાં સતત જ્યાં જીવતો રહે છે,
મથામણના જ મંથનથી જીવન નવનીત મળેલું છે.

મથામણ એ જ જ્ઞાનામૃત સ્વીકારાયું જીવનમાં છે,
રહસ્ય ગૂઢ **हरिलीला**તણું તેથી સૂઝેલું છે.

હરિઃૐ

## મથામણ એ જ જીવનનો ખરો શો સદ્ગુરુ તે છે !

મથામણના પ્રકારો છે, જુદી જુદી રીતના શા તે !
શી જાગૃતિ હેતુની જીવતી મથામણમાં ટકેલી છે !

જીવનના ધ્યેયની ઊંડી શી જાગી સભાનતા હૃદયે !
મથામણ કેટકેટલું તે હૃદય તેણે કરાવ્યું છે !

મથામણમાં હૃદય જ્યારે ખરો રસ જ્યાં ટપકતો છે,
મથામણમાં નૂતન દર્શનતણો અનુભવ થતો રહે છે.

મથામણમાંથી જીવનનું ખરું નવનીત મળતું છે,
મથામણ એ જ જીવનનો ખરો શો સદ્ગુરુ તે છે !

હરિઃૐ

## મથામણની કળાલીલા રસીલી શી અનુપમ છે !

મથામણમાંથી જીવનનું રસામૃત પાન પ્રગટ્યું છે,
મથામણની કળાલીલા રસીલી શી અનુપમ છે !

મથામણમાં ઊંડે ઊંડે હૃદયના **પ્રાણ** જાગે છે,
હૃદય આનંદ મથવામાં પછીથી ફૂટતો રહે છે.

મથામણને મહોબત તો હવે માની લીધેલી છે,
જવા ઓળંગી તેનેયે મથામણ કેવી સામે છે !

અવસ્થા શી સહજ જ્યારે મથામણમાં થયેલી છે !
મથામણ તે જીવનમાંની મથામણ ના રહેલી છે.

હરિઃૐ

## મથામણમાંથી રત્નો શાં જુદાં જુદાં જડેલાં છે !

મથામણની મજા કેવી હૃદય ચાખી ધરાતું છે !
મથામણયે ખરેખર શી જુદી જુદી જ રીતની છે !

મથામણ સ્થૂળની પ્રત્યે લડત લડતાં ઊગેલી જે,
મથામણ સૂક્ષ્મ જીવનની બધી નવતર અનેરી છે.

મથામણમાંથી રત્નો શાં જુદાં જુદાં જડેલાં છે !
જીવનને નોખું તારવવા મથામણમાંથી સૂઝ્યું છે.

મથામણ તે મથામણ ના, મથામણમાંથી શીખવાનું
-કૃપાથી જે મળેલું છે, ઊગ્યું બળ તે પ્રસાદીનું.

હરિ:ૐ

## મહામોંઘામૂલી કેવી હરિની તે પ્રસાદી છે !

મથામણ શી જુદી જુદી, જુદી જુદી ભૂમિકામાં !
મથામણમાંથી તેવી તે ઊગરવાનું થયું શું ત્યાં !

જરા પણ ભેરવાઈ ત્યાં પડી રહેવું બન્યું ના છે,
સ્મરણથી શક્તિના કેવા ધસારા ઊપજેલા છે !

મથામણમાંયે દિલમાં તે અભિમુખતા ન તૂટે છે,
વધારે ઑર તેજસ્વિત બની, કેવી જ ઝબકે છે !

કૃપાની શક્તિની ત્યારે ગતાગમ કંઈ પડેલી છે,
મહામોંઘામૂલી કેવી **હરિ**ની તે પ્રસાદી છે !

હરિ:ૐ

## મથામણ તો ઘડાવાને હકીકત મુખ્ય જરૂરી છે

હવે ના જીતવાનું કે કશું ના હારવાનું છે,
મથામણનો જીવનકેરો **हरि**પદ અંત આવ્યો છે.

મથામણ તો ભૂમિકાને થવાને યોગ્ય જીવનમાં
-કૃપાથી જે મળી, એ તો કૃપા **हरि**ની હતી શી ત્યાં !


મથામણ તો ઘડાવાને હકીકત મુખ્ય જરૂરી છે,
શી પ્રત્યેક ભૂમિકામાં મળ્યા તે તે કરેલી છે !

કૃપાનો હાથ **हरि** તારો અનુભવવા મળેલો જે,
હૃદયની ભક્તિનો કેવો ચમત્કાર જ ખરેખર તે !

હરિઃૐ

## ખંડ - ૨

# મથામણમાં સંગ્રામ



લડ્યા વિના હૃદયકૌવત, જિગર ના કેળવાયે છે,
લડતને શો ગુરુમંત્ર જ ગણી લીધેલ જીવન છે.

હરિઃૐ

## પથે માથું કપાવાનો કદીક વારો શું આવ્યો છે !

જીવનસંગ્રામ લઢવામાં શૂરાતન મસ્તી ઊછળ્યાં છે,
પથે માથું કપાવાનો કદીક વારો શું આવ્યો છે !

હૃદય થથરાટ તે ત્યારે જરી પણ ના થયેલો છે,
હૃદય ધસમસતું શું જોમ કહીંકથી ફૂટી નીકળ્યું છે !

વધેરાઈ જવાનો ત્યાં હૃદય ઉન્માદ લાગ્યો છે,
પડેલા કેટલાયે ઘા, છતાં લડવું જ જારી છે.

જુદા જુદા તબક્કામાં જુદી જુદી લડાઈ છે,
**હરિ**પદની જ લગનીથી બધું જે તે થયેલું છે.

હરિઃૐ

## જીવનનાં સર્વ ક્ષેત્રોમાં લડત લડવાની આવી છે

જીવનમાં રીતરસમ જે જે પડેલી તેય સંગાથે,
થવા તે સર્વથી મુક્ત લડત લડવાનું આવ્યું છે.

ભલે હાર્યો, છતાં જુસ્સો લડતનો ના ઘટેલો છે,
કદીક તો શો ભયંકર તે રીતે દિલ ઊછળેલો છે !

જીવનનાં સર્વ ક્ષેત્રોમાં લડત લડવાની આવી છે,
જીવન સ્વામિત્વ પ્રસ્થાપિત થવા યુદ્ધ જ સ્વીકાર્યું છે.

સ્વીકાર્યું માત્ર ના એને, હૃદય સહર્ષ રમખાણે
-જીવન જયવારો આખરમાં ખપી ખપી, મેળવાયો છે.

હરિઃૐ

## સહાનુભૂતિ તુજ, મારે હૃદય શી મોટી મિલકત છે !

જીવનનો ઉગ્ર સંગ્રામ ખરાખરીનો જ પ્રગટ્યો છે,
શહૂર, શૌર્ય, પરાક્રમને તહીં પડકાર કેવો છે !

ઉમળકાથી હૃદયમાં તે શું લેવાયો સ્વીકારીને !
રહેલો હું ઊભો કેવો ટટારીથી જ રણમધ્યે !

સહાનુભૂતિ તુજ, મારે હૃદય શી મોટી મિલકત છે !
હૃદયમાં પ્રેરણા જેથી મળ્યા કરતી જ લાગે છે.

વીંટામણ ને શી અથડામણ જીવન જ્યાં સાંપડેલી છે !
**હરિ** તુજ હૂંફ ને ઓથે બધું જે તે તરાયું છે.

હરિઃૐ

## ઘવાયો શો બૂરી રીતે છતાં અણનમ રહેલો જે

અનુભવવા જીવનસત્ત્વ હૃદયથી **પણ** લીધેલું છે,
થવાને આર કે પાર શું દૃઢ નિશ્ચય થયેલો છે !

કશી કંઈ આળપંપાળ જીવનમાં ના રહેલી છે,
ન ગભરાવાનું હાવાં છે, હવે કેસરિયાં કીધાં છે.

ઝનૂનની ધૂન વ્યાપી છે, ખપી જાવું પૂરેપૂરું,
પ્રકૃતિનીય વચ્ચેથી જવા નીકળી જ ધાર્યું છે.

ઝપાઝપી શી ભયંકર ને શું કાપાકાપી જામી છે !
ઘવાયો શો બૂરી રીતે છતાં અણનમ રહેલો જે !

હરિઃૐ

## ઊંધું ઘાલી જ સૌ જે તે કર્યાં કરવાનું રાખ્યું છે

ચઢાવી બાંયને ઊંચી ઊભો શો છાતી કાઢીને
-લડત લડવા જ સંપૂર્ણ જીવનમાં મસ્તી પ્રગટી છે !

સહાનુભૂતિ ને હૂંફ **હરિ**થી જે મળેલાં છે,
ખરેખરનું જીવનબળ તે પતિતનું તો જીવનમાં છે.

લડતમાં તોય છક્કડ શી ખવાઈ તો ગયેલી છે !
કરી બે હાથ ત્યાં પહોળા ઊભો ખાલી રહેલો જે.

થતું જે જે બધું ત્યાં ત્યાં કૃપાથી તો થયેલું છે,
ઊંધું ઘાલી જ સૌ જે તે કર્યાં કરવાનું રાખ્યું છે.

હરિઃૐ

## લડતને શો ગુરુમંત્ર જ ગણી લીધેલ જીવન છે

લડ્યા વિના હૃદયકૌવત, જિગર ના કેળવાયે છે,
લડતને શો ગુરુમંત્ર જ ગણી લીધેલ જીવન છે.

પળેપળ સજ્જ તત્પરતા શી સંપૂર્ણ રખાતી છે !
છતાં પણ કોઈ વાર જ તે શી ભૂલથાપ ખવાયે છે !

ખરેખર દિલ પસ્તાવો શું અંતરમાં ભભૂક્યો છે !
બધું બાળી દઈ ભસ્મ જ સમૂળું શું કરાવ્યું છે !

પથે અથડામણો કેવી જીવન પ્રગટ્યા કરેલી છે !
તહીંથી શોધવા માર્ગ બધી હિકમત લગાવી છે.

હરિઃૐ

## જીવનનો ભવ્ય આદર્શ જીવન પ્રગટાવવાનો છે

જીવનનો ભવ્ય આદર્શ જીવન પ્રગટાવવાનો છે,
પૂરેપૂરો જ સાક્ષાત્ હકીકતમાં જ પ્રીછવો છે.

હૃદય એવો જ સંપૂર્ણ પૂરેપૂરો શો નિશ્ચય છે !
લડત કેવી ભયંકરમાં ભયંકર આવી તે અર્થે !

મહત્ત્વાકાંક્ષી જીવનની નજર ને ચોટ જબ્બર છે,
હૃદય દિલચસ્પી તે અર્થે વીધંતી આરપાર જ છે.

શરીરનાં હાડકાંનાં શાં ચૂરેચૂરાં થયેલાં છે !
લડતમાં મસ્ત રણબંકો થતાં કેવો નશો દિલ છે !

નશાથી કેવું ધ્રૂજે છે, શરીર **આ** ! ને ઝનૂનથી જે
-મૂકીને વેગળું માથું જીવન કરી ડૂલ દીધું છે.

હરિઃૐ

## જીવન ફળાવવાકેરો શું હેતુ મહત્ત્વનો તે છે

ઝઝૂમવાનું, ઝઝૂમવાનું, જીવનમાં બહુ બહુ રીતે,
શું આવ્યું જે, જુદો સ્પષ્ટ જ શું હેતુ તે વિષય પ્રત્યે !

જુદા જુદા જ હેતુની હૃદય સભાનતા શી તે
-અનેરી છે જુદી જુદી ! કળા હેતુની ન્યારી છે.

પ્રસંગો જે મળેલા છે, કઈ રીતે વટવવા કે,
પ્રસંગો વૃત્તિવંટોળે ચડાઈ ના જવાયે તે.

હૃદયની સાવધાનીના પ્રસંગો જીવદશાના જે,
મળે તેમાં જ તે હેતુ જીવંતો રાખવાનો છે.

ભલે ત્યાં ત્યાં બધા હેતુ છતાં સૌ હેતુમાં હૃદયે
-જીવન ફળાવવાકેરો શું હેતુ મહત્ત્વનો તે છે !

હરિઃૐ

## હૃદયભક્તિથી હરિ પાસે બહુ વેળા જવાયું છે

જીવનમાં ઓથ મેળવવા સતત **હરિ**ની હૃદયમાં તે,
હૃદયભક્તિથી **હરિ** પાસે બહુ વેળા જવાયું છે.

મદદ **હરિ**ની લઈ લઈને, હૃદયથી હૂંફ મેળવીને,
ફરી લડવાનું હિંમતથી નવા શૌર્યે ધપાવ્યું છે.

કશાની કંઈ જ દરકાર હવે ના દિલ ઊગતી છે,
હવે તો માત્ર લડવામાં તદાકાર જ થવાયું છે.

ઝનૂન, ખુન્નસ નસેનસમાં શરીર વ્યાપી ગયેલાં છે !
શૂરાતનથી ધ્રુજારી તે શી રોમેરોમ પ્રગટી છે !

હરિઃૐ

# હૃદયથી સામનો કરતાં જીવનબળ કેળવાયું છે

જીવનમાં યુદ્ધ લડવામાં ભગીરથ યત્ન આવ્યો છે,
હૃદયથી સામનો કરતાં જીવનબળ કેળવાયું છે.

જુદી શી સૂક્ષ્મ હકીકત તે લડત લડવાની ચાવીયે
-લડત લડતાં વિશે કેવી મળી જીવન ગયેલી છે !

પછી તો હાર કે જીતની ન પરવા કંઈ રહેલી છે,
સતત લડવાનું દિલ ખુન્નસ રગેરગ મસ્ત વ્યાપ્યું છે.

બધું વ્યક્તિત્વ સંગ્રામે ભુલાઈ તે ગયેલું છે,
અનુભવની ભૂમિકામાં શું ઓગળી તે ગયેલું છે !

હરિઃૐ

## બધીયે શક્તિ સર્વસ્વ શી સંગ્રામે ચડાવી છે !

જુદી જુદી જ વેળાની, જુદી જુદી જ કક્ષાનું
-લડત લડવાનું શું જુદું ! જુદી શી ચાલ ત્યાંયે શું !

જરૂર છે યોગ્ય હઠવાનું કદીક ત્યાં જીતવા અર્થે,
બધાં જોખમ નર્યાં સાહસ અમે શાં હોડ મૂક્યાં છે !

લડત લડતાં, લડત લડતાં, ઝુકાવાઈ જવાયું છે,
થઈ યાહોમ સંપૂર્ણ ઝુકાવેલું જ યુદ્ધે છે.

હવે તો આર કે પાર શું દૃઢ નિશ્ચય જીવનનો છે !
બધીયે શક્તિ સર્વસ્વ શી સંગ્રામે ચડાવી છે !

હરિઃૐ

# લડત લડવાની દિલમાંની તમન્ના ના ઘટેલી છે

લડત લડતાં, લડત લડતાં, જીવનમાં કેટલીક વારે
-બધાયે હોશકોશ જ સૌ ઊડી કેવા ગયેલા છે !

બધી શી ઓસરી હિંમત પૂરેપૂરી ગયેલી છે !
પરોણા ખૂબ માર્યા છે, છતાં ત્યાં ના ટકાયું છે.

લડત લડવાની દિલમાંની તમન્ના ના ઘટેલી છે !
ઘણું મોટું જ આશાનું જીવન ટકવાનું લક્ષણ તે.

ભલેને બહુ જ વેળાએ થયેલું હારવાનું છો,
છતાં તેમાંથી શીખ્યો છું, લડત લડવાની ચાવી તે.

ભલે મેદાન મારી ના ગયેલો છું બધી રીતે,
છતાં અધવચથી તો નાસી છૂટેલો છું ન હું ક્યાંયે.

હરિઃૐ

## વિના સંગ્રામ જીવનનું કશું ઘડતર ન થાયે છે

જીવનમાં બહુ બહુ રીતે શું અથડાતાં, કુટાતાંમાં !
મળ્યું જે શીખવાનું છે, બહુવિધ મેળવાયું ત્યાં.

જીવનમાં શીખવાની જ્યાં હૃદયદાનત શી પાકી છે !
ગમે ત્યાંથીય શીખવાનું મળ્યા કરતું રહે છે તે.

વિના સંગ્રામ જીવનનું કશું ઘડતર ન થાયે છે,
બધું સંગ્રામને લીધે નૂતન શીખવું થયેલું છે.

જીવનમાં યુદ્ધને લીધે રહેવાયું જ છે સજ્જ,
શી તત્પરતા જ પ્રગટીને, સતત એકીટશે દૃષ્ટ.

હરિઃૐ

## જીવનના પાણીની કિંમત શી પરખાઈ ગયેલી છે !

લડતમાં પડવું ને ઊઠવું વળી હઠવાનું પાછુંયે,
અનેકે વાર પ્રગટીને, કસોટી શી થયેલી છે !

પરીક્ષા આંતરિક બળની ખરી શી દિલ થયેલી છે !
જીવનના પાણીની કિંમત શી પરખાઈ ગયેલી છે !

ખમીર, ધૈર્ય, હૃદયહિંમત, પરાક્રમ, શૌર્ય કેવાં તે
-મળંતાં યુદ્ધથી તેની ખબર મેળે પડેલી છે.

જીવનમાં ખૂટતું જે જે જરૂરી યુદ્ધ કાજે છે,
બધું રણજંગમાં લાવી મૂકી તે તે દીધેલું છે.

હરિઃૐ

## પથે ડગલે જ ડગલે શા અજાણ્યા દેશ આવે છે

જીવનમાં ડગલે ડગલે શું જવા ચડતાં જ ઊર્ધ્વે ત્યાં,
અપાયું યુદ્ધ બહુ રીતે, પહોંચાતું ન ખાલી ત્યાં.

પથે ડગલે જ ડગલે શા અજાણ્યા દેશ આવે છે !
સીમા જેની ન જાણી છે, બધી હકીકત અજાણી છે.

છતાં હિંમત ધરી ધરીને પથે ધપવાનું રાખ્યું છે,
હૃદય વિશ્વાસ કે લડતાં પ્રગટવાની હૃદયસૂઝ તે.

હૃદયનો આત્મવિશ્વાસ રણકતો દિલ મારે છે,
સતત લડવાતણો જુસ્સો હજી મોળો પડ્યો ના છે.

હરિઃૐ

## થયા કટકા છતાં ત્યારે પરાક્રમ મસ્ત મોર્યું છે

જીરવવાની જ તાકાત હૃદયથી ખોરવાઈ છે,
કઈ રીત તો હવે ઊભા રહેવું, તે ન સૂઝ્યું છે.

શું ડામાડોળ સઘળુંયે તહીં ડો'ળાયેલું પણ છે,
અવ્યવસ્થિત સૌ થયેલું છે, બધું વેરવિખેર જ છે.

સમય જ્યાં હાશ ખાવાને મળ્યો, તેમાં વિચારીને
-હૃદય સૂધબૂધ વાપરતાં, કંઈક સજ્જ થવાયું છે.

પછીથી તો શું લડવામાં શૂરાતન ઑર ફોર્યું છે !
થયા કટકા છતાં ત્યારે પરાક્રમ મસ્ત મોર્યું છે.

ભલે છોને પડ્યું ધડ તે, છતાં માથું જ જુસ્સાથી
-લડે છે બેધડક કેવું ! બલિહારી કૃપાની શી !

હરિ:ૐ

## ભયંકર હાર પણ થઈ છે, છતાં લડવું ન છોડ્યું છે

કદીક શત્રુ મહાભારે લઈ હલ્લો જ આવીને
-શું જંગે ત્રાટકેલા છે ! મહામુશ્કેલી સર્જી છે.

બધુંયે છિન્નભિન્ન જ તે શું અસ્તવ્યસ્ત બનિયું છે !
ભયંકર હાર પણ થઈ છે, છતાં લડવું ન છોડ્યું છે.

ભલે બહુ માર ખાધો છે, પીછેહઠ છો થયેલી છે,
છતાં પીઠ ના બતાવી છે, નવાઈ તેથી શી દિલ છે !

કમર કસીને, થઈ સજ્જ બધે ચોમેરથી સામે
-કૃપાથી હુમલો વળતો ખરેખર શો થયેલો છે !

હરિઃૐ

## મને એણે મઠારીને કરેલો સજ્જ મેદાને

લપસણી તે ભૂમિકામાં જહીં લડવાનું આવ્યું છે,
લપસી લપસી પડાતામાં, પકડ ત્યારે ગુમાવી છે.

છતાં સભાનતા ત્યારે હતી જાગેલ જે હૃદયે,
મને એણે મઠારીને કરેલો સજ્જ મેદાને.

ફરી ફરીને ઊભું પૂરું થવાતામાં હૃદયથી તે,
પૂરું અજમાવતાં જોર કશી ફાવટ ન આવી છે.

છતાં તોયે મથી મથીને લપસતાંયે લપસતાંયે,
સતત લડવાતણી દાનત હૃદય જીવતી રહેલી છે.

હરિઃૐ

# છતાં રણક્ષેત્રમાં ઊભા રહેવાયું કૃપાથી છે

કદીક મધરાત્રિએ કેવો થયેલો હુમલો ભારે !
છતાં ત્યારેય મજબૂત શો થયો છે સામનો ત્યારે !

પૂરેપૂરો ન સાવધ હું, છતાં જે તે સમેટીને
-બધું સંકેલી, સંકોરી સફાળો સજ્જ શો ત્યારે !

છતાં ફટકા પડેલા છે, બહુ જ માર ખવાયો છે,
છતાં રણક્ષેત્રમાં ઊભા રહેવાયું કૃપાથી છે.

હૃદયથી આવડ્યા તેવા બધાયે પેંતરા જે તે
-પૂરી દિલ દક્ષતાથી ત્યાં પૂરા અજમાવી જોયા છે.

હરિઃૐ

## છતાં રણક્ષેત્ર છોડીને, ન ત્યાંથી ભાગી છૂટ્યો જે

કદીક હુમલા જ ઓચિંતા શું અણધાર્યા જ પ્રગટ્યા છે !
કશીય તૈયારી તે અંગે થયેલી ના પૂરી પણ છે.

હૃદય તત્પરતા લડવાની જરૂર તે તો હતી નિશ્ચે,
પરંતુ સાવધાની તે પરત્વેની નહોતી કૈં.

છતાં જ્યાં આવી પડિયું છે, કશું જોવા ન બેઠો છું,
બધું જે આવડ્યું તેવું, બધું ઉપયોગ લીધું શું !

ઊંધુંચત્તું પડાયું છે, નજર બેબાકળી થઈ છે,
છતાં રણક્ષેત્ર છોડીને, ન ત્યાંથી ભાગી છૂટ્યો જે.

હરિઃૐ

## જીવનમાં કારમા કેવા બહુ સંગ્રામ આવ્યા છે !

જીવનમાં કારમા કેવા બહુ સંગ્રામ આવ્યા છે !
જીરવવા દોહ્યલા કેવા મને ભારે પડેલા છે !

નર્યું બળ સર્વ વપરાતાં છતાં ગાંઠ્યા ન મુજને છે,
કદીક અટવાઈ, ગૂંચાઈ પડ્યો મુસીબત વિશે શો જે !

કઈ રીત ખેલવું યુદ્ધ ! કશી સમજણ ન ઊગે છે,
ગ્રહી મજબૂત રીતે મેં તો બધું જ્યમ ત્યમ શું રાખ્યું છે !

બધાયે મોરચે લડવું હૃદયની સાવધાનીએ,
વળી ત્યાં એકલક્ષેથી, તહીં છક્કા છૂટેલા છે.

હરિઃૐ

## અભય કેવો થયો પક્વ, નીરખવા યુદ્ધ ઝીલ્યાં છે

બધીયે સ્થૂળ ભૂમિકાના બધા સંગ્રામ મહાલ્યા છે,
'અભય કેવો થયો પક્વ,' નીરખવા યુદ્ધ ઝીલ્યાં છે.

**हरि, हरि,** દિલ પુકારાતાં, શી *લાઠીઓ ઝીલેલી છે !
તસુ ના એક પણ સહેજે ન હઠવાનું બનેલું છે.

જુદા જુદા સ્વભાવોનાં બધાંની મધ્યમાં કેવું
-સહજ સ્વભાવથી ત્યારે જીવનસાધન થયેલાં શું !

હૃદયની સ્વસ્થતા, શાંતિતણી ત્યારે કસોટીયે
-ખરેખરી શી થયેલી છે, કૃપાથી ના ડગાયું છે.

* ૧૯૩૦ની સાલમાં પોલીસની લાઠીઓ.

હરિઃૐ

# લડતપગરણ પૂરેપૂરાં શું મંડાઈ ચૂકેલાં છે

જીવનવિકાસની પ્રત્યે જીવનની જ્યાં ગતિ થઈ છે,
લડત તે વેળની જાગી, શરૂ કેવી થઈ ગઈ છે !

જુદી જુદી ભૂમિકાના જુદા જુદા જ ક્ષેત્રો તે,
લડતપગરણ પૂરેપૂરાં શું મંડાઈ ચૂકેલાં છે !

લડતમાં યોગ્ય હથિયાર, વળી બખતર વિશે પણ તે
-હૃદયનો ભાવ સંપૂર્ણ, થતાં જ્યાં ચેતનાત્મક જે.

સમગ્ર **આ** જીવનનું તે બધુંયે બળ ખરેખરનું
-લડતને જીતવા માટે દીધું ત્યાં સંકળાવી છે.

હરિઃૐ

## લડતના સર્વ તે ક્ષેત્રે લડતને જીતી લેવી છે

શું આથડવું પડેલું છે ! શું બાથડવું પડેલું છે !
થયેલો સામનો શો તે ! શી બાંધેલ બાખડી ત્યાં છે !

કદીક જુસ્સો, કદીક ગુસ્સો, કદીક નરમાશ પ્રગટી છે,
છતાં એકંદરે કેવી લડત જારી રહેલી છે !

પ્રકારોયે જુદા જુદા લડતમાં શા નિહાળ્યા છે !
લડતના રંગયે જુદા જુદા કેવા થયેલા છે !

લડતમાંથી પૂરેપૂરું નીકળવું બહાર ધાર્યું છે,
લડતના સર્વ તે ક્ષેત્રે લડતને જીતી લેવી છે.

હરિઃૐ

# લડતમાંથી હૃદય કેવું મળેલું શીખવાનું જે

લડતમાંથી હૃદય કેવું મળેલું શીખવાનું જે !
જુદા જુદા અનુભવનું બધું શિક્ષણ જુદું શું છે !

થઈ તે એકબીજાની શકે સરખામણી ના તે,
જુદી દૃષ્ટિ, જુદા ક્ષેત્રે અનુભવની નિરાળી છે.

લડત જે સ્થૂળ ભૂમિકાતણી કરતાં જુદી શી જે !
લડત તે સૂક્ષ્મ ભૂમિકાતણી મુશ્કેલ, અઘરી છે.

લડત હો એકની એક પ્રકારે ભિન્નતા ના છે,
છતાં જ્યાં ભૂમિકાફેર બધું બદલાઈ જાયે તે.

હરિઃૐ

## દરેકની વ્યૂહરચનાઓ જુદી જુદી નિરાળી છે

જુદી જુદી રીતે કેવું સતત લડવું પડેલું છે !
જુદી શી વ્યૂહરચનાથી લડત લડવાની આવી છે.

દૂરંદેશીપણાથી તે રચેલી વ્યૂહરચના છે,
શું ફુરચેફુરચા તેના ઊડી ભૂકા ગયેલા છે !

ફરીથી ચેતી ચેતીને અનુભવ જે મળેલા છે,
શીખી તેનાથી લઈ નૂતન રીતો અજમાવવાની છે.

જુદી જુદી ભૂમિકાની, લડતની રીત જુદી છે,
દરેકની વ્યૂહરચનાઓ જુદી જુદી નિરાળી છે.

હરિઃૐ

## જીવનમાં વાસ્તવિક સઘળું કરી, દર્શાવવાનું છે

બડાશો મારવી, બણગાં અમસ્થાં ફૂંકવાં શાને ?
જીવનમાં વાસ્તવિક સઘળું કરી, દર્શાવવાનું છે.

જીવન જ્યાં રંગ જામ્યો છે, જીવન ત્યાં તંગ કેવું છે !
થયેલું ભંગ કેવું તે ? કઠિન ટક્કર ઝિલાવી તે.

ભલે પાછું હઠાયું છે, ન તેની કોઈ ચિંતા છે,
બરાબર પાકી દરકાર જ જીવનની ત્યાં રખાઈ છે.

નવું રળતર કમાવાને ફરી કમર કસી કસીને,
લડતને આવકારીને અમે પંજો ઉઠાવ્યો છે.

હરિઃૐ

## લડત એ તો હવે જીવન હકીકત જ્યાં બનેલી છે

લડત આપ્યા વિના છૂટકો હવે જ્યાં તે થવાનો ના,
પછીથી દમ ભિડાવી કાં લડતમાં મસ્ત ઝૂકવું ના ?

લડત એ તો હવે જીવન હકીકત જ્યાં બનેલી છે,
હૃદય મસ્તીથી છલકાઈ લડતને આવકારી છે.

ન આવકારી શી માત્ર ! સ્વીકારી દિલ લીધી છે,
લડતનેયે ખમીર દિલનું બતાવી આપવાનું છે.

લડતનેયે ખબર પડશે ‘જીવનમાં કોની સંગાથે
-હવે લડવાનું મારે છે ?’ ઝનૂન અગ્નિ શું સળગ્યું છે !

હરિઃૐ

## પડ્યા ફટકા ખરેખરના, છતાં શો જંગ ખેલાતાં !

છૂપા હુમલા જ સામેથી શું ઓચિંતા જ પ્રગટ્યા છે !
તહીં ના જાગૃતિ, તેથી શું લેવાઈ જવાયું છે !

પડ્યા ફટકા ખરેખરના, છતાં શો જંગ ખેલાતાં,
હૃદય દઢતાથી ખેલાતાં શું ખુન્નસ ત્યાં ઊકળતું છે !

કશે ઠરવા દીધો ના છે, ઊભો રહેવા ન દીધો છે,
જીવન રમખાણમાં કેવું સતત બસ ઘૂમવાનું છે !

હવે એવા જીવન વિશે સમય સહુ ગાળવાનો છે,
‘દિવસ એવાય વહી જાશે’, જીવનમાં તેથી ધરપત છે.

હરિ:ૐ

## લડત વચ્ચેથી શું માર્ગ જીવનમાં કાઢવાનો છે

લડત વચ્ચેથી શું માર્ગ જીવનમાં કાઢવાનો છે,
જીવનમાં જાગવાનું છે, જીવનમાં જીવવાનું છે.

'ઠરીઠામ જ થયા વિના નિરાંતે જીવવાની તે
-બધી હકીકત નકામી છે' સમજ ઊતરી ગળે ગઈ છે.

સતત તેથી સકળ મારો થવા ઠામ જ પરત્વેનો,
લગાતાર જ ધરાવીને હૃદય મંડ્યો રહેલો શો !

વિના તેના ન આરો છે, થઈ ચૂકેલ નિશ્ચય છે,
જરૂર એક દિન પહોંચાશે રણકતી ખાતરી દિલ છે.

હરિઃૐ

## જીવનમાં ક્યાંય વિરામ જરા સરખો ન લીધો છે

જીવનમાં ક્યાંય વિરામ જરા સરખો ન લીધો છે,
શી અથડામણ વિશે જ્યાં ત્યાં શું અથડાયા કરાયું છે !

અહીંતહીંથી જ દૂર દૂર શું કહીંનો કહીં જ હું ક્યાંયે
-રખડતો ને રવડતો શો ! જીવન એવું ગળાયું છે.

શી સંકડામણ જીવનમાંની પ્રવર્તેલી હતી ત્યારે !
હવે ગાથા શી ગાવી તે ! વીતેલું સૌ વીતેલું છે.

જીવનના સૌ તબક્કામાં મહત્ત્વે તો લડત શી છે !
કદીક સ્થૂળ, કદીક સૂક્ષ્મ, કદીક કારણ વિશે પણ છે.

હરિઃૐ

# નસીબ છોને ગમે તેવું નસીબની કોઈ ન પરવા છે

શું અથડાયો કુટાયો છું, અફળાયો જીવનમાં તે !
લડતમાં દૂર ફેંકાયો ન કોઈની નજર જ્યાં છે.

પડ્યું ત્યાંયે ન રહેવાયું, ઉધામા શા થયેલા છે !
ઉઠાતામાંથી પડવાનું નસીબે શું લખાયું છે !

નસીબ છોને ગમે તેવું નસીબની કોઈ ન પરવા છે,
અમારો યુદ્ધ દેવાનો જીવનમાં કોલ કેવો છે !

મરી જાશું, ફના થાશું, કશી પરવા ધરી ના છે,
ખપી જાતાં, ખપી જાતાં, લડતને અંત દેવો છે.

હરિઃૐ

# જીવનમાંના કંઈક ગુણો લડતથી કેળવાયા છે

જીવન લડવાનું આવ્યું જે, હૃદય સદ્ભાગ્ય માન્યું છે,
સતત શા યુદ્ધમાંથી તો જીવનબળ શું બઢેલું છે !

જીવનમાંના કંઈક ગુણો લડતથી કેળવાયા છે,
સતત શી જાગૃતિ દિલની ! કૃપા એ તો શી અનહદ છે !

લડતની સભાનતા વિના લડત જિતાવી દુર્લભ છે,
ખરો સંગ્રામથી પાયો જીવનઘડતરનો મક્કમ છે.

મળ્યા સંગ્રામથી કેવું શું બાથોબાથ જીવનમાં
-અવાયું છે પરસ્પરથી ! લડતને ધન્યવાદ જ શા !

હરિઃૐ

## હૃદય શું શ્વાસભેર જ તે સતત લડવાનું આવ્યું છે

**हरि!** એકવાર તો મુજને હૃદયમાં થઈ ગયેલું કે
-જીવન સર્વસ્વ તો હાવાં શું યુદ્ધે ખપી જવાનું છે !

શું ઉપરા ઉપરી મારો લગાતાર જ પડેલો છે !
જરા કંઈ દમ હૃદય ખાવા કદી પણ ના મળેલો છે.

હૃદય શું શ્વાસભેર જ તે સતત લડવાનું આવ્યું છે,
લડી લડીને જ મુજ કૂચો પૂરો નીકળી ગયેલો છે.

ન આ ફરિયાદરૂપે છે, હકીકત સર્વ મારી જે
-તને જો ના જણાવું તો, કહું કોને અવરને તે ?

ફરજ આવેલ જે મારે કર્યાં કરવા વિશે તે તે,
કદી ના ચૂકવાનો છું, કૃપાબળથી જ તારા તે.

હરિઃૐ

## થતાં નિર્બળ હું સંપૂર્ણ, તને हरि સાદ પાડ્યો છે

જીવનમાં કારમી વેળા શી ડૂબવાની જ આવી છે !
અણી ચૂક્યો જીવે કેવું ! હૃદય તે આશ ધારીને.

સમર્થ એકલો મારો ધણી સાચો **हरि** તું છે,
હૃદયથી ઊંડું સમજીને હૃદયપોકાર પાડ્યો છે.

હલાવી બાવડાં જોયાં પછાડા મારી મારીને,
બધું વપરાઈ જતાં બળ તો હવે ના ચાલતું મુજ છે.

બધાયે ધમપછાડા જ્યાં કશા કામિયાબ ના'વ્યા છે,
થતાં નિર્બળ હું સંપૂર્ણ, તને **हरि** સાદ પાડ્યો છે.

હરિઃૐ

## જીવનમાં જીતવા જંગ, કમર કેવી કસેલી છે !

જીવનમાં જીતવા જંગ, કમર કેવી કસેલી છે !
કદીક બાંધેલ સૌ બંધ જતા તૂટી જ લાગે છે.

થતું સૌ વેરવિખેર જ શું અસ્તવ્યસ્ત સઘળું છે !
કશું ના ઠામઠેકાણું કશાનું ક્યાંય રહ્યું ના છે.

રમણભ્રમણની તે સર્વ દશા કેવી જીવનમાં તે,
રખડતું જેમ ત્યમ સઘળું ગમે તેમ જ પડેલું છે.

ઊભો ઊભો હું એકલડો નયનથી અશ્રુ છલકાવી,
તને હું સાદ દેતો શો ! કૃપા શી ત્યાં જ વર્ષાવી !

હરિઃૐ

# કૃપાબળ માત્રથી મુજથી ટકાયા ત્યાં કરાયું છે

જુદી જુદી ભૂમિકાની લડત પણ ન્યારી જુદી છે,
લડતનાં રીત, રૂપ, રંગ જ, બધાં જુદાં જુદાં શાં છે !

લડતની સર્વ હિકમત પણ, લડતની સર્વ રંગત તે
-જુદી જુદી ભૂમિકામાં જુદી જુદી રીતનાં શાં છે !

લડત શી સર્વ લડવાની મનાદિથી રહેલી છે,
છતાં જીતતાં જતાં મોરાં બધાં બોલી ગયેલાં છે.

કૃપાબળ માત્રથી મુજથી ટકાયા ત્યાં કરાયું છે,
કળાઈ ત્યાં જવાતામાં **हरि** તેં હાથ દીધો છે.

હરિઃૐ

## તકેદારી ઘણી ઘણી દિલ કૃપાથી દિલ રખાઈ છે

લડત લડતાં હૃદય મારે લડતની સભાનતા પૂરતી
-ખરેખર જાગ્રતિવાળી શું ચારેકોર ધરાઈ છે !

ક્યાશ ક્યાં કઈ કઈ છે ! બધી ચોકસાઈ રાખીને
-નીરખવું કેવું પડતું ત્યાં ! નજર સાવધ ધરી ધરીને.

બધાયે ચોકી પહેરાને, સતત દે લક્ષ નિજ કર્મે,
વ્યવસ્થા સર્વ પાકી શી ! કરી દીધેલ તે રીતે.

જરૂરી સૌ લડત અંગે વ્યવસ્થિત નિજ ઠેકાણે
-તકેદારી ઘણી ઘણી દિલ કૃપાથી દિલ રખાઈ છે.

હરિઃૐ

# વિશેષે ને વિશેષે ત્યાં હૃદયથી દમ લગાડ્યો છે

જીવનમાં કામ ક્રોધાદિતણા સંગ્રામ કેવા છે !
જિતાવા ખૂબ તે અઘરા, શું આવ્યો નાકે દમ ત્યારે !

ભયંકર યુદ્ધ જીતવાને હૃદયની શક્તિ મજબૂત તે,
ખરેખર જોઈશે કેવી ! હૃદય તે ભાન જાગ્યું છે.

ભજન, કીર્તન, સ્તવનનાં જે અવર સૌ સાધનો વિશે,
વિશેષે ને વિશેષે ત્યાં હૃદયથી દમ લગાડ્યો છે.

રસાયાં જ્યાં મનાદિ છે, કૃપાનાં સાધનો વિશે,
જીવનમાં જોશ સઘળુંયે વળી તેમાં ગયેલું છે.

હરિ:ૐ

## શું આખરનું ખરેખરનું ફરી શું યુદ્ધ આપ્યું છે !

અસુરો, સુરની વચ્ચે ભયંકર જંગ જામ્યો છે,
જીવનના હાલ બેહાલ નર્યા કેવા થયેલા છે !

અસુરોએ જીવનનો તો શું કચ્ચરઘાણ વાળ્યો છે !
બધું ખેદાનમેદાન કરી નાખ્યું જીવનનું છે.

ભલે દેવો જ હાર્યા છે, ભલે ભાગી ગયેલા છે,
છતાં પાછા **हरि** પાસે શી ચાવી જીતવા ચહી છે !

**हरि** પાસેથી શી શક્તિ નૂતન મૌલિક પામીને
-શું આખરનું ખરેખરનું ફરી શું યુદ્ધ આપ્યું છે !

હરિઃૐ

## જીતી લેવા નવા દેશો ઝનૂન એને શું વ્યાપે છે !

તસુ, તસુએ લડ્યા વિના ન કબજો ક્યાંય મળતો છે,
જિતાયા વિણ સંપૂર્ણ અધૂરું, કાચું સૌ રહે છે.

બધુંયે જીતી લેવાનું રજેરજ તે જીવનનું છે,
જિતાતાં ત્યાં નવી ભૂમિમાં શું પગલાં જે પડાતાં છે !

થતાં નૂતન ભૂમિ પ્રાપ્ત હૃદય આનંદ ખુશબો છે,
જીવનનો ઑર પોરસ જે ચઢેલો હોય કેવો તે !

લડાઈ જે જીતેલો છે, સમજ તેને પડે છે તે,
જીતી લેવા નવા દેશો ઝનૂન એને શું વ્યાપે છે !

હરિઃૐ

## લડ્યા કરવાનું નિરંતર જીવનમાં ભાગ્ય આવ્યું છે

સતત બસ માત્ર લડવાનું ! જીવનસંગ્રામ જબ્બર તે
-લડ્યા કરવાનું નિરંતર, જીવનમાં ભાગ્ય આવ્યું છે.

લડત લડતાં જીવનમાં ત્યાં ન એકલ વેદના ત્યાં છે,
શી લડવાના શૂરાતનની જીવનમસ્તી અનેરી છે !

જીવનનું ધ્યેય જેને છે, વળી ધગધગતું પણ તે છે,
સળગતું અગ્નિ પેરે છે, મજા રંગત શી એની છે !

જીવનનાયે પરાક્રમને જહીં પડકાર પડતો છે,
ઝીલી લેતાં, હૃદયનો શો નશો જુસ્સો અનુપમ છે !

હરિઃૐ

## હૃદયબળ એકદમ ક્યાંથી જીવનમાં શી રીતે પ્રગટ્યું ?

લડત લડતાં કદીક કેવો થયેલો લોથપોથ જ તે !
જીવન પણ કોથળી જેવું ઢીલુંપોચું થયેલું છે.

કશા ના હોશકોશ જ છે, શી નાસીપાસી એવી છે !
શી છક્કડ તે ખવાઈ છે ! ન બેઠું ત્યાં થવાયે છે.

વળે શાં આંખ અંધારાં ! છૂટ્યા શા દિલ પરસેવા !
વળેલા છે તહીં જોબા, જીવનની શી હકીકત તે !

છતાંયે કોણ જાણે શું ફરીથી ત્યાં થવા બેઠું,
હૃદયબળ એકદમ ક્યાંથી જીવનમાં શી રીતે પ્રગટ્યું ?

હરિઃૐ

## સતત લડવાની રંગતમાં શું રણશૂરા થવાયે છે !

જુવાનીનો નર્યો જુસ્સો શું રણજંગે ચઢેલો છે !
બજે જ્યાં મસ્ત રણશિંગાં શરીરમાં જોમ ફૂટે છે.

કંઈકની મસ્ત શૂરવીરતા હૃદય પોરસ ચગાવે છે,
થતાં કેસરિયાં સંપૂર્ણ શૂરાતન પૂર ચડતું છે.

શરીર જીવનની પરવાયે કશી પણ ત્યાં ન મન રહે છે,
થવા ખુવાર સંપૂર્ણ નશો મદમસ્ત ચડતો છે.

ન જીત કે હારનોયે ત્યાં કશો વિચાર પણ રહે છે,
સતત લડવાની રંગતમાં શું રણશૂરા થવાયે છે !

હૃદયનું ગાંડપણ ઘેલું લડ્યા કરવા વિશે બસ છે,
બધું તેમાં જ પરોવાઈ કશું બીજું સૂઝે ના તે.

હરિઃૐ

## નગારાં ધૂમ વાગીને હૃદય ચેતેલ રાખે છે

સતત ખૂબ જાગતું રહેવા, હૃદય હાકલ પડેલી છે,
નગારાં ધૂમ વાગીને હૃદય ચેતેલ રાખે છે.

બરાડાબૂમ ધાંધલના બખાળાયે પડેલા છે,
શી દોડાદોડ અહીંતહીંની ન સાંભળવા કશું પણ છે.

ધુમાડાથી બધું જે તે છવાઈ શું ગયેલું છે !
નયન ફાડી ભલે જુઓ, છતાં દેખાતું કંઈ ના છે.

શી અંધાધૂંધી વ્યાપી છે ! કશાનું ઠામઠેકાણું
-કશું પણ ના રહેલું છે, છતાં રાખ્યું જ ઊભવાનું.

હરિઃૐ

## બધી બાજુની તત્પરતા ખરેખર શી રખાઈ છે !

લડાતાંમાં, લડાતાંમાં, પૂરી તૈયારી લડવાની
-બધી સંપૂર્ણ કરવામાં રખાઈ છે તકેદારી.

બધું ખૂટતું હતું જે જે, બધું તૈયાર કરવે તે,
બધી બાજુની તત્પરતા ખરેખર શી રખાઈ છે !

વ્યવસ્થા સર્વ ચોકસાઈ, લડતમાં સાવચેતી ને
-પૂરી શી સાવધાની પણ રખાવાને મથાયું છે.

જરીક અણ આવડત પણ શી લડતમાં હાર ખવરાવે !
હૃદય દૂરબીનની દષ્ટિથી શું જોવાયા કરાયું છે !

હરિઃૐ

## હૃદયની ભાવમસ્તીથી ઝનૂને શો ચઢેલો જે !

જીવનમાં હારી હારીને વળી ગઈ પીઠ બેવડ શી !
છતાં લડવાનું તો ચાલુ રખાયું છે ફરી ફરીથી.

હરાતામાં બધાં કારણ જણાયાં હારવાંકેરાં
-હતાં શાં શાં ! કૃપાથી તે મળેલું જાણવા ત્યાં ત્યાં.

અસુરો કેટલીક વેળા શું દેવો પર જીતી જાય !
થયું પ્રત્યક્ષ જીવનમાં મને એવું જ સાક્ષાત્.

**હરિ**ના ભાવમાં સજ્જ પૂરેપૂરો થવા કાજે,
હૃદયની ભાવમસ્તીથી ઝનૂને શો ચઢેલો જે !

હરિઃૐ

# ગરજ દિલ ખેલવા ઉત્કટ ઊગંતાં, સૂઝ જાગે છે

અજાણ્યા પણ લડતમાં શા કંઈક તે પેંતરા આવ્યા !
સમજ ત્યાં કેમ લડવાની હતી દિલમાં કશી પણ ના.

પરંતુ જંગ ખેલંતાં કળા તે તે ઊગેલી છે,
ગરજ દિલ ખેલવા ઉત્કટ ઊગંતાં, સૂઝ જાગે છે.

ઘણી વેળા જીવનમાં **આ** ખરી પળ સત્ય પ્રગટંતાં,
નવી શી ચાલબાજીની ખબર કેવી પડી છે ત્યાં !

બધોયે આપણી પર તો પૂરો આધાર જે તે છે,
સ્વીકારાતું કઈ રીતે, બધી તે રીત, દૃષ્ટિ છે.

હરિઃૐ

## જીવનસંગ્રામ ખેલાયા, મહાભારત સમા કેવા !

જુદી જુદી બહુ રીતના જુદી જુદી ભૂમિકામાં,
જીવનસંગ્રામ ખેલાયા, મહાભારત સમા કેવા !

ભવાયો ના થવાયું છે, કટીબદ્ધ જ ઊભાયું છે,
બધી ટક્કર ઝિલાઈ છે, કૃપાની શી કરામત તે !

લડતની જે કળા સર્વ શી વપરાતાં જ વપરાતાં,
કળાની ઉત્તમોત્તમ જે શી શક્તિ વ્યાપી છે દિલમાં !

બધી વેળા લડતબાજી ન સવળી તે પડેલી છે,
છતાં તેમાંથી શીખીને સતત લડવાનું રાખ્યું છે.

હરિઃૐ

## ધરંતાં સામનો, કેવી જીવનશક્તિ બઢેલી છે !

ઝનૂન વ્યાપેલું ઑર લડત લડતાં જીવન વિશે !
શરીરનાં રોમરોમેયે રહેલું થનગની બળ તે.

લડત લડવા જીવનમાંનું ખમીર શું ઊકળેલું છે !
ફનાના ફાતિયાને શા જીવનમાં નોતરેલા છે !

થતાં ખુવાર સંપૂર્ણ જ કશી પરવા ન ધારી છે,
જીવનબળ ઊલટું ત્યારે શું ધસમસતું ધસેલું છે !

જીવનસંગ્રામ એવા કૈં બહુ વેળા શું જન્મ્યા છે !
ધરંતાં સામનો, કેવી જીવનશક્તિ બઢેલી છે !

હરિઃૐ

## ભલે પાછું પડાતું છે, લડત જારી જ રાખી છે

પળે શી હારતી વેળા ન ફેરવી પૂંઠ દીધી છે !
ફરાયું પાછું, ધરપતથી કરીને પીઠ પછવાડે.

બધું ખેલાતું જે યુદ્ધ નજર સામે શું તેથી છે !
ભલે પાછું પડાતું છે, લડત જારી જ રાખી છે.

નવી નવી રીત કરામતની હૃદય લડતી જ વેળાએ
-ઊગી તે, સજ્જ લડવામાં પૂરી વપરાતી રાખી છે.

કદીક ભારે, કદીક હળવો લડતનો રંગ જામેલો,
બધી તે પળ, હૃદયમાંનો પડ્યો જુસ્સો ન કંઈ ઢીલો.

હરિઃૐ

## કંઈક વેળા હરાયું છે, કંઈક વેળા જિતાયું છે

જીવનના નૂરને પક્વ થવા, યુદ્ધ જ મળેલાં છે,
હૃદયની તે સમજદારી પૂરેપૂરી જ પાકી છે.

મળેલાં યુદ્ધમાં તેથી શી સમજણ જીવતી રહે છે !
છતાં કોઈક વેળાએ કદીક લથડી પડાયું છે.

જહીં તે દિલ લથડાતાં પછી પાછો થતાં સાવધ
-થવાયું તે જ વિશેષે લડત લડવા કટીબદ્ધ.

બહુ શા વારાફેરાની રમત ભારે રમાઈ છે !
કંઈક વેળા હરાયું છે, કંઈક વેળા જિતાયું છે.

હરિઃૐ

## જીવનનો જીતવા જંગ હૃદય નિશ્ચય થયેલો છે

બધા સંગ્રામના દાવતણી પહેચાન ના કંઈ છે,
છતાં હિંમત ભીડી સામે કટીબદ્ધ જ હું લડવાને.

લડત લડતાં, લડત લડતાં, નરી શી સૂઝ પ્રગટી છે !
જીવનનો જીતવા જંગ હૃદય નિશ્ચય થયેલો છે.

મરણિયું યુદ્ધ દેવાને કશું બાકી ન રાખ્યું છે,
ફના સંપૂર્ણ થઈ જાવા શહૂર નાચંતું ઊગ્યું છે.

થઈ જ્યાં જીતવા વેળા, સરતચૂક જ થતાં ક્યાંક,
અવળચંડો ઊંધો ફટકો પડંતાં, શી પડી હાક !

હરિઃૐ

## થઈ પાછો કટીબદ્ધ જ ફરી સંગ્રામ ખેલ્યો છે

પૂરું હારી જવા વેળા નરાતાર ઊગી જ્યાં છે,
કુમક એકદમ શી અણધારી કહીંકથી આવી લાગી છે !

શી હાડોહાડ જીવનમાં પછીથી લાગી ગઈ દિલ જે,
ભિડાવ્યા પેંતરા એણે બરાબર સામને શા તે !

બધુંયે કચકચાવીને હૃદયબળ વાપરેલું છે,
જહીં ત્યાં જંગ જીતવા પળ, ઊંધી બાજી વળેલી છે.

છતાં જ્યાં સાથમાં **હરિ** છે, હૃદયવિશ્વાસ પાકો તે,
થઈ પાછો કટીબદ્ધ જ ફરી સંગ્રામ ખેલ્યો છે.

હરિઃૐ

## હૃદય પાકો જ નિશ્ચય છે, લડ્યા કરવાનું નિત્ય જ છે

ઊંચે ઊંચે ચઢી કેવું હવે ખીણમાં ઊતરવાનું,
અને ત્યાંય ચાલવાનું છે, ખરેખર ખીણમાં તે શું !

જીવનમાં જંપ ખાવાનો ખરો અવસર મળેલો જે,
તહીં પ્રશ્નો શું તે સ્થળના ખરેખર ઉદ્ભવેલા છે !

હૃદય પાકો જ નિશ્ચય છે, લડ્યા કરવાનું નિત્ય જ છે,
જીવનની તેમ સમજીને બધી રચના વિચારી છે.

વિચારી માત્ર ના તેને, અમલમાં મૂકી દીધી છે,
કરી કરી સર્વ મજબૂત ત્યાં શી નક્કરતા જ વ્યાપી છે !

હરિ:ૐ

## નિશાન જ માત્ર તુજ તાકી અમે જીવન ઝુકાવ્યું છે

જીવનમાં જ્યાં મરી ચૂકવા હૃદય નિશ્ચય થયેલો છે,
પછીથી શો હવે ડર છે, બધા સઢ બાળી દીધા છે !

શું વાવંટોળમાં નાવ બધે અફળાતી, કુટાતી,
જ્યહીં ત્યહીં ખૂબ પછડાતી, કિનારો ક્યાંય લાગે ના.

સુકાન જ માત્ર પકડીને, હૃદય હિંમત ધરી ધરીને,
નિશાન જ માત્ર તુજ તાકી અમે જીવન ઝુકાવ્યું છે.

હવે શાં બાવડાં થાકી **हरि** ! મારાં ગયેલાં છે,
દયાની માગણી તોયે ન કરવાની જ મારે છે.

હરિ:ૐ

# ખરી ગજગ્રાહની આ તો જબરજસ્ત લડાઈ છે

હવે મુજ આબરૂ તારે **हरि** ! હાથે રહેલી છે,
જીવનનું નાવ મધદરિયે શું હાલમડોલમ કેવું છે !

થતું છે ને થતું જે જે, બધું બળ વાપરેલું છે,
છતાંય આવવા ઊંચે હજી વારો ન આવે છે.

તણાતો જાઉં છું આઘે હું આઘેનો વળી આઘે,
મદદ દેવા તને બૂમો હું પાડ્યા શો કરું હૃદયે !

**हरि** સાંભળશે તું નિશ્ચે હૃદયવિશ્વાસ પૂરતો છે,
ખરી ગજગ્રાહની આ તો જબરજસ્ત લડાઈ છે.

હરિઃૐ

## પડાતાં તે છતાં પાછું દઈ ત્યાં માથું દીધું છે

**હરિ**નું નામ લઈ લઈને, સ્તવી સ્તવી **શ્રીહરિ**ને તે,
હૃદયબળ એકઠું કરીને થવાયું ઊભું જીતવાને.

કદીક કેવું હું હાર્યો છું, પડ્યા શા મોરચા હાલી,
જવાયું હચમચી ત્યાં શું ! ન નાખ્યા મુજ હાથ પહોંચ્યા છે.

પછી વિખરાયેલા બળને ફરીથી એકઠું કરીને,
જમાવટ સામનો કરવા ટટારી દિલ પ્રગટી છે.

જબરજસ્ત યુદ્ધ આપ્યું છે, ન પાછી પાની કીધી છે,
પડાતાં તે છતાં પાછું દઈ ત્યાં માથું દીધું છે.

હરિઃૐ

## કટોકટીને પૂરો પડવા બરાબર હામ ભીડી છે

જીવનપળ કારમી એવી ભયંકર ખૂનકારક જે
-ખરી પ્રગટી હતી ભારે, થવાયું બેઠું શું ત્યારે !

ચઢાવી બાંયને ઊંચી થયેલું દિલ તત્પર સૌ,
તહીં મુકાબલો પાકો હું કરવાને જ મક્કમ શો !

હૃદયથી થઈ શક્યું તેવું બધું અજમાવી જોઈને,
પહોંચી ત્યાં પૂરો વળવા, શી નાકાબંધી કીધી છે !

ચૂરેચૂરા થતાં તેની ન પરવા કંઈ જ ધારી છે,
કટોકટીને પૂરો પડવા બરાબર હામ ભીડી છે.

હરિઃૐ

## ખમીર સંપૂર્ણ સળગ્યું જ્યાં, ઊભી પૂંછડીએ ભાગ્યા તે

ખૂની શા ચોર, લૂંટારા પથે શા ધાડપાડુઓ
-મળેલા લૂંટી લેવા ત્યાં કૃપાએ સજ્જ કીધો શો !

હૃદય શી ઓથ પ્રેરી છે ! શી પ્રગટાવી જ હિંમત છે !
સહાનુભૂતિ બક્ષી છે, હૃદય ત્યાં હૂંફ પ્રેરી છે.

લડત દેવા, બરાબરીનો, જીવન જંગ જ ખરાખરીનો
-પૂરો જામેલ, તે વેળા **हरि** ઊભો જ સાથે શો !

રૂંવાડાં શાં ખડાં થઈને પરાક્રમ પૂર્ણ વ્યાપ્યું છે !
ખમીર સંપૂર્ણ સળગ્યું જ્યાં, ઊભી પૂંછડીએ ભાગ્યા તે.

હરિઃૐ

# કૃપાથી આડફંટેથી ચઢાવી રાહ દીધો છે

ભયંકર ઉગ્ર સંગ્રામો જીવન લડવા પડેલા છે,
મથામણ કેવી કેવી ત્યાં શી પ્રત્યક્ષ થયેલી છે !

જીવનમાં એમ મથવામાં ઊંધું કદી વેતરાયું છે,
કદીક ભ્રમણામહીં કેવું ભુલાવામાં પડાયું છે.

પરંતુ જાગૃતિ દિલની જીવનના ધ્યેય વિશેની,
કૃપાથી આડફંટેથી ચઢાવી રાહ દીધો છે.

હૃદય ત્યારે શું ગદ્ગદ થઈ હૃદયની ભાવભક્તિથી
-લળી લળીને ચરણ **હરિ**નો બહુ આભાર માન્યો છે.

હરિઃૐ

## જીવનના હેતુનું ભાન કૃપાથી ના છૂટેલું છે

ફળાવવા પૂર્ણ જીવન **આ** ઈરાદો પક્વ મુજ દિલ જે,
મથાવ્યા તે કરાવીને ન દીધો બેસવા મુજને.

સતત પુરુષાર્થ સંગ્રામે કરાવ્યા શો કરેલો છે !
ન ઠરવા ક્યાંય દીધો છે, પથે ધક્કો લગાવ્યો છે.

અખંડિત જાગૃતિ દિલમાં સતત એણે રખાવી છે,
મથામણમાં જીવનહેતુ રહ્યો જીવંત તેથી જે.

ગમે તેવું ભલે કરતો હું હોઉં તે છતાં હૃદયે,
જીવનના હેતુનું ભાન કૃપાથી ના છૂટેલું છે.

હરિઃૐ

## પસાર ત્યાં થવાકેરો ખરો સંગ્રામ ખેલાયો !

જીવનમાં જાગતાં, જીવતાં, મથામણ તાવણીમાંથી
-પસાર ત્યાં થવાકેરો, ખરો સંગ્રામ ખેલાયો !

તહીં સંગ્રામમાં ઊંડી, હૃદયની જાગૃતિકેરી
-જીવંતી ચેતનાત્મક તે સક્રિય સભાનતા કેવી !

જીવન ટકવા, જીવન તપવા, જીવન ઘડવા, મદદ એણે
-કર્યાં કેવી કરેલી છે, હું સાક્ષી માત્ર તેનો તે.

જુદી જુદી વિમાસણની, મથામણની જ કક્ષાને
-વટાવી તે જવાતામાં, જહેમત મસ્ત મહોરી છે.

હરિઃૐ

# हरिની ભાવના જીવતી હૃદય પકડી જ રાખી છે

અનેકે વેળ જીવનમાં બહુ જ આખર સુધી કેવું
-તૂટી પડવાની પળ સુધી, પડ્યું લડવું કટોકટીનું.

જવાયું છે તૂટી ત્યારે જહીં ભાંગી પડાયું છે,
છતાં કેડો **हरि**કેરો, ન દેવાયો જ છોડી તે.

બીજું બધું છો ગમે તેવું બન્યા કરતું રહે, કિંતુ
-**हरि**ની ભાવના જીવતી હૃદય પકડી જ રાખી છે.

**हरि**ની ભાવના જો છે, બધું તો તો જ તે પર છે,
જીવન અસ્તિત્વ સઘળું તે **हरि**ની ભાવના પર છે.

હરિઃૐ

## થવા સર્જન, અનિવાર્ય જ જીવનસંગ્રામ બહુવિધના

જુદી જુદી ભૂમિકામાં જુદ્દું જુદ્દું બહુ રીતે
-સતત મથવાનું પ્રગટ્યું જે, બધુંયે ન્યારું ન્યારું તે.

ભૂમિકા સ્થૂળમાં મથવું, ભૂમિકા સૂક્ષ્મમાં મથવું,
ઉભય મથવા વિશે કેવો ભયંકરનો તફાવત શું !

થવા સર્જન, અનિવાર્ય જ જીવનસંગ્રામ બહુવિધના
-સ્વીકારાયા, હૃદય વળી તે કૃપાથી આવકારાયા.

જીવનનું ધ્યેય ફળવાનો હૃદયહેતુ હું તે વિશે
-કૃપાથી ખાસ સમજીને, લડાયું યુદ્ધ સૌ તે તે.

હરિઃૐ

# ગમે તે છો ભલે થાય, ન પરવા જાનનીયે છે

જતાં આગળ, જતાં આગળ, જીવનપટ વિસ્તરેલો છે,
'હશે **આ** આટલો લાંબો', ન આવ્યું કલ્પનામાં તે.

છીએ નીકળી ચૂક્યા જ્યાં, તો હવે પૂરું જ કરવાનું,
ન મીનમેખતણો ફેર કશો ત્યાં કંઈ જ પડવાનો.

હવે તો આર કે પાર થવાને દિલ ધાર્યું છે,
ગમે તે છો ભલે થાય, ન પરવા જાનનીયે છે.

હવે તો આજ કે કાલ બધો પથ આંબી દેવો છે,
અટકવાનું ન ક્યાંયે છે, મથાતાં, પહોંચવાનું છે.

ભલેને મૃત્યુ છો આવે છતાં મથીને, તરી તરીને
-મહાસંસાર જળનિધિથી સલામત પાર થાવું છે.

હરિઃૐ

# મરણિયું ત્યાં થવાઈને બન્યું શું ઝંપલાવાનું

જીવન જીવવાતણા ઊંડા હૃદયના પક્વ નિશ્ચયથી,
મરણિયું ત્યાં થવાઈને બન્યું શું ઝંપલાવાનું !

છતાં આંધળિયાં તે ના છે, થયેલું જાણીબૂઝીને
-ધરાઈ લક્ષ હેતુનો જીવનમંડાણ કીધું છે.

કદીક ભૂલથાપ ખાધી છે, કદીક ઊંધું ચલાયું છે,
છતાં કેવી કૃપાથી ત્યાં ફરી પાટે ચઢાયું છે.

સતત ચાલ્યા જ કરવાનો જીવનનો યજ્ઞ **આ** તો છે,
મનાદિને પલટવાને કૃપાથી તે મળેલો છે.

હરિઃૐ

## શૂરાતન મસ્ત ભગીરથ શું તહીં પ્રગટ્યું કૃપાથી છે

જીવનમાં કેટલી વેળા ધમાચકડી મચેલી છે,
મચ્યો રહેવા જ સાધનમાં છતાં કેવો મથેલો જે !

દશા છો આડીઅવળી હો કૃપાથી એકતાને શો
-ટકી રહેવા ઊંડા ભાવે મરણિયો થઈ જ હું વર્ત્યો !

કદીક ટુકડા થયેલા છે, કદીક ફટકા પડેલા છે,
કદીક ઘા પણ મળેલા છે, છતાં ઊભો ટકેલો જે.

કદીક સંગ્રામથી લડતાં તહીં પાછું પડાયું છે,
શૂરાતન મસ્ત ભગીરથ શું તહીં પ્રગટ્યું કૃપાથી છે !

હરિઃૐ

## મહાસંગ્રામ તે લડવા સખત મથવું પડેલું છે

વિના જીત્યા તસુ તસુએ ન સંપૂર્ણ થવાતું છે,
મહાસંગ્રામ તે લડવા સખત મથવું પડેલું છે.


કદીક લડતાં મરણિયો થૈ ઘવાયો છું ભયંકર જે,
મલમપટ્ટા કૃપાના તેં થઈ વૈદ જ કરેલા છે.

કૃપા અનહદ **हरि** ! તારી જીવન મુજ પર થયેલી છે,
જીવન ઘડવા સતત તેથી ઘણું મથવું બનેલું છે.

હરિઃૐ

# ખંડ - ૩

# મથામણમાં કૃપાનો સહારો



મળ્યા પડકાર જીવનમાં કૃપાથી તે ઝિલાયા છે,
ભયંકર સામનો કેવો તહીં કરવો પડેલો છે.

હરિઃૐ

## કૃપાએ તો પલાળ્યો છે, કૃપાએ શો ચલાવ્યો છે !

જીવનના પથ વિશે અડચણ કંઈક ને કંઈક પ્રગટીને,
વિરોધાત્મક નીવડવાને થયેલાં ડોકિયાં શાં તે !

કરેલો સામનો ત્યારે ભજન કીર્તનતણા ભાવે,
વધારે ને વધારે તે વિશે, બળ દિલ જમાવાને.

હૃદયમાં ભાવના બળને જીવંતું ચેતનાત્મક તે,
સમજી શક્તિ જીવનની તે, હું કેળવવા મથેલો જે.

કૃપાએ શો જગાડ્યો છે ! કૃપાએ શો ઉઠાડ્યો છે !
કૃપાએ તો પલાળ્યો છે, કૃપાએ શો ચલાવ્યો છે !

હરિઃૐ

# કૃપાની પ્રેરણાથી જે લખાયું તે નિવેદ્યું છે

જીવનસંગ્રામ આવ્યા જે લડાયું શી રીતે ત્યાં ત્યાં !
કંઈક ઝાંખી થવા એની કૃપાથી શું લખાયું **આ** !

થયા કેવું કરેલું છે, દશા શી શી થયેલી છે !
હકીકત શી બનેલી છે ! બધું તે વર્ણવેલું છે.

બધો સંગ્રામ સંપૂર્ણ જિતાયાની હકીકત ને
-જીવનની ઊર્ધ્વ સ્થિતિનું, ન વર્ણવવું થયેલું છે.

પરંતુ માનવી અદકા થકી, સમજાય એવું તે
-કૃપાની પ્રેરણાથી જે લખાયું તે નિવેદ્યું છે.

હરિઃૐ

## પ્રવર્તાયેલ કેવું તે ! અનુભવી માત્ર સમજે દિલ

જીવનની ઊર્ધ્વ ભૂમિકાતણા સંગ્રામ ન્યારા છે,
વધારે સૂક્ષ્મ તેથી તો જીરવવા, બળ જરૂરી છે.

પરંતુ જીવદશાના બળ થકી, બળ ન્યારું **આ** કંઈ જે,
કદી સરખામણી ઉભયની વચ્ચે તે થતી ના છે.

જુદી જુદી ભૂમિકામાં જુદા જુદા પ્રકારે બળ
-પ્રવર્તાયેલ કેવું તે ! અનુભવી માત્ર સમજે દિલ.

ઊગેલું ને ફળેલું જે કૃપામૃતની પ્રસાદીથી,
જીવનના બળની એવી તે થતી ના કલ્પના કોથી.

હરિઃૐ

## તકેદારી પૂરેપૂરી રખાઈ શી કૃપાથી ત્યાં !

કશું *એલફેલ જીવન ના ગમે તેમ થવા દેવા,
તકેદારી પૂરેપૂરી રખાઈ શી કૃપાથી ત્યાં !

**हरि**! બોથડ હું સંપૂર્ણ બધી આ બાબતો વિશે,
છતાં તેં કેવી બક્ષી છે, બધી સમજણ જીવન વિશે !

કઈ કઈ જાતની કેવી બધી તત્પરતા જાળવવા !
શી કેળવવાની તે સૂઝ સુઝાડ્યા શી કરી ત્યાં ત્યાં !

કદીક કેવો નમાલો હું પથે જ્યાં નીવડેલો છું,
કૃપાથી લાત મારી તેં કર્યો પાછો મને ઊભો !

---

* આડુંઅવળું

હરિઃૐ

# પડેલા ઘા ઘણા તોયે, કૃપાથી દિલ સાબૂત છે

હૃદયબળને જ પડકારો મળેલા શા જીવનમાં તે !
થતાં સામે બરાબર ત્યાં, હૃદયબળ કેળવાયું છે.

બરાબર સામસામે જ્યાં શું ટકરાવાનું જન્મ્યું છે !
બધી ટક્કર ઝિલાવાને ન ત્યાં પાછું પડાયું છે.

ગયા છો હાથ પગ તૂટી, કદીક માથું ઘવાયું છે,
પડેલા ઘા ઘણા તોયે, કૃપાથી દિલ સાબૂત છે.

ઘણા ફટકા પડેલા છે, શી સામી છાતીએ તેને
-ઝિલાયા છે, કૃપાથી સૌ **हरि** વહાલાની મદદે તે !

હરિઃૐ

## કૃપાબળથી જ પુરુષાર્થ થયા કરતો રહેલો છે

ભયંકર પથ અમારે તો શી શી આફત પડેલી છે !
હૃદય ત્યારે ન જાણ્યું કે વિટંબણા શી ઊભેલી છે !

છતાં વંટોળ ઓચિંતો ચઢી ક્યાંથી જ આવ્યો છે ?
કર્યા વિણ સામનો ત્યારે શકાયે રહી કઈ રીતે ?

ટકી શકવા ઊભો રહેવા મથામણ જે ઉઠાવી છે,
જહેમત શી પડેલી તે હૃદય મુજ માત્ર જાણે તે !

કૃપાબળથી જ પુરુષાર્થ થયા કરતો રહેલો છે,
જિવાયું તેથી તો દિલમાં **હરિ**પદ સાંપડેલા છે.

હરિઃૐ

## હરિપદ ભક્તિનો ઊભરો હૃદયમાં  ઊભરાયો છે

જીવનમાં યજ્ઞ શ્રદ્ધાનો કૃપાથી આચરાયો જે,
હૃદયમાં તેથી નિષ્ઠાનો ભભૂકતો અગ્નિ સળગ્યો છે.

**હરિ**પદ ભક્તિનો ઊભરો હૃદયમાં ઊભરાયો છે,
મનાદિને કર્યાં મસ્ત ઊછળતી ભક્તિમાં શાં તે !

જીવનની સાધનામાંથી હૃદયનો ભાવ વહેતો થૈ,
મનાદિને પલાળીને **હરિ**ને નોતરેલા છે.

**હરિ** આમંત્રી પ્રસ્થાપિત કરેલો છે જીવનહૃદયે,
**હરિ**ની બોલબાલામાં જીવન કુરબાન સઘળું છે.

હરિઃૐ

## हरि કંઈક બતાવે જો, हरिને માની લઈએ તો

અપ્રાકૃત ને અજાયબનું ચમત્કારિક ખરેખર જે,
**हरि** કંઈક બતાવે જો, **हरि**ને માની લઈએ તો.

સૂરજ, ચંદ્ર અને તારા, ઘણું **हरि**એ બનાવ્યું છે,
છતાં કોણ જ **हरि**ને તો ખરા દિલથી જ પ્રીછે છે ?

હવા, જળ, તેજ, પૃથ્વી ને વળી આકાશ સર્જ્યાં છે,
વિના જેના ઘડી પળ તો ન કોઈથી જિવાતું છે.

કરોડો ખર્ચતાંયે જે મળે સહેલાઈથી ના તે,
કૃપાથી બક્ષ્યું છે તેવું, છતાં **हरि**ને કો પ્રીછે છે ?

હરિઃૐ

## સતત પરોવાઈ રહેવાને કૃપાથી ત્યાં મથાયું છે

જુદાં જુદાં ઊગ્યાં સાધન કૃપાથી તે થતાં રહેતાં,
હૃદયનો ભાવ એકંદર ન એકસરખો રહેલો ત્યાં.

જીવનવિકાસનું કર્મ હૃદયની ભાવના વિના,
કદી પણ થઈ ન શકવાનું, કરો કોટિ ઉપાયો છો.

હૃદયનો ભાવ પ્રગટાવા ઊગ્યાં સાધન વિશે હૃદયે
-સતત પરોવાઈ રહેવાને કૃપાથી ત્યાં મથાયું છે.

બહુ પરંપરા એવી પરિશ્રમ ભાવની હૃદયે,
સતત ચાલી રહી તેથી હૃદયમાં ભાવ જાગ્યો છે.

હરિ:ૐ

## કૃપાથી સર્વ જે તે કંઈ ઉમળકાથી થયેલું છે

જુદી જુદી સમસ્યાઓ જીવનમાં ઉદ્‌ભવેલી છે,
બધી હલ યોગ્ય કરવા તે બુદ્ધિ કસવી પડેલી છે.

મથામણની મજલ ત્યાંયે બહુ દુષ્કર ને કપરી છે,
છતાં હિંમત, ધીરજ ધરીને સતત ચાલ્યા કર્યું પંથે.

ન કચવાટ, ન ફરિયાદ, ન ચણચણાટી સેવ્યાં છે,
કૃપાથી સર્વ જે તે કંઈ ઉમળકાથી થયેલું છે.

સતત મંથનની પ્રક્રિયા થતી રહી એકધારી છે,
વલોવાયાથી જ અંતરમાં જીવનમાખણ મળેલું છે.

હરિઃૐ

## કૃપાના હાથ તારાની સમજ ત્યાં ત્યાં પડેલી છે

સતત અફળાતું જીવનમાં રહેવાનું જ આવ્યું છે,
શરૂમાં આકરું દિલથી મને ત્યારે શું લાગ્યું છે !

પરંતુ ભાવના બઢતી ગઈ છે જેમ અંતર તે,
કૃપાના હાથ તારાની સમજ ત્યાં ત્યાં પડેલી છે.

પ્રકૃતિ ક્ષેત્રના સારા વળી નરસા વિશે *કરને
-**હરિ**ના લાગવાકેરો થવા પરિચય શું માંડ્યો છે !

મથામણની, રિબામણની પરિસ્થિતિ જીવનમાં જે,
ભૂમિકાને પકવવાને કૃપાથી સૌ મળેલી છે.

---

* હાથને

હરિઃૐ

## બધી હિકમત, કરામત સૌ કૃપાએ શિખવાડી છે

જીવનમાં નિત્ય મથવાનું બહુ જ જુદી જુદી રીતે,
સતત મથતાં, સતત મથતાં, નીકળી છોડાં ગયેલાં છે.

છતાં હું તો ન અટક્યો છું, નિરંતર એક હકીકતમાં
-પરોવી સૌ મનાદિને, જીવનને દિલ અનુભવવા.

જુદા જુદા તબક્કામાં, જુદું લડવાનું આવ્યું છે,
બધી હિકમત, કરામત સૌ કૃપાએ શિખવાડી છે.

જીવનમાં એક ને એક પરત્વે હું ઝઝૂમ્યો જે,
થતાં એકાગ્ર, કેંદ્રિત દિલ બધી સૂઝ આપ ઊગે છે.

હરિઃૐ

# જીવન ચઢવા જ પગરણ જ્યાં કૃપાથી પંથ માંડ્યાં છે

જીવન ચઢવા જ પગરણ જ્યાં કૃપાથી પંથ માંડ્યાં છે,
ભમરીઓ ઊડી આકાશે બહુ ચક્કર ખવાડ્યાં છે.

ઊડ્યા છે ધૂળના સજ્જડ નર્યા ગોટા વમળના જે,
બધું અંધારું કરી દઈ શો ભુલાવામાં પડાવ્યો છે !

પ્રચંડ જ શી તમન્નાએ ફરી પાછું સુઝાડીને,
મૂકી દીધો મને પંથે કૃપા કરીને, કૃપા કરીને.

તહીં શું કોથળીમાંથી બિલાડું નીકળેલું છે !
છતાં મંડ્યો રહેવાને કમર મેં શી કસેલી છે !

ભલેને કોટિ કોટિ છો પડે અડચણ, ન પરવા છે,
સહાનુભૂતિ ને હૂંફ **હરિ**ની શી સમર્થ જ છે !

હરિઃૐ

## કૃપાનું એક ત્યાં માત્ર જ મહત્ત્વ સાચું કેવું ત્યાં !

રહેલો કેટલાંનીયે હું આગળ પાછળે પણ શો !
ખબર તેની ન કોઈને, ખબર મુજ એકલાને તો.

કદીક કેવા ધડાકાથી શરીરને આંચકો લાગે !
કદીક કેવા અકસ્માતે શરીર ધક્કાથી પડતું છે !

કદીક શી આંચ કોઈને જતાં આવી, હકીકત તે
-શરીરની જે થતાં હાલત, ખબર પડતી શી એનીયે !

કંઈક તે દાખલા એવા શરીરની તે હકીકતમાં,
કૃપાનું એક ત્યાં માત્ર જ મહત્ત્વ સાચું કેવું ત્યાં !

હરિ:ૐ

## કૃપાનો હાથ શો ત્યારે પીઠે ફરતો હું ભાળું છું !

જીવનમાં દોડી દોડીને જવુંક તે કેટલે આઘે ?
કદીક તો હામના છક્કા છૂટી કેવા જતા લાગે ?

છતાં દિલમાં ગરજ મારે સતત ઊકળી ઊછળતી જે,
ન ઠરવા તે કહીં દે છે, શું ધક્કેલો હૃદય દે છે !

કદીક ઢીલો પડ્યો છું જ્યાં તરત ટપલો પડ્યો જાણો,
સભાન જ તે મને પાછો કરાવીને ઉઠાડે શો !

મહાસંગ્રામમાં કેવો કદીક અટવાઈ જતો હું છું,
કૃપાનો હાથ શો ત્યારે પીઠે ફરતો હું ભાળું છું !

હરિઃૐ

## हरि, हरि દિલ પોકાર્યો, हरिને રાજી કરવાને

**हरि**, **हरि** દિલ રણકાર્યો, **हरि**, **हरि** નિત્ય સંભાર્યો,
**हरि**, **हरि** દિલ પોકાર્યો, **हरि**ને રાજી કરવાને.

**हरि**ને દિલ પ્રેરાવા ઊંડો સંતોષ મુજ વિશે
-સતત એવા પ્રયત્નોમાં કૃપાથી શો રહેલો જે !

પરંતુ પાંસરો **हरि** ના, નજર સરખીય કરતો ના,
નયન ફાડી કર્યું જોયા, છતાં સામે ટકે **हरि** ના.

**हरि**ને વહાલ કરવાનું ઉમળકે દિલ ઝંખે છે,
પ્રસન્ન થઈ **हरि** અમને હવે શો બાથમાં લે છે !

હરિઃૐ

## પરંતુ સાધનાભ્યાસે વળગતાં દિલ જાગ્યું તે

જીવનમાં ટેવ અમને તો ન યદ્વાતદ્વા રમવાની,
જીવનમાં ગોઠવાયેલું બધું તે મૂળ રચનાથી.

શરૂ શરૂમાં કશી સમજણ હૃદય પ્રગટેલ નહોતી જે,
પરંતુ સાધનાભ્યાસે વળગતાં દિલ જાગ્યું તે.

કૃપાએ દિલ જગાડીને, જીવન વિશે મથાવીને,
ફરી ફરીને ભમાવીને હવે શો ઠામ પાડ્યો છે !

કદીક લડતો હૃદય લાગે, કદીક ઝઘડો કરે શો તું !
કદીક પંપાળતો મુજને, કૃપાલીલા અનેરી છે !

હરિઃૐ

## છતાં માત્ર જ કૃપાધારે જીવનઅમૃત લહેલું છે

સતત મથતા રહેવાથી જીવનનું ભાન જાગ્યું છે,
હૃદય તે ભાનને લીધે ખરેખર પ્રજ્વળેલું છે.

હૃદય જે અગ્નિ સળગ્યો છે, સતત મંથનપવનથી તે
-ભભૂકતો શો વધુ તેજ થયા કરતો રહેલો છે !

જીવનના અગ્નિએ સહેજે મથાવાયો જીવન મુજને
-કંઈક કરતાં જરા સરખું કશું ના બાકી રાખ્યું છે.

પરાકાષ્ઠા મથામણની સીમા બહાર થઈ ગઈ છે,
છતાં માત્ર જ કૃપાધારે જીવનઅમૃત લહેલું છે.

હરિઃૐ

## હૃદય ધારી हरि જીવતો हरि ઓથે જીવેલા તે

જીવનનો સર્વ આધાર અમારો તો **हरि** પર છે,
હૃદય ધારી **हरि** જીવતો **हरि** ઓથે જીવેલા તે.

કમાવાને જીવન કેવી તપશ્ચર્યા ભગીરથ તે
-કૃપાથી શી થયેલી છે ! મથંતાં જ્ઞાન લાધ્યું છે.

મથામણમાં જીવન હેતુ અખંડાકાર જીવતો તે
-કરેલો છે રહ્યા કેવો ! શું પ્રત્યુત્તર વળાવે તે !

જીવન હેતુતણો અગ્નિ હૃદય ભડભડતો બળતો જે,
નર્યાં સાહસ ને જોખમને વટવવા શો સમર્થ જ છે.

હરિ:ૐ

## કૃપા એ તો હરિની કે રહેવાયું જ સાવધ તે

સતત મથતાં, સતત મથતાં, હૃદયનો આત્મવિશ્વાસ,
ફુવારા જેમ ફૂટીને ચગેલો છેક આકાશ.

જીવનવિકાસનાં કર્મો ટકોરાબંધ તેથી તે
-કૃપાથી આપ તેજસ્વી થયાં કેવાં ગયેલાં છે !

કશે ના ખંચકાવાનું જીવનમાં તો બનેલું છે,
કદીક એવું થતાં, કેવું કુદાયું એકદમ આગે !

મથામણમાં બહુ વેળા ન અકળાવું થયું કંઈ છે,
કૃપા એ તો **હરિ**ની કે રહેવાયું જ સાવધ તે.

હરિઃૐ

## કૃપાનું કેવું સામર્થ્ય હૃદય તે અનુભવાયું છે

જીવનને કેવી કેવી તે રીતેથી શું બચાવે છે !
અનુભવ તે થતાં દિલમાં શું ચમકારો જ વ્યાપ્યો છે !

કરુણાનિધિ એ નામ **हरि** તુજ યોગ્ય સાર્થક છે,
કૃપાનું કેવું સામર્થ્ય હૃદય તે અનુભવાયું છે.

જીવન તારતમ્ય અનુભવમાં પ્રકાશિત તે થવા કાજે,
પુરુષાર્થ મરણિયાથી મથામણ સૌ થયેલી છે.

મથામણના તબક્કામાં જીવનમાં તેજ અંધારાં
-બહુ વેળા પિછાણ્યાં છે, તરાવાનું થયું તેમાં.

હરિઃૐ

## જીવનઆદર્શને સહેજે કદી મનથી ન ભૂલ્યો છું

જીવનમાંના ઊંડે ઊંડે રહેલા ગૂઢ ચેતનનો
-હૃદય પ્રકાશનો દિવ્ય થવા અનુભવ મથેલો શો !

ભયંકર કાળી રાત્રિનો કદીક અનુભવ થયેલો છે,
છળી ત્યારે ગયેલો ના, ન થથરી પણ ગયેલો જે.

ગમે તેવી દશામાંહે ન મથવાનું ચૂકેલો છું,
જીવનઆદર્શને સહેજે કદી મનથી ન ભૂલ્યો છું.

કૃપા એ તો **હરિ**ની કે મને એણે મથાવ્યો છે,
મથાવીને ટકાવ્યો છે, ટકાવીને જિવાડ્યો છે.

હરિઃૐ

## મળ્યું તેનો જ ઉપયોગ કરંતાં, શ્રેય લાભે છે

જીવનમાં જાગવા માટે બહુ મથવું પડેલું છે,
કદીક ઊંઘી જવાતામાં પડી લપડાક કેવી તે !

કૃપા **હરિ**ની મને કેવો નર્યા હરદમથી જીવનમાં
-બચાવીને ઉગાર્યો છે ! પતિતપાવન **હરિ** કેવા !

વફાદારી શી સંપૂર્ણ ! શી સંનિષ્ઠા જીવન પ્રત્યે
-પ્રમાણિકતાથી ભરપૂર જે કૃપાને ખેંચી લાવે છે.

મરી મથતો પૂરેપૂરું નકામી પળ ન ખુએ જે,
મળ્યું તેનો જ ઉપયોગ કરંતાં, શ્રેય લાભે છે.

હરિઃૐ

## કૃપાથી શાં થતાં રહે છે ! પ્રસાદી તે શી અણમોલ !

જુદાં જુદાં શરીર દર્દ શી ઉત્કટ વેદના ભારે
-ભયંકર કારમી જગવી ! શરીરમાં મન પરોવાવે.

છતાં કેવી કૃપા **હરિ**ની લગન લાગી **હરિ** પ્રત્યે
-**હરિ**ને ધારવા દિલ તે ફવાવા દર્દને નવ દે.

**હરિ**ના ભાવની દિલમાં નિરંતર ધારણા જીવતી,
કૃપાથી રહી જ શકવાથી, સહેવાતું બધું દિલથી.

ભયંકર વેદના હોવા છતાં કેવાં ભજન, કીર્તન
-કૃપાથી શાં થતાં રહે છે ! પ્રસાદી તે શી અણમોલ !

હરિઃૐ

## ઘડાતાં તેમ, જીવન તે અનુભવથી શિખાયું છે

જીવનમાં જે પરિસ્થિતિ બહુ મુશ્કેલીવાળી છે,
જીવનનું જોમ કેળવવા કૃપાથી શી મળેલી તે !

જીવનમાં એ રીતે જીવતાં નૂતન સ્ફુરણા મળેલી છે,
હૃદયમાં પ્રેરણાઓનું નૂતન શું જોશ ફોર્યું છે !

મળેલી તીવ્ર મુશ્કેલી થવા ઘડતર મળેલી છે,
હૃદયથી હેતુનું તેમાં રહેલું ભાન જીવતું છે.

મળેલી સર્વ રીતનીયે પરિસ્થિતિ વિકાસક છે,
ઘડાતાં તેમ, જીવન તે અનુભવથી શિખાયું છે.

હરિઃૐ

## ભયંકર વેદનામાંયે કૃપાથી ભાવ ધારણ છે

મળેલાં દર્દના દુઃખે તપાવાનું જ ભઠ્ઠીમાં
-સહન કરવાની મર્યાદા જતી છે પાર ક્યાંથી ક્યાં !

**हरि**ની ભાવના હૃદયે પ્રજ્વલિત પૂર્ણ જીવનમાં
-સચેતન દિલ અનુભવવા મથાયું છે કૃપાથી ત્યાં.

જુદાં જુદાં મળ્યાં દર્દો સહેતુક તે જીવનમાં છે,
ભયંકર વેદનામાંયે કૃપાથી ભાવ ધારણ છે.

અતિશય વેદના ઉગ્ર શરીરમાં તો મનાદિને
-પરોવી રાખવા મથતી, છતાં દિલ તો **हरि**માં છે.

હરિઃૐ

## તહીં પથ વાગતાં ઠોકર સમજ દિલમાં ઊગી શી છે !

જીવનમાં આડફંટાવું જહીં જ્યારે થયેલું છે,
તહીં પથ વાગતાં ઠોકર સમજ દિલમાં ઊગી શી છે !

વિચારો, વૃત્તિ મન બીજે જહીં ધ્યેય વિનાનાં છે,
જણાતાં તે સફાળો શો હૃદય હું ચોંકી ઊઠ્યો જે !

પછીથી એકદમ ત્યારે વિના જોયા જ પછવાડે,
અગાડી ને અગાડી શું સતત દોડ્યા કરેલું છે.

જીવનનાં સર્વ પાસાંમાં મથામણ તો થયેલી છે,
કૃપાનો કર **हरि** તુજ ત્યાં જીવનમાં નીરખેલો છે.

હરિઃૐ

## થતું સાકાર હો જેમ જીવન વર્તાયું તેમ જ છે

જીવનમાં દુઃખની ઝડીઓ શી અનરાધાર વર્ષી છે !
કૃપાથી ભાન તેમાંયે જીવનનું તો ટકેલું છે.

ભલે દુઃખ આવી પડિયાં છે, ન લેવાઈ જવાયું છે,
નજર સામે જ તરવરતું જીવંતું લક્ષ તરતું છે.

જીવનમાં તાકવાનું જે જીવનનિશાન ધારી તે,
થતું સાકાર હો જેમ જીવન વર્તાયું તેમ જ છે.

પ્રચંડ જ દુઃખની હેલી વિશે પણ બુદ્ધિ જીવનમાં,
રહી સખણી પથે મુજને જીવનની રાહબર થઈ ત્યાં

કૃપા એ કેવી પ્રત્યક્ષ **હરિ**ની જ મુજ પર તે,
અનુભવતાં જ સામર્થ્ય શું ધસમસતું જ ઊછળ્યું છે !

હરિઃૐ

## પ્રમાણે તેમ વર્તીને જીવનમાં આચરેલું છે

અધૂરું મૂકવું ના કંઈ જીવનમાં શીખ મળેલી જે,
પ્રમાણે તેમ વર્તીને જીવનમાં આચરેલું છે.

લીધેલું જે છતાં અધવચ હુકમ બીજો મળેલો છે,
હુકમને દઈ મહત્ત્વ જ ત્યાં હુકમપાલન કરેલું છે.

છતાં પાલન થતાં તે તે લીધેલું જે હતું તેને,
પૂરું કરવા મથામણની શી રમઝટ દિલ ચલાવી છે !

મુલાયમતા શી એવી તે જીવન પાંગરતી ચાલી છે !
કૃપા પ્રત્યક્ષ અનુભવી દિલ મગનમાં દિલ મહાલ્યું છે.

હરિઃૐ

## જીવનવિકાસના સ્વાર્થતણો કેવો પ્રતાપ જ તે !

ડહોળાયેલ સંપૂર્ણ પરિસ્થિતિ જીવનની છે,
કૃપાથી પ્રાર્થનાભાવે થઈ ગદ્‌ગદ થયાં ગઈ છે.

અવળચંડી પરિસ્થિતિ વિશે સાચવવું ઝંખીને,
બધી રીત દિલ સાવધ ત્યાં રહેવાને મથાયું છે.

હૃદય જે લાય લાગેલી મઠારાવા મને એણે
-શી બક્ષી સભાનતા ત્યારે ! કૃપાનું કેવું લક્ષણ તે !

જીવન પ્રત્યક્ષ પુરુષાર્થ કર્યાં કીધો બહુ રીતે,
જીવનવિકાસના સ્વાર્થતણો કેવો પ્રતાપ જ તે !

હરિઃૐ

## જીવનના ધ્યેયને લીધે કૃપાથી સર્વ ઊપસ્યાં છે

જીવન લડતાં જ પ્રાણાર્પણ થયા ગયું તે જીવનમાં છે,
અને એમાંથી જીવનનો થતો ઉત્કર્ષ લાગ્યો છે.

તપશ્ચર્યા મથાવીને જીવનનું ઉથલાવીને,
જીવનને હચમચાવીને, કૃપાથી શી કરાવી છે !

સમર્પણ, ત્યાગ, બલિદાન, વળી કુરબાની જીવનમાં
-જીવનના ધ્યેયને લીધે કૃપાથી સર્વ ઊપસ્યાં છે.

જીવન હોમાતાં, હોમાતાં, ટીપું, ટીપું જ લોહીનું
-નિચોવાઈ ગયેલું છે, મથામણ પ્રક્રિયા તે શું !

હરિઃૐ

## સરકતો ને લસરતો જ્યાં કૃપાથી શો બચાવ્યો છે !

જીવનમાં પ્રલોભનો કેવાં પૂરાં લોભાવનારાંયે
-વળી લોભાવનારાં એ શું રંગેચંગે મળિયાં છે.

ફસાઈ શો જવાનો ત્યાં પ્રસંગ જ સાંપડેલો છે !
છતું અંતરનું બળ છૂપું કૃપાથી ત્યાં થયેલું છે.

જીવનને ઊર્ધ્વ ગતિ વિશે અનુભવવાની આકાંક્ષા
-થતાં સાધનના અભ્યાસે શી ઉત્કટતામાં વ્યાપી ત્યાં !

જીવનની સ્થૂળ ને સૂક્ષ્મ ફસામણથી મને એણે
-સરકતો ને લસરતો જ્યાં કૃપાથી શો બચાવ્યો છે !

હરિઃૐ

## મળ્યા પડકાર જીવનમાં કૃપાથી તે ઝિલાયા છે

વિના સમજણ જીવનમાં હું બહુ વેળા કુટાયો છું,
ફરી ફરી ઠેરનો ઠેર ફર્યાં કર્યું ગોળ કૂંડાળું.

તમન્ના તીવ્ર લાગેલી ન તેણે કેમેય કરીને
-સૂવા દીધો કદી મુજને, મથાવાનું કરાવ્યું છે.


મળ્યા પડકાર જીવનમાં કૃપાથી તે ઝિલાયા છે,
ભયંકર સામનો કેવો તહીં કરવો પડેલો છે !

જતા છક્કા છૂટી એવા પ્રસંગો નીવડેલા છે,
છતાં ત્યાંયે કૃપાથી ડગ પથે મજબૂત રખાયાં છે.

હરિઃૐ

# ખંડ - ૪

## મથામણમાં ચરણની બલિહારી



હૃદયના ભાવને લીધે મથામણ જે થતી રહે છે,
મથામણ તેવીમાં કેવો હૃદયરસ તો પડેલો છે !

હરિ:ૐ

# હરિનાં ચરણનો સ્પર્શ જીવનમાં લાગી ચૂક્યો છે

**હરિ**નાં ચરણનો સ્પર્શ જીવનમાં લાગી ચૂક્યો છે,
**હરિ**નાં હૂંફ, મદદ, સાથ, સહાનુભૂતિ મળિયાં છે.

હવે જીવનમાં કાંઈ તે કશાની ખોટ ના રહી છે,
વિપુલતા, ભવ્ય વૈભવ ને મહદ ઐશ્વર્ય મળિયાં છે.

અજાણ્યું સાવ નાનકડું ભલે જીવન અમારું છે,
પરંતુ **હરિ**ચરણ કેવું જીવનનું ઠામ પાકું છે !

જીવનમાં માત્ર **હરિ** બેલી શું કર્તાહર્તા સઘળો છે !
જીવનદોરી **હરિ** હાથે બધું ચલવ્યા કરે છે જે.

હરિઃૐ

## હૃદય એણે બતાવી છે, ચરણ વળવાની રીત શી તે !

**હરિ**ને દિલ નીરખવાની ભભૂકતી ભૂખ લાગી'તી,
હૃદય સંતોષવાની તે કશી રીત મેં ન જાણી'તી.

પરંતુ જે ભભૂકેલો હૃદયનો ભાવ **હરિ** પ્રત્યે,
હૃદય એણે બતાવી છે, ચરણ વળવાની રીત શી તે !

હૃદયના ભાવને લીધે મથામણ જે થતી રહી છે,
મથામણ તેવીમાં કેવો હૃદયરસ તો પડેલો છે !

'કશુંયે પણ થતું જે જે વિના રસનું, ન બરકત છે',
હૃદયના ભાવથી તેવું મળેલું શીખવાનું તે.

હરિઃૐ

## હૃદય વિશ્વાસ બેઠો છે, 'ચરણમાં સ્થાન નિશ્ચિત છે'

જીવનમાં ફેરફુદરડી ફરી ફરીને, ફરી ફરીને,
બહુ ચાલ્યા છતાંયે કાં રહેલા એક ઠેકાણે ?

ભલે ના દૂર ખસાયું છે, શું શ્રમ ઊંધો વળેલો છે !
ન કંઈ ભેગું થયેલું છે, મૂડીમાં જે હતું તે છે.

ઊઠી ફરી દોટ મૂકી છે, ધગશ દિલથી ઝરેલી છે,
ઝરંતો રસ થતા યત્ને શું બંધાઈ જ આશા છે !

ઝડપભેર જ ચલાયું છે, તહીં પથ શો કપાતો છે !
હૃદય વિશ્વાસ બેઠો છે, 'ચરણમાં સ્થાન નિશ્ચિત છે'.

હરિઃૐ

## હરિચરણે હૃદયની ધા હૃદય દ્રવતે શી નાખી છે !

જીવનમાં કંઈ કંઈ રીતની બધી આફત પડેલી છે,
શી સંકડામણ જીવન ત્યારે હૃદય ખૂંચતી થયેલી છે !

થવાયું બાવરું કેવું ! થઈ ત્યાં ગડમથલ શી જે !
બધું બળ ખર્ચી દેતાંયે, કશો દી ના વળેલો છે.

**હરિ**ચરણે હૃદયની ધા હૃદય દ્રવતે શી નાખી છે !
કરુણાળો **હરિ** કેવો ! મદદ ત્યારે ચઢેલો છે.

જીવનની તીવ્ર અથડામણ થતાં દિલ ભાવનું વહેણ
-ખચકતું જ્યાં થતાં, દિલમાં શું લાગ્યો આંચકો તીવ્ર !

હરિઃૐ

## હૃદય ઓવારી જઈ જઈને હરિ તુજ સાથ કીધાં છે

વિવાહ શો વિધિપૂર્વક ચરણ સાથે થયેલો છે,
થવા સગપણ હૃદય તારે નયન લટકાં જ માર્યાં છે.

અડપલાં ને ગતકડાં પણ હૃદય આકર્ષવા કાજે,
હૃદય ઓવારી જઈ જઈને **હરિ** તુજ સાથ કીધાં છે.

પરંતુ જાય મોહાઈ બીજા કોઈક એવા જે,
ન હાલ્યો કે ન ચાલ્યો તું નજર સરખી ન માંડી છે.

પરંતુ જે લડત દિલથી **હરિ** તુજ સાથ માંડી છે,
રીઝવવાને કૃપાથી ત્યાં હવે દિલ કંઈક ફાવ્યું છે.

હરિઃૐ

# અમારે નોકરી રૂડી હરિનાં ચરણકેરી છે

અમારે નોકરી રૂડી **હરિ**નાં ચરણકેરી છે,
પરંતુ તે જ મેળવતાં શું દમ નાકે જ આવ્યો છે !

ચરણમાં સ્થાન મેળવવા સ્તવી સ્તવીને, લળી લળીને
-નમી નમીને નમસ્કારો વળી વળી પાદ કીધા છે.

લડત ત્યાંયે મથામણની, મનાદિના જ ગજગ્રાહ
-પ્રકૃતિના મહા સજ્જડ, થવા મુક્ત જ લડાયું છે.

પરંતુ જ્યાં કૃપા તારી પતિતની પર થયેલી છે,
મનાદિમાં, હૃદયમાં બળ ચરણ મસ્તીથી લાગ્યું છે.

હરિઃૐ

## સરળતા સર્વ બાબતની જીવનમાં ના મળેલી છે

કશી જ કોઈ હકીકતમાં બબડવું કંઈ ન જાણ્યું છે,
ચડીચૂપ જ મૂગાં રહીને કર્યાં કરવાનું મહાણ્યું છે.

સરળતા સર્વ બાબતની જીવનમાં ના મળેલી છે,
બધી સગવડ શી અગવડમાં રહેવું, શાંત મહાલ્યું છે.

મુસીબતમાં, શું સુખદુઃખમાં, વિપત્તિ, ગૂંચ, પ્રશ્નોમાં
-હૃદયથી સ્વસ્થતા **એણે** કૃપાથી શી રખાવી છે !

છતાં ત્યાંયે ખુમારીની ટટારીથી જિવાયું છે,
ચરણના શા અમે બંદા ! ચરણની ભક્તિનો રસ છે.

હરિઃૐ

# નિવેદન, પ્રાર્થના એવાં થતાં સાધન, ઊગી છે જે

**हरि** પ્રત્યેની અભિરુચિ ફૂટી ના એકદમ દિલ તે,
નિવેદન, પ્રાર્થના, એવાં થતાં સાધન, ઊગી છે જે.

થતું જે તે સમર્પીને ઊગે વૃત્તિ વિચારો જે,
બધું જે તે ચરણકમળે સમર્પ્યાં સૌ ગયેલું છે.

સતત અભ્યાસથી એવા પલળવા દિલ લાગ્યું છે,
અભીપ્સા શી પછીથી તો સળગતી શી થયેલી છે !

મથાવ્યો છે પછી એણે મને ગોદાટીને પંથે,
નિવેડો લાવી દીધો છે, ચરણમાં મન પલાળીને.

હરિઃૐ

## કરી યાહોમ ફના થાવા જીવનને ઝંપલાવ્યું છે

શરણ સંપૂર્ણ ઢળવાને **હરિ**નાં ચરણ ચૂમવાને,
હૃદય નિશ્ચય શું પાકો છે ! **હરિ**ને દિલ રીઝવવાને.

હૃદયની ભાવભક્તિથી જીવન **આ** જીવદશાનું જે
-થકી તે, ઊર્ધ્વ ચઢવાને પરિશ્રમ દિલ લીધેલો છે.

બધીયે જાતનો ડર જે પૂરો નાખી દીધેલો છે,
કરી યાહોમ ફના થાવા જીવનને ઝંપલાવ્યું છે.

ચરણ ઠરવા ધગશ દિલની ઊછળતી શું ચઢેલી છે !
ઠરીઠામે વિના ધ્યેય કશે ના બેસવા દે તે.

હરિઃૐ

## કૃપાથી ચરણમાં સૂવાતણી તક સાંપડેલી છે

કશું ના એમનું એમ જ થતું પરિપક્વ રહેતું છે,
મથામણ કેટલીમાંથી થવું પડતું પસાર જ તે !

ફળંતાં વૃક્ષ પર ફળને કંઈક શું કાળ વીતતો છે !
વિના તપ, ત્યાગ, પરમાર્થ કંઈ ફળવાનું ના બનશે.

પ્રભુપ્રીત્યર્થ જે તે કંઈ કર્યાં કરીને, સમર્પીને,
થતું જે તે, નિવેદીને મૂકી દેવું બધું ચરણે.

બહુવિધની મથામણની કસોટીમાંથી નીકળીને,
કૃપાથી ચરણમાં સૂવાતણી તક સાંપડેલી છે.

હરિઃૐ

# हरि ભજવાતણો ધંધો અમે સ્વીકારી લીધો છે

અમારે કોઈ હક્ક દાવો ન કરવાનો જીવનમાં છે,
**हरि** ભજવાતણો ધંધો અમે સ્વીકારી લીધો છે.

કદીક શી ખોટ ખાધી છે, અને રવડી પડેલા જે,
હૃદય તે ભાન જાગ્યાથી, ઊઠી ફરી હામ ભીડી છે.

કમાવા લાગતાં, દિલમાં અનુપમ હોંશ પ્રગટી છે,
ખબરદારી, ટટારી શી કમાણીથી સજીવન છે !

હવે કદી ખોટ પણ કાંઈ જવા વારો ન ક્યાંયે છે,
ચરણમાં સ્થાન મુજ જેવા પતિતને તેં દીધેલું છે.

હરિઃૐ

## હવે બસ માત્ર એક જ છે, ચરણની લગની દિલમાં જે

ન કાંઈ બોલવાનું છે, ન કાંઈ ચાલવાનું છે,
હવે બસ માત્ર એક જ છે, ચરણની લગની દિલમાં જે.

હૃદયના વહાલમાં **एने** હૃદય ચાંપ્યા કરેલા છે,
ચૂમી ચૂમી ઉપરા ઉપરી હૃદય હેત જ વછૂટ્યું છે.

જરીક આઘો જઈ પાછો નજીક કેવો તું આવે છે !
રમત એવી વિશે તારી હૃદય રંગત રસીલી છે.

કદીક શો છાનોછપનો તું કહીંક સંતાઈ જાયે છે,
તને ત્યાં કાઢવો ખોળી, રમત કેવી મનોહર તે !

હરિઃૐ

## હૃદય અનુરાગ સેવંતાં, ચરણમાં લક્ષ વળિયું છે

હૃદયથી ચાહવાનું તો કહીંકથી એકદમ **હરિ**ને,
ફૂટી ઓચિંતું નીકળ્યું ના, થયું મથવાનું કેવુંયે !

સ્મરણ અભ્યાસ પાડીને, સ્મરણને જીવતું કરીને,
હૃદય અનુરાગ સેવંતાં, ચરણમાં લક્ષ વળિયું છે.


થતાં સાતત્યનો ઊંડો સ્મરણ અભ્યાસ જીવંતો,
**હરિ**માં દિલ લાગીને **હરિ** ઝંખ્યા કરેલો તો.

હૃદયની ઝંખનામાંથી **હરિ**ને ચાહવાનું તે,
કૃપાથી દિલમાં કેવું અસરકારક ઊગેલું છે !

હરિઃૐ

# ખંડ - ૫

# મથામણમાં તમન્નાના પ્રકારો



તમન્નાને લીધે મથતાં હૃદય પ્રગટી શી જિજ્ઞાસા !
પછી મથતાં રહેવાતાં શું ચેતાવ્યો જ તણખો ત્યાં !

હરિઃૐ

## તમન્નાનો, ઉમળકાનો ઉછાળો મસ્ત પ્રગટેલો

અનુભવમાં પ્રકાશીને **હરિ**ને ભેટવા દિલ તો,
તમન્નાનો, ઉમળકાનો ઉછાળો મસ્ત પ્રગટેલો.

ન છાનોમાનો તો એણે કદી પડવા જ દીધો છે,
સતત ચલવી, મથાવીને હૃદય ગોદાટી કીધી છે.

કંઈક શા ઊર્ધ્વના પંથે ચઢાવ્યું ત્યાં હૃદય કેવું
-થયેલું બહાવરું પોતે ! ગતાગમ યોગ્ય પડી ના તો.

કંઈક સ્થિર થવાતાં ત્યાં ભૂમિકા તે વિશે અંતર,
બધું ત્યારે જ જે તે કંઈ પ્રકાશી ઊઠ્યું ત્યાં રૂપ.

હરિઃૐ

## તમન્નાએ મથાવ્યો છે, તમન્નાએ બઢાવ્યો છે

જીવનમાં જાગતું રહેવા સતત યત્ન જ થયેલા છે,
તમન્ના જોશને લીધે બધું જે તે થયેલું છે.

ભૂલેચૂકે બડાશો જો કદી પણ કંઈ મરાઈ હો,
'બધી મૂર્ખામીના બોલ' જરૂર તેમ જ પ્રીછી લેજો.

તમન્નાની બધી એ તો બલિહારી શી ન્યારી છે !
તમન્નાએ મથાવ્યો છે, તમન્નાએ બઢાવ્યો છે.

કૃપા અનહદ **શ્રીહરિ**ની, કે **હરિ**એ દિલ તમન્નાને
-જલાવી અગ્નિના જેવી, જીવનપંથે ધપાવ્યો છે.

હરિઃૐ

## ‘કમીના તે તમન્નાની’ હૃદય સમજણ પડેલી તે

રમત રમતાં, રમત રમતાં, જીવનમાં કંઈક વેળાએ
-ગુમાવાઈ જ સૂધબૂધ સૌ, છતાં ના ભાન જાગ્યું છે.

‘કમીના તે તમન્નાની’ હૃદય સમજણ પડેલી તે,
થતાં સાધન વિશે કૌવત, ભીડીને દમ ઉગાડ્યું છે.

હૃદય જ્યાં ભાવ ઊઠતામાં લગાડ્યો સાધને કેવો !
શું ચેતન સ્ફૂર્તિ ફૉરી છે ! જીવનની ધન્ય પળ તે તો.

ખરી તેવી જ વેળાએ બધુંયે જોર જીવનનું
-લગાડી દીધું સંપૂર્ણ, બધું બળ તે કૃપામૃતનું.

હરિઃૐ

# થવાને આર કે પાર હૃદય સળગી ઊઠેલું છે

નર્યાં જોખમ, બહુ સાહસ કીધાં શાં પાર વિનાનાં !
સટોસટીનો, કટોકટીનો જીવનસંગ્રામ જીતવા ત્યાં.

જીવનનો જંગ જ્યાં પાકો બરાબર ખેલવાનો શો
-હવે વારો જ આવ્યો છે ! હૃદય શો રંગ ઊછળેલો !

તહીં શાં બાવડાં મજબૂત ! સીને ખુન્નસ ચઢેલું છે,
થવાને આર કે પાર હૃદય સળગી ઊઠેલું છે.

ન જેવું તેવું તે યુદ્ધ, છતાં શી કારકિર્દીનેયે
-જવા દેવા ન ફોકટ તે ! ફના થાવા ઝુકાવ્યું છે.

હરિઃૐ

## સતત પુરુષાર્થ કરવાનો અધિકાર જ જીવનમાં છે

ખીલેલું પુષ્પ પણ કેવું જરૂર કરમાઈ તે જાશે !
મળેલી એવી સુંદર તક ન ઝડપાતાં જતી રહેશે.

પકડી લેતાં, શરૂ કીધો, કૃપાથી શો અમલ જીવને,
પૂરેપૂરી છતાં કારી, હજી મળતી રહી ના તે.

છતાં એને સતત વળગી રહેવાનું જ રાખ્યું છે,
ફવાયે કે ફવાયે ના, ગણતરી દિલ ન ધારી છે.

સતત પુરુષાર્થ કરવાનો અધિકાર જ જીવનમાં છે,
બધું પરિણામ **હરિ**ની પર અમે છોડી જ દીધું છે.

હરિઃૐ

## નર્યા મસ્તાનના કેવા શું મસ્તાન જીવનના તે !

પુરુષાર્થ જ કરી જોતાં, વળી મથતાં, બહુ મથતાં,
પડાતાં પાછું, પણ મથતા રહીને, યત્ન શા કીધા !

જીવનનો ટેક ત્યાં વજ્ર સમો શો અડગ ને મક્કમ !
અમે પાની ન કરવાના કદી પાછી, અમે ફક્કડ !

હથેળીમાં ધરી મૃત્યુ જીવનમાં ડગ ભરેલાં છે,
નર્યા મસ્તાનના કેવા શું મસ્તાન જીવનના તે !

નશો કેવો જીવન કાજે હૃદયમાં તો ચઢેલો છે,
ઝુકાવીને, ઝુકાવીને, અમે દીધે જ રાખ્યું છે !

હરિઃૐ

## અજંપો તે વિશે ઉત્કટ ભભૂકેલો ઘણો દિલથી

કશીક નાનકડી ગ્રંથિથી થવા મુક્ત જીવનમાં તે
-નિખાલસતા, શી વાસ્તવિકતા ! જરૂરી તટસ્થતા શી છે !

જીવનમાં ખૂંચતાં ઉગ્ર તીવ્રમાં તીવ્ર તે ગ્રંથિ,
અજંપો તે વિશે ઉત્કટ ભભૂકેલો ઘણો દિલથી.

ખરેખર ગ્રંથિથી તેવી હૃદય ના ચેન પડતું છે,
થતાં તેવું, જરૂર ગ્રંથિ જવાની ઓગળી નિશ્ચે.

હૃદયનો વજ્ર સમ મક્કમ વળી નિશ્ચય જે દૃઢ નક્કર,
થવા ગ્રંથિથી તે મુક્ત કરવશે ભવ્ય પુરુષાર્થ.

હરિઃૐ

## ઉમળકાનો હૃદય જુસ્સો કદી ના ઓગળેલો છે

જીવનમાં એકલા મથવાતણો ઈતિહાસ ન્યારો છે,
સતત મથવું પડેલું છે, છતાં કંટાળો દિલ ના છે.

ઉમળકાનો હૃદય જુસ્સો કદી ના ઓગળેલો છે,
કદીક ઢીલો થતાં જાણી, હૃદયનો પ્રાણ જાગ્યો છે.

તમન્ના તીવ્ર લાગેલી, ઢીલો પડતાં જ બેઠો તે
-કરાવે છે, ઉઠાડીને પથે ધમધમ ચલાવે છે.

હૃદયની આગ બળતી'તી મથાવામાં હૃદય વિશે
-કચાશ જ કોઈ પણ રીતે જરા રહેવા ન દીધી છે.

હરિઃૐ

## જીવનનું ખૂન સર્વસ્વ દઈ દેવા તમન્ના છે

જીવનનું *ખૂન સર્વસ્વ દઈ દેવા તમન્ના છે,
જીવન મારું બધુંયે તે ગયું ઓવારી તુજ પર છે.

જીવનના ધમપછાડા સૌ હવે છૂટી ગયેલા છે,
લડત તોયે હજી બાકી રહેલી જીવવાની છે.

ભલે તેયે મુબારક છે, જીવનમાં જે તમન્ના છે,
લડતનીયે ખબર પાકી લઈ લેવા જ તત્પર જે.

લડતનેયે ખબર પડશે લડત લડવાની જે છે તે,
શી કોની સાથ પાનાં ત્યાં પડેલાં સર્વ સમજાશે.

---

* ખૂન=લોહી, પ્રાણ

હરિઃૐ

## તમન્ના ધ્યેયની એવી જલતી છે, દિલમાં શી તે !

જીવનનો પંથ છો લાંબો, કશી દરકાર તેની ના,
પથે ત્યાં ચાલતાં, ધપતાં, કપાવાનો જરૂર શો ત્યાં !

વિચારો તો બીજા બીજા કશા ના ફાલતુ પજવે,
તમન્ના ધ્યેયની એવી જલતી છે, દિલમાં શી તે !

સતત બસ ધ્યેયનું ઊંડું મનન ચિંતવન ઊંડું જે છે,
હૃદય ગરકાવ ત્યાં રહે છે, જીવનની ખુશનસીબી તે.

જીવનને પહોંચવાનું જ્યાં, કશી મુકરર જગા ના તે,
નર્યું ત્યાં આશરે કેવું ખરેખર ચાલવાનું છે !

હરિઃૐ

## લગાતાર જ લગાડીને હૃદયરસ રેલવાનો છે

મહામહેનતથી મળિયો છે, **હરિ** જીવનનો સંગાથી,
છતાંયે કોણ જાણે શી કરામતથી જતો છટકી !

ન કોઈ માલિકનો માલિક છે, **હરિ** પોતે સ્વતંત્ર જ છે,
ઈલમબાજ, કળાબાજ, શું પાછો બાજીગર પોતે !

અરે ! કાં ઘેલછા કાઢે ! બકે કાં ગાંડપણથી તે,
**હરિ** તો કંઈ કશું ના છે, બધું આરોપણ નિજનું છે.

નિરંતર ભક્તિ **હરિ**નાથી, **હરિ**ને નિજ હૃદય વિશે
-લગાતાર જ લગાડીને હૃદયરસ રેલવાનો છે.

હરિઃૐ

## સમજવું, પ્રીછવું તે તે મળેલું સૌ તબક્કામાં

અનુભવવા જીવનતત્ત્વ હૃદયરઢ લાગી ઉત્કટ જે,
નિરાંતે જંપવા વારો ન દીધો રાખવા એણે.

ઊંચોનીચો કરાવીને પહોંચાડી કદી શિખરે,
ગબડવાનું થયું નીચે થયું મથવું બધામાં તે.

તમન્નાની ગરજ લીધે સતત મથવા વિશે દિલને,
હૃદયમાં ચેતનાત્મક તે કૃપાથી તો ટકાવ્યું છે.

જીવનની સમગ્રતામાં ને મથામણના અનુભવમાં
-સમજવું, પ્રીછવું તે તે મળેલું સૌ તબક્કામાં.

હરિઃૐ

## ઝલક તેવા જીવનની તે શી ભવ્ય, રમ્ય, દિવ્ય જ છે !

તમન્નાને લીધે મથતાં હૃદય પ્રગટી શી જિજ્ઞાસા !
પછી મથતાં રહેવાતાં શું ચેતાવ્યો જ તણખો ત્યાં !

જીવનની એવી જિજ્ઞાસા થકી મથતાં જવાતાં તે,
શી 'જિજ્ઞાસા' અભીપ્સામાં કૃપાથી ફેરવાઈ છે.

અભીપ્સામાં ઉછાળો શો મથામણમાં જ ઊછળે છે !
જીવન પ્રત્યેની ભક્તિમાં સચેતન ત્યાં થવાતું છે.

સચેતનતા જીવનમાં જ્યાં અણુઅણુમાં જ વ્યાપે છે,
ઝલક તેવા જીવનની તે શી ભવ્ય, રમ્ય, દિવ્ય જ છે !

હરિઃૐ

## કશી જો હોશિયારી હો તમન્નાની ખરેખર છે

જીવનમાં સર્વ જે તે કંઈ વણસતું જ્યાં જતું લાગે,
બધું ત્યાં સમેટવા પાછું થતી બુદ્ધિ, શું અચરજ તે !

હૃદયની સભાનતા પૂર્ણ, હૃદયની સ્વસ્થતા પાકી,
વળી ત્યાં તટસ્થતા કેવી ! પરીક્ષા ત્યાં થતી સહુની.

કશી ના બહાદુરી તેમાં જરા **આ જીવ**ની પણ છે,
કશી જો હોશિયારી હો તમન્નાની ખરેખર છે.

જીવન અભ્યાસને જેમ વળગતું જ્યાં જણાયું છે,
જીવન પ્રત્યે તમન્નાની પ્રગટતી હોળી શી ગઈ છે !

હરિઃૐ

## મરી ફીટવા તમન્ના છે, કશું દુર્લભ જગે ના છે

જીવનમાં શું ન મળતું છે, મરણિયો દિલ નિશ્ચય છે,
મરી ફીટવા તમન્ના છે, કશું દુર્લભ જગે ના છે.

મથે જે હેતુના ભાવે જરૂર ગુણશક્તિ ફળતાં છે,
પુરુષાતનનું સામર્થ્ય જીવનમાં ખીલતું રહે છે.

મથ્યા કરવાથી શા જુદા જુદા ગુણ કેળવાયે છે,
જહીં મથવામાં સાતત્ય પ્રગટતાં, શક્તિ ફોરે છે.

પછી મથવા વિશે કેવો હૃદય આનંદ ઊછળે છે,
હૃદય એવા જ મથવામાં જીવનનો હેતુ ફળતો છે.

હરિઃૐ

## તમન્ના એ જ જીવનમાં શ્રીસદ્‌ગુરુ સર્વશ્રેષ્ઠ જ છે

મથામણનો રસીલો શો જીવન ઈતિહાસ ન્યારો છે !
મથામણથી ઘડાવાનું કૃપાથી શું થયેલું છે !

હૃદય મથવા વિશે કેવું ઊગેલું સમજવાનું છે !
જીવનમાં આગના જેવું પરિણામ તમન્નાનું.

તમન્ના એ જ જીવનમાં શ્રીસદ્‌ગુરુ સર્વશ્રેષ્ઠ જ છે,
તમન્નાએ કળા કેવી જીવનમાં ઊપસાવી છે !

મથામણ એ જ માખણને જીવનમાંથી શું નિપજાવે !
મથામણમાં જીવનહેતુ કૃપાથી ધારવું થયું છે.

હરિઃૐ

# હૃદય જે અગ્નિ ચેતેલો, મથાવ્યો છે મને એણે

જીવનના ધ્યેયની ઉત્કટ ધગશ કેવી હતી હૃદયે !
સતત તેથી મથ્યા કરવે હતો ઉત્સાહ જીવતો જે.

જીવનના ધ્યેયને જીવન વિશે સાકાર કરવાને
-હૃદય જે અગ્નિ ચેતેલો, મથાવ્યો છે મને એણે.


મથામણમાંય જીવનમાં ખરેખર રસ પડેલો શો !
ઊંડું ઊંડું ખરે તેથી જીવનમાં ઊતરાયેલું.

જીવનની ઉત્તરોત્તરની ભૂમિકામાં મથામણ જે,
જુદા સૂક્ષ્મ પ્રકારેયે જરૂર લમણે લખાઈ છે.

હરિઃૐ

# ખંડ - ૬

# મથામણમાં પ્રેમની કળા



બલિદાન અને ત્યાગ સમર્પણ ને ફનાગીરી,
જવું હોમાઈ સંપૂર્ણ, કળા શી પ્રેમની એવી !

હરિઃૐ

## જવું હોમાઈ સંપૂર્ણ, કળા શી પ્રેમની એવી !

બલિદાન અને ત્યાગ, સમર્પણ ને ફનાગીરી,
જવું હોમાઈ સંપૂર્ણ, કળા શી પ્રેમની એવી !

હૃદયનો પ્રેમ નીરખતો બધું નિજનું ખરેખરનું,
સકળ બ્રહ્માંડ પણ કેવું હૃદય પ્રેમે સમાયેલું !

શું છલકાતો હૃદય પ્રેમ ભર્યા ભરપૂર રસથી તે !
જીવનના સર્વ કિનારા જતા સ્પર્શાઈ રસથી તે.

હૃદયના પ્રેમને કોઈ કિનારો ક્યાંય લાગે છે ?
અનંતાનંતની પાર શું રેલાતો સહજ રહે છે !

હરિઃૐ

## ઊછળતા ધોધની પેરે પ્રચંડ જ શી ગતિ એને !

ગમા કે અણગમા એને કશી કોઈ જાતના ના છે,
પ્રવેશાવાની ભૂમિકા હૃદયનો પ્રેમ માગે છે.

ઊછળતા ધોધની પેરે પ્રચંડ જ શી ગતિ એને !
પ્રવાહે નિજના તેવા બધે અવતરતો લાગે તે.

સતત અવતરવું આરોહણ ઉભય તે પ્રક્રિયા એને,
હૃદયના પ્રેમની એવી જીવન વિશે હકીકત છે.

જવા ગળવા બધાંમાંયે હૃદયનો પ્રેમ હંમેશે
-સહજ ભાવે મથે, તોયે બધે દ્વારે જ તાળાં છે.

હરિઃૐ

## હૃદયના પ્રેમને શરૂમાં મથામણ બહુ પડેલી છે

હૃદયના પ્રેમને શરૂમાં મથામણ બહુ પડેલી છે,
સ્વયંભૂ તે થતાં પહેલાં થયેલી ગડમથલ બહુ છે.

રચાવાને ભૂમિકા તે પરસ્પરના અવર જે તે
-બધાં સંજોગ, કારણને પડ્યાં શાં મઠારવાં તેને !

મથામણ ના કદી એક જ પ્રકારની **આ** જીવનમાં છે,
અનેકે જાતની કેવી જુદી જુદી મથામણ છે !

જુદા જુદા જ સંગ્રામો જીવન લડવા પડેલા છે,
દઢાવાતાં જ ત્યાં હેતુ ખમીર, ખુમારી પ્રગટ્યાં છે.

હરિઃૐ

## કશા ના આગ્રહો એને, મડાગાંઠો કશી ના છે

હૃદયના પ્રેમનો કેવો જીવન ખોરાક રસનો છે !
બધે રસ, રસ અને રસથી ભર્યો અલમસ્ત ભરપૂર છે.

થતું જે જેમ હો તેમ રીતે તેવું થવા દે છે,
ન આડો ક્યાંય આવે છે, સહજ સરળ સ્વભાવે તે.

કશા ના આગ્રહો એને, મડાગાંઠો કશી ના છે,
બધી રીતની જ સમજણથી નિરાળો પ્રેમ દિલનો છે.

પૂરેપૂરો જ આસક્ત, છતાં મુક્ત, નિરાસક્ત,
બધાંમાં શો ભળેલો છે, છતાં સૌથી નિરાળોયે !

હરિઃૐ

## બધું સ્વાર્પણ કરી દે છે, ન કંઈ નિજ પાસ રાખે છે

'હૃદયનો પ્રેમ કેવો છે' બધી સમજણ કૃપા કરીને
-જીવન ઉતારવા કાજે, તમે પાડો હૃદય અમને.

ન કકળાટ જ, ન કંટાળો, ઉધામા ના કશા એને,
મળે જે જે સ્વીકારે તે સદા નિજ આગવી ચાલે.

સદા ગતિશીલ પોતે છે, ન મુદ્દલે ગતિ પણ છે,
બધું સ્વાર્પણ કરી દે છે, ન કંઈ નિજ પાસ રાખે છે.

ભળેલો ને ગળેલો છે, બધાંનામાં પૂરી રીતે,
છતાં જીવનમાં તેવાને સ્વીકારે કો ન તે રીતે.

હરિઃૐ

# સતત હોમાઈ જવું યજ્ઞે હૃદયનો પ્રેમ એવો છે

બલિદાન અને ત્યાગ, સમર્પણ ને ફનાગીરી,
સતત હોમાઈ જવું યજ્ઞે હૃદયનો પ્રેમ એવો છે.

કશી ફરિયાદ ના એને, ન કથવાનું કશું એને,
બધું જે તે સમાવીને હૃદય તે મસ્તીમાં વર્તે.

ન કંઈ બબડાટ એને છે, કશો ચણચણાટ ના એને,
ફિકર ચિંતા ન એને છે, સદા નિજ મસ્તીમાં પોતે.

સલાહો સૂચના ના દે, પરિણામ અહંનું તે,
અહં ના પ્રેમમાં કંઈ છે, સ્વયંભૂ ને સહજ પોતે.

ન આશા, ના અપેક્ષા છે, ન ઇચ્છા, ના મનીષા છે,
સ્વતંત્ર સર્વથી પોતે, વળી શો એકપક્ષી છે !

હરિઃૐ

## જવું ખોવાઈ સંપૂર્ણ કળા શી પ્રેમમાં તે છે !

હૃદયના પ્રેમને ભેદ કશાનોયે ન પાલવતો,
થવામાં એક રસ દિલમાં હૃદયનો પ્રેમ જાણે શો !

જવું ખોવાઈ સંપૂર્ણ કળા શી પ્રેમમાં તે છે !
થવું તાદાત્મ્ય મન દિલથી ખૂબી તે પ્રેમમાં શી છે !

શમાવી દે બધું જે તે, બધું ઓગાળી દે જે તે,
શી અદ્‌ભુત શક્તિ એવી છે, હૃદયના પ્રેમની જીવને !

હૃદયના પ્રેમનાં શાં શાં કળા ને મહાત્મ્ય, ખૂબી જે,
થતાં પ્રાગટ્ય જીવનમાં જીવન રસબોળ થાયે છે.

હરિઃૐ

# હૃદયનું ધર્મકર્તવ્ય ભજવવા મસ્ત મશગૂલ છે

નર્યું સંપૂર્ણ જડ જે છે, તહીં અવતરવું જાણે જે,
હૃદયનું ધર્મકર્તવ્ય ભજવવા મસ્ત મશગૂલ છે.

મળી, ભળી, પૂર્ણ ગળવાનો સહજ ગુણધર્મ અદ્‌ભુત જે,
ચમત્કારિક એવાનો, છતાં તે કોણ પ્રીછે છે ?

પ્રવેશાવા પૂરેપૂરું હૃદયના પ્રેમનું તો જે
-જીવનનું ખાસ કર્તવ્ય સહજમેળે બજાવે છે.

છતાં નીકળેલ નિજમાંથી બધાં મોજાં જઈ જઈને,
બધાં વળતાં જ પાછાં તે, સ્વીકારાતાં નથી જ્યાં તે.

હરિઃૐ

## સ્વીકારે છે મળેલું સૌ હૃદય નિજભાવથી જે તે

ગણે સહુને હૃદય નિજનાં બધું પોતાનું એને છે,
છતાં પાછો સ્વીકારાતો નથી, એવો જીવન વિશે.

હૃદય વળગેલ સંપૂર્ણ મળેલાંમાં રહે છે તે,
મળેલાં કોઈ એને તો હૃદય તેવો ન ધારે છે.

છતાંયે પ્રેમને એવી કશીયે ના પડી કંઈ છે,
બધાંમાં દાખવી રસ તે વહ્યા કરતો જ હંમેશે.

નકારાતો બધાંથી તે, છતાં કશું ના નકારે તે,
સ્વીકારે છે મળેલું સૌ હૃદય નિજભાવથી જે તે.

હરિઃૐ

# હૃદય આ મીણની જેમ બધું પીગળી ગયેલું છે

હૃદયના મસ્ત ભાવેથી મળી જાણ્યું જહીં દિલ તે
-વિખૂટું ત્યાં પડાતાં શો હૃદયમાં આંચકો પ્રગટે !

મળેલાંની વિખૂટાની શી કમબખ્તી હૃદયની તે !
વલોવાઈ જતું કેવું ખરેખર **આ** હૃદય શું તે !

હવે મારેય પગ વાળી નિરાંતે બેસી રહેવું છે,
નજર સરખીય તુજ સામે હવે મારે ન ધરવી છે.

પરંતુ જ્યાં નજર લટકું જરીક અમથું થયેલું છે,
હૃદય **આ** મીણની જેમ બધું પીગળી ગયેલું છે.

હરિઃૐ

# હરિની સાથ મહોબતની હૃદય બંધાઈ ગોઠડી છે

**હરિ**ની સાથ મહોબતની હૃદય બંધાઈ ગોઠડી છે,
હવે ચાળા બધા કરવા મળેલી મુક્તતા શી તે !

હૃદયથી ગેલ કરી કરીને, કંઈક ગોષ્ઠિ થતી રહે છે,
શું દિલ દિલને ભીડી ભીડીને હૃદય સરસા જ ચોંટ્યા છે !

છતાં ઓચિંતું શું તુજને થયેલું તે ન જાણ્યું છે,
કહીં કહીં દૂરનો દૂર જ **હરિ** નાસી ગયેલો છે.

નયન અણસારથી કેવો રહી રહી વેગળો ક્યાંયે !
કરી અધમૂઓ મૂક્યો છે, હૃદય રંજાડવા મુજને.

હરિ:ૐ

## હૃદયનો પ્રેમ કુરબાન થયા કરવાનું સમજે છે

નિરાવલંબી જ સંપૂર્ણ હૃદયનો પ્રેમ કેવો છે !
સતત નિજ પર હંમેશાં તે બધો આધાર રાખે છે.

જીવન બસ હોમી દેવાનું હૃદયનો પ્રેમ જાણે છે,
થતાં એવું ઉમળકો દિલ હૃદયનો પ્રેમ જે ઊછળે.

હૃદયનો પ્રેમ કુરબાન થયા કરવાનું સમજે છે,
જીવન હોમાઈ જવાકેરી સતત આહુતિ અર્પે તે.

સમર્પણ યજ્ઞની કેવી બલિહારી, રસીલી છે !
જીવન હોમાતાં, હોમાતાં, જીવન તે રૂપ બદલે છે.

હરિઃૐ

## તહીં શું ઑર વર્ષાવ્યું હરિએ હેત મુજ પર તે

હૃદય તરબોળ, નાહવાની **હરિ**માં મોજ નવતર છે,
કદીક છબછબિયાંથી જળને ઉછાળ્યા શું કરેલું છે !

કદીક ઊંડા પ્રવેશીને તહીં ડૂબકી લગાવી છે,
રહી અંદર, તહીં અંદર હૃદય ખેલ્યા કરેલું છે.

ગરક સંપૂર્ણ મસ્તીમાં થવાયા દિલ જવાયું છે,
હૃદયના ઑરિયા સઘળા બધા વિરમી ગયેલા છે.

થતું કૃતકૃત્ય લાગે છે, જીવન સઘળું કૃપાએ તે,
તહીં શું ઑર વર્ષાવ્યું **હરિ**એ હેત મુજ પર તે !

હરિ:ૐ

# ચહી ચહી સર્વની સાથે જીવનમાં જીવવાનું છે

મળેલા સર્વ સંબંધો જીવનમાં કર્મવહેવારે,
નિભાવી દિલ લેવાની હૃદયની નેમ પાકી છે.

કદી મનથી ઝઘડવું ના, ન તરડાવું કદી દિલથી,
ન મરડાવાનું ઇચ્છ્યું છે, સુમેળે જીવવું મૂળથી.

જરી કંટાળવાનું ના, કદી ના ત્રાસવાનું છે,
ન ફરિયાદ, ન કડવાશ કશીય કરવાની દિલ રહે છે.

હૃદયમાં ચણચણાટીને જરા જીવવા દીધી ના છે,
ચહી ચહી સર્વની સાથે જીવનમાં જીવવાનું છે.

હરિઃૐ

## જીવનમાં મસ્ત આનંદતણો કેવો ઝરો ગૂઢ છે !

જીવનમાં જીવવા વિના ન કોઈનો જ છૂટકો છે,
પછીથી કાં ન આનંદે જીવન જીવવાનું કરવું તે !

જીવનમાં મસ્ત આનંદતણો કેવો ઝરો ગૂઢ છે !
અનંત જ લક્ષ્મીનો કેવો છૂપો ભંડાર મબલખ છે !

હૃદય તેનાથી આકર્ષાઈ જહીં મેં દોટ મૂકી છે,
ખરેખર ત્યાં લડત વચ્ચે ઊભી કેવી થયેલી છે !

હવે તો તે જીત્યા વિના ન કંઈ આગળ જવાનું છે,
લડતને તેથી પડકારી સતત લડવાનું જારી છે.

હરિઃૐ

## ઉમળકાથી હરિ પોતે તરત ત્યાં દોડી આવ્યો છે

હૃદયમાં પાકી સમજણ કે '**હરિ** વહારે ચઢેલો છે',
બહુવિધ ને બહુ રીતે અનુભવ તે થયેલો છે.

જીવન મુશ્કેલી ઊંડી જ્યાં પડ્યા છે હાથ હેઠા ત્યાં,
કરંતાં શ્રમ, ફવાયું ના, ચઢી આવ્યો ઊડી વહારે.

**હરિ**ને કે 'મદદ કર તું', કહેવું ના પડેલું છે,
ઉમળકાથી **હરિ** પોતે તરત ત્યાં દોડી આવ્યો છે.

**હરિ**ની પર હૃદય ત્યારે શું ઊછળી, ઊછળી નાચ્યું છે !
સતત દિલ ભાવ મસ્તીમાં સમય, સ્થળ ક્યાંય ઊડ્યાં છે.

હરિઃૐ

## हरि વહાલાતણો મસ્ત શિરે કર જે હતો મારે

'નમ્રતા કેટલી ! કેવી !' નિરીક્ષણ દિલ થવા કાજે,
પ્રસંગો શા કૃપાથી તે જીવનમાં તો મળેલા છે !

શું હડહડ હું થયેલો છું ! કંઈક ઈલકાબ પામ્યો છું,
વળી અપમાન ઝિકાયાં, છતાં ત્યાં સ્વસ્થ રહેવાયું.

કૃપા કેવી **हरि** વહાલાતણી મુજ પર હતી, તેથી
-સ્વીકારાયું જ કસવાને જીવનનું તે બધું કસથી.

**हरि** વહાલાતણો મસ્ત શિરે કર જે હતો મારે,
મને જેમાં અને તેમાં ઊંચે માથે રખાવ્યો છે.

હરિઃૐ

## હરિને યાદ કરવાનું જીવન સદ્‌ભાગ્ય ઊગ્યું છે

રમતમાં ને રમતમાં શું લડી કેવા પડેલા તે !
**હરિ**એ લાત મારીને ફગાવી દૂર દીધા છે.

ભુલાયું ભાન જીવનનું બધુંયે સાવ મુદલ તે,
**હરિ**નીયે હૃદય યાદ જ કશીયે ના ફરકતી છે.

અમર્યાદિત સમયની તે જૂની જૂની યાદ પ્રગટીને
-**હરિ**ને યાદ કરવાનું જીવન સદ્‌ભાગ્ય ઊગ્યું છે.

ભુલાયેલો મળ્યો જ્યાં છે, મુસીબતથી જડેલો છે,
હવે છોડાય શી રીતે ? જીવન દોસ્તી અમારી છે.

હરિઃૐ

## અમારે જિંદગાનીનું બધું રળતર હરિ તું છે

અમારે જિંદગાનીનું બધું રળતર **હરિ** તું છે,
ઝૂરી ઝૂરી જ ઝંખીને હૃદયમાં યાદ તારી છે.

હૃદયમાં યાદ તારીયે કરામત શી કીધેલી છે !
ઉછાળા મસ્ત મારીને વળગવા દિલ તલસે છે.

અફાટ જ દિલના કેવા ચૂરેચૂરા થતા ત્યાં છે !
હૃદય આનંદના ઓળા **હરિ** ઝાંખીથી વળતા છે.

પરસ્પરનાં મળ્યાં દિલ છે, પછી વિમુખતા શાને ?
ફરી શો દિલ મળવાનો હરખ ઊછળતો અદ્‌ભુત છે !

હરિઃૐ

## હવે બસ મહાલવાકેરું નસીબ શું ઊઘડેલું છે !

શું દિલ દિલની મહોબતની બધી છૂટની મજા શી છે !
ગમે તેમ વર્તવાનોયે હૃદયઆનંદ ન્યારો છે.

શરમ સંકોચ મર્યાદા બધાં ઊડી ગયેલાં છે,
જહીં દિલ દિલ ભેટ્યાં છે, નર્યું **एकत्व** લાગે છે.

બધું ભરપૂર અસ્તિત્વ છતાં ઊડી જતું ક્યાં તે !
હૃદય શું મસ્તી ફુવારા હૃદય ઊડતા થયેલા છે !

**हरि**ની દિલ દિલની તે, હૃદયરંગત અનેરી છે,
હવે બસ મહાલવાકેરું નસીબ શું ઊઘડેલું છે !

હરિ:ૐ

## સતત એમાં અને એમાં પરોવાયેલ દિલ રહે છે

જીવનમાં ખેલવા, કૂદવા **હરિ**સોબત મળેલી છે,
શું સંતાકૂકડી રમતો ઘડી ઘડીમાં **હરિ** શો તે !

**હરિ**ને ખોળવા કાઢી રમતમાં લક્ષ ચોંટ્યું છે,
ઉચાટ જ બીજી બાજુથી હૃદય ઉગ્ર પ્રવર્ત્યો છે.

રમતની ઘેલછાનોયે ઉછાળો કોઈ ન્યારો છે,
સતત એમાં અને એમાં પરોવાયેલ દિલ રહે છે.

વળી **હરિ**ની હૃદય મસ્તી ભરી શી સભાનતા ત્યાં છે !
શી અણમોલ જીવનપળ તે ન સ્વપ્નેયે જ મળતી છે !

હરિઃૐ

## હૃદયના ભાવનો સ્પર્શ સઘન સ્વરૂપે પ્રવર્ત્યો છે

જીવનમાં પ્રકૃતિનો શો બધે જ્યાં ત્યાં પસારો છે,
બધે ક્યાંનાય તે ક્યાંય ઊંડે મૂળિયાં ગયેલાં છે.

હૃદયના ભાવનો સ્પર્શ સઘન સ્વરૂપે પ્રવર્ત્યો છે,
તહીં તે લેપ મૂળિયાંમાં લગાડ્યા શો કરેલો છે !

અનેકે વારની એવી થતી જે પ્રક્રિયા રહી છે,
કૃપાથી તેથી જીવન **આ** થવા માંડ્યું સજીવન છે.

સજીવનની બધી માત્રા જીવન શી ગાઢ થતી રહેતાં !
જીવન ફળવા પછીથી તો સહજ લાગ્યું સરળતામાં.

હરિઃૐ

## हरिની મૈત્રી જીવનમાં મથેલો સાધવા હૃદયે

**हरि**ની ભક્તિ સોબતને, જીવનમાં મહાલવા કાજે,
**हरि**ની મૈત્રી જીવનમાં મથેલો સાધવા હૃદયે.

જીવનમાં તો પરિચય તે થવા **हरि**ની જ સંગાથે,
સ્મરણ, કીર્તન ને સત્સંગ શું પ્રાર્થનાદિય સાધન તે
-કર્યાં કરવા નિરંતર દિલ ! **हरि**ને દિલ ભજેલો છે,
**हरि**ની યાદગીરીમાં શું તેથી વહાલ છૂટ્યું છે !

પછીથી તો **हरि** વિના હૃદયને કંઈ ન ગમતું છે,
હૃદય આકર્ષી લઈ કેવો હૃદય ઘેલો બનાવ્યો છે !

હરિઃૐ

## હરિનું વહાલ પ્રત્યક્ષ જીરવવું તે ન સહેલું છે

**હરિ**ના ભાવમાં જીવવું, **હરિ**ની સાથ મહોબતમાં
-જીવન જીવવું, જીવનનું તે મહદ સદ્ભાગ્ય કેવું છે !

**હરિ**ની સાથ સોબતમાં **હરિ**ની નિત્ય રંગતમાં,
**હરિ**ની સાથ રમવામાં જીવનલહાવો અનેરો છે.

શી બોલાચાલી **હરિ** સંગ રહસ્ય ગૂઢ વિશે ચાલે,
જીવન જીવવાની સુપળ તે મળે ભાગ્યે જ કોઈકને.

અપ્રગટ વહાલ **હરિ**નું છે, ન દેખાડો કરે છે તે,
**હરિ**નું વહાલ પ્રત્યક્ષ જીરવવું તે ન સહેલું છે.

હરિઃૐ

## અજાયબની બધી ગૂઢ સુરમ્ય શી જગતરચના !

બતાવામાં **હરિ**એ તો કમીના કંઈ ન રાખી છે,
છતાં જો માનવી મન તે ન પલળે, ત્યાં કરે **હરિ** શું !

કળા કુદરતની અદ્‌ભુત નીરખી નીરખી નયન મુગ્ધ,
હૃદય સૌંદર્ય અદ્‌ભુતથી હરખઘેલું થતું લુબ્ધ !

અજાયબની બધી ગૂઢ સુરમ્ય શી જગતરચના !
કશી સરખાવવા ઉપમા જડે બ્રહ્માંડમાંયે ના.

બધું જે તે **હરિ**કેરું મધુરથીયે મધુર પણ છે,
અનુભવી માત્ર તે મહાલી સમજી, પ્રીછી શકે છે તે.

હરિઃૐ

## સમજવું બુદ્ધિથી ખાલી બધું મિથ્યા, નકામું છે !

સમજવું બુદ્ધિથી ખાલી બધું મિથ્યા, નકામું છે,
પકડ જામેલી છો હો તે સમો પ્રગટે ઊડી જતી તે.

કદી બુદ્ધિ ઊંડી ઊંડી પૂરેપૂરી ન ઊતરે છે,
ભળંતાં **પ્રાણ**ની શક્તિ શી શક્તિ બુદ્ધિની ત્યાં છે !

મતિમાં ભક્તિનો રંગ જહીં સ્પર્શાતો લાગે છે,
સ્વરૂપ બુદ્ધિનું તે પછીથી નર્યું પલટાતું જાયે છે.

નરી રંગાયેલી બુદ્ધિ પૂરી જે ભક્તિના રંગે,
પછી વિચારવું કેવું બધું બુદ્ધિનું જુદું છે !

હરિઃૐ

# જીવનની સાધના યોગ્ય પ્રકારે તો થતી રહી છે

જીવનમાં ઉષ્મા, ઉલ્લાસ, હૃદય સૌરભ અનુભવમાં,
જરૂર તે ઊગતાં લાગ્યાં બઢેલાં ઑર પમરાતાં.

જીવનની સાધના યોગ્ય પ્રકારે તો થતી રહી છે,
પ્રયોગાત્મક અનુભવથી ચકાસાતું ગયેલું છે.

કશું પણ એમનું એમ વિના અનુભવ જીવનમાં તે
-કદી પણ માની લેવાનું ભૂલેચૂકે થયું ના છે.

જીવનમાં ગુણ કે ભાવ ઉદય શક્તિ થતાં લાગ્યાં,
હૃદય વિશ્વાસ ને શ્રદ્ધા બઢેલાં આત્મબળ ભાળ્યાં.

હરિઃૐ

## જીવનમાં ભાવથી વરવા હરિને મેં ચહેલું છે

જીવનમાં ભાવથી વરવા **હરિ**ને મેં ચહેલું છે,
પરંતુ ભાવ ત્યાં ટૂંકો બહુ વાર જ પડેલો છે.

હૃદયમાં ભાવનું ઝરણું, થતાં જે સાધનાભ્યાસ
-વધારે ને વધારે તે થતાં, વહેતું થયું ખાસ.

પરંતુ જોશ ને વેગ, પ્રચંડ ના હજી તેમાં
-જીવંતો મસ્ત ઉછાળો હજી સંપૂર્ણ પ્રગટ્યો ના.

બઢવવા ભાવમાં મસ્તી હૃદય બસ માત્ર તે લક્ષ્ય,
સતત દિલ જીવતું રાખ્યું, ચહ્યું બસ મંડવું માત્ર.

હરિઃૐ

## હરિને યાદ કરવાનો હૃદય મુજ હેતુ ન્યારો છે

**હરિ**ને યાદ કરવાનો હૃદય મુજ હેતુ ન્યારો છે,
શી **હરિ** પરત્વેની ઊંડી જગવવાની ધગશને તે !

સ્મરણ ને પ્રાર્થનાદિનાં થયાં સાધન, વિશે તે તે
-કદી એકદમ સરળતા ત્યાં સહજમેળે ન પ્રગટી છે.

અનેકે વાર અભ્યાસે પડેલી તૂટ ભારે છે,
નિરંતરનો થવા કાજે મથવું બહુયે પડેલું છે.

ન જેવો તેવો ત્યાં યત્ન કશો કંઈ કામ લાગે છે,
હૃદય ખાઈખપૂસીને સતત ત્યાં મંડવાનું છે.

હરિઃૐ

## હૃદયના પ્રેમમાં કોઈ મથામણ ના કશી પણ છે

હૃદયના પ્રેમમાં કોઈ મથામણ ના કશી પણ છે,
મથામણ તોય **કારણ**ના સ્વરૂપની ભૂમિકા ત્યાં છે.

થયા કરતો સહજ ક્ષોભ ભૂમિકા તે વિશે છૂપો,
અને તે ક્ષોભને લીધે બધું ઉદ્‌ભવ થતું રહે શું !

સહજ તે ક્ષોભને કોઈ રીતે સમજી શકાયે ના,
અતીત વર્ણન થકી તે છે, શી **કારણાતીત** પ્રક્રિયા !

બધી આ પ્રક્રિયા ગૂઢ છૂપી **કારણ**ભૂમિકાની,
કશું પ્રત્યક્ષ કોઈ રીતે નથી વર્તાતું કંઈ મૂળથી.

કશું ના મૂળ આરંભ વળી ના અંત એને છે,
સહજમેળે બધું જે તે અનંતાનંત ચાલે છે.

હરિઃૐ

## શું ધક્કો તે પળે કોઈએ મને પાછળથી માર્યો છે !

**હરિ**થી ખેલવા કૂદવા જીવનરંગત અનેરી છે,
શું રમતાં રમતાં જીવનમાં હું ખોવાઈ ગયેલો જે.

પછીથી તો જીવનનો તે બધો બદલાઈ ગયો રંગ,
કશું પણ ના રહેલું છે, **હરિ**નું ભાન પણ મુદ્દલ.


કર્યો ભટક્યા, કર્યો રખડ્યા, શી ચાટો ચાટી ખાધી છે !
શું ધક્કો તે પળે કોઈએ મને પાછળથી માર્યો છે !

કૃપાથી સૂધબૂધ ત્યારે હૃદય સળગી ઊઠેલી છે,
અને પછી તો **હરિ**માં દિલ શું લાગી તે પડેલું છે !

હરિઃૐ

# ખંડ - ૭

# મથામણમાં મુસીબતો અને કસોટી



મરી જઈશું, ફના થઈશું ભલે કટકા થઈ પડશું,
પરંતુ પહોંચવા ધાર્યું જરૂર ત્યાં પહોંચીને ઠરશું.

હરિઃૐ

# બધું જે તે મળેલું છે, જીવનવિકાસ કરવાને

જીવનમાં કેવી લમણાઝીક સતત મારે રહેલી છે !
જીવનના સૌ તબક્કામાં જીવનની સોબતી મુજ તે.

કંઈક ને કંઈક મુસીબત તો નડ્યા જીવન કરેલી છે,
સુખે સૂવા કદી વારો જીવનમાં તો ન આવ્યો છે.

ન **આ** ફરિયાદરૂપે છે, જીવનની તે હકીકત છે,
છતાંયે ચણચણાટી કંઈ ન તે વિશે ધરેલી છે.

બધું જે તે મળેલું છે, જીવનવિકાસ કરવાને,
બધી તે ગડમથલનીયે જરૂરિયાત જીવનમાં છે.

હરિઃૐ

## બધે બસ રસતણું પૂર જ શું રેલમછેલ ઊછળે છે !

હૃદયથી ભાવના ઊછળી, હૃદય ગંગામહીં ભળીને
-મહાસાગર ભણી વહીને, મહાવિસ્તાર પામે છે.

અનંતાનંત વિસ્તાર, કિનારો ક્યાંય એનો ના,
બધે જ્યાં ત્યાં જ પ્રસરીને, હૃદયરસ શો ઊછળતો ત્યાં !

બધે આધાર વ્યાપીને રગેરગ ને નસેનસમાં,
કહીં ના કહીં જીવન વિશે ઊંડો પાંગરતો રહેતો ત્યાં !

બધે બસ રસતણું પૂર જ શું રેલમછેલ ઊછળે છે !
બધું જે તે ભીંજાવીને રસે તરબોળ બનવે છે.

હરિઃૐ

## જીવનનું રોકડું નાણું ખરેખર ભાવ નક્કર જે

**હરિ**ને શોધતાં ઝાડ ઊગી માથે ગયેલાં છે,
ન ગોતાશે, વિના ભાવ જ હૃદય સમજી ગયેલો તે.

જીવનનું રોકડું નાણું ખરેખર ભાવ નક્કર જે,
હું રળવાને, કમાવાને કટીબદ્ધ જ થયેલો તે.

શી રસની રેલમછેલોથી સતત દિલ સાધનાભ્યાસે
-પરોવાઈ જતાં મનથી હૃદયભાવ જ જીવંતો છે !

અને તે ભાવ પ્રત્યક્ષ **હરિ**દર્શન અનુભવ તે,
હૃદય નજદીક નીરખવાને શું દૂરબીન ભાવસાધન છે !

હરિઃૐ

## બધું પાકું કરી લેતાં ખરી ધરપત વળે દિલ શું !

સતત બસ ચાલી, ચાલીને, મુકામે પહોંચવાનું છે,
'ભલે ધીમે ભરાતાં ડગ' ન તેની કાંઈ ચિંતા છે.

'ચલાતું નિત્ય રહેવાય' જીવનમાં તે જરૂરી છે,
હૃદય ત્યાં લક્ષ રાખીને સતત **જીવવું** જ ધાર્યું છે.

ભલે થોડું ચલાતું છે, છતાં જે **જીવતો** રહે છે,
જરૂર તે **आज** કે **काले** મુકામે પહોંચવાનો છે.

કદીક દાણો હું શો ચાંપી હૃદયથી જોઈ લેતો છું !
બધું પાકું કરી લેતાં ખરી ધરપત વળે દિલ શું !

હરિઃૐ

## ફિકર, ચિંતા ન તારે કંઈ, ફિકર કરનાર બેઠો છે

‘જરૂર કોઈક એવું જે ભલે છો તે અદીઠ જ છે,
ચઢી વહારે જીવનપથમાં જીવનનો ભોમિયો બનશે’.

હૃદય નિશ્ચયનો ભણકાર શું તે રણકારનો પડઘો !
જીવન મારે પડેલો છે, હૃદય તેથી ભરોંસો શો !

હૃદય નિશ્ચિંતતા કેવી હૃદય પડઘમ વગાડે તે !
ફિકર, ચિંતા ન તારે કંઈ, ફિકર કરનાર બેઠો છે.

**હરિ**ની એવી જીવનમાં મદદ કંઈક વેળ પામીને
-જીવનમાં ઑર નિશ્ચિંત **હરિ**ઓથે થવાયું છે.

હરિઃૐ

## ભરોંસો ધારી હરિનો દિલ ધપાવ્યા શું કર્યું પથમાં !

જવા આગળ, જવા આગળ, હજીયે દૂર જવા આગળ,
ભર્યાં કરવાનું ડગલું છે, ભલે એક જ ભરી આગળ.

ભલે થોડું કપાતું છે, જીવનપથનું જ તે અંતર,
'પરંતુ તેટલું ઓછું થયું તે', દિલમાં નિશ્ચય.

'ફજેતો તુજ થવાનો છે, નકામો આથડી મરશે,
કશી ના લહાણ મળવાની, ન લાડુ ઝટ મળી જાશે'.

બધું તે સાંભળેલું છે, છતાં પાછું હઠાયું ના,
ભરોંસો ધારી **હરિ**નો દિલ ધપાવ્યા શું કર્યું પથમાં !

હરિઃૐ

## પુગાતાં વાર છો લાગે, છતાં હિંમત ન તૂટી છે

જીવનપથને ધરી સામે અમે શી દોટ માંડી છે !
ન અટક્યા થાક ખાવાને, હૃદય ઉત્સાહ એવો છે.

નિશાન જ તાકવાને તે હૃદય પોરસ ચઢેલું છે,
હૃદયના ના જંપવા વારો પૂગ્યા વિણ આવવાનો છે.

સતત મથતાં, સતત મથતાં, કંઈક લક્ષણ મળેલાં છે,
પુગાતાં વાર છો લાગે, છતાં હિંમત ન તૂટી છે.

જીવનમાં મસ્ત સથવારો હૃદય હિંમતનો મુજને છે,
કૃપા તેને **હરિ**ની શી ! હૃદય સમજી ધપાતું છે.

હરિઃૐ

## જુદી જુદી ભૂમિકામાં બધે સંગ્રામ ઊભો છે

જીવનમાં સાહસો જોખમની સામે જીવવાનું છે,
પછી એથી ડરીને ક્યાં જીવનથી ભાગવાનું છે ?

જીવનમાં સાહસો જોખમની સાથે ભાઈબંધી છે,
હવે મનમાંથી સૌનો ડર બધો ઊડી ગયેલો છે.

કૃપાથી બાવડાંબળથી જીવનમાં જીતવાનું છે,
જુદી જુદી ભૂમિકામાં બધે સંગ્રામ ઊભો છે.

જીવનને મહાલવાકેરી લગન દિલમાં ઊઠેલી છે,
બધી જે તે મથામણમાં હૃદયરસ તેથી સ્ફુર્યો છે.

હરિઃૐ

## ભયંકર આફતો ભારે જીવન શી ઊતરેલી છે !

ભયંકર આફતો ભારે જીવન શી ઊતરેલી છે !
કરી કરી સામનો ત્યારે કદીક થાકી જવાયું છે.

છતાં **હરિ**એ કૃપાબળથી થતાં કાયર બચાવ્યો છે,
ઊભો સમરાંગણે લડતાં મને **હરિ**એ ટકાવ્યો છે.

ન જોયાં રાત કે દિવસ કશી અડચણ ગણી ના છે,
કસોટીને ટકી શકવા પરીક્ષક બળ ગણેલું છે.

ભયંકર સૂક્ષ્મ સંગ્રામો ભૂમિકા ઊર્ધ્વને વિશે
-મળ્યા ત્યારે ઝઝૂમવાની હૃદય મસ્તી ચઢેલી છે.

હરિઃૐ

## જીવનના કારમાં સંકટ સમય, હરિ યાદ કીધો છે

જીવનના કારમાં સંકટ સમય, **હરિ** યાદ કીધો છે,
**હરિ**ની યાદનીયે શી હૃદયની હૂંફ ન્યારી છે !

**હરિ**ની માત્ર તે યાદ હૃદયમાં ઓથ પ્રેરે છે,
હૃદય પાસે જ હો એવી સહાનુભૂતિ બક્ષે છે.

ખરેખરની મથામણમાં કટોકટીના જ રમખાણે,
**હરિ**ની યાદથી બળ શું હૃદય ઊંજાતું તે રહે છે !

ખરાખરીના જહીં ખેલ જીવનમાં ખેલવા પ્રગટ્યા,
તહીં તુજ યાદ સોબતથી શહૂરનું પૂર ઊછળ્યું ત્યાં.

હરિઃૐ

## બધો પડકાર હિંમતને પરીક્ષાનો જીવનમાં તે

ભરી, ભરી ડગ ભલે ધીમે મથી મથી પૂગવાનું છે,
જીવનનિર્ધાર તે વિશે કમીના ના કશી પણ છે.

મરી જઈશું, ફના થઈશું, ભલે કટકા થઈ પડશું,
પરંતુ પહોંચવા ધાર્યું જરૂર ત્યાં પહોંચીને ઠરશું.

ભલે મુશ્કેલી ને વિઘ્નો પથે આવે, ન પરવા છે,
બધો પડકાર હિંમતને પરીક્ષાનો જીવનમાં તે.

કૃપાનો જ્યાં સહારો છે, પછી ફિકર જીવન શી છે !
ભરોંસે નાડ જીવનની જહીં સોંપાઈ **હરિ**ને છે.

હરિઃૐ

## પડે ના ગાબડાં ક્યાંયે જીવનકિલ્લે નિહાળ્યું તે

બહુ નડતર ને અવરોધો જીવનમાં શાં મળેલાં છે !
ટકાવી રાખવા સ્વસ્થ મનાદિ હું મથેલો જે.

કૃપાથી એવી કેળવણીતણી તક બહુ મળેલી છે,
જીવનમાં જાગૃતિ સાથે વધાવી તક લીધેલી છે.

બધાં હથિયાર બખતરથી કૃપાથી સજ્જ થઈ હૃદયે,
પડે ના ગાબડાં ક્યાંયે જીવનકિલ્લે નિહાળ્યું તે.

નજરચૂક તો છતાં થઈ છે, તહીં ગરબડ મચેલી છે,
કળા ને હોશિયારીથી બધું ઠામે પડેલું છે.

હરિઃૐ

## મળે પરિસ્થિતિ જે તેમાં શી રળવાની ભૂમિકા છે !

સરળ સુતરું બધું જ્યાં ત્યાં વહેતું હો જીવન જ્યારે,
મુસીબત કંઈ ન મુશ્કેલી કશી ના લાગતી ત્યારે.

જીવનમાં સ્વસ્થતા ત્યારે ટકી રહેતી જ લાગે છે,
જીવનઆનંદથી ત્યારે ભર્યું ભરપૂર કેવું તે !

ડહોળી પણ બધું નાખે ઊથલપાથલ થતું જ્યાં હો,
પરિસ્થિતિ થતાં તેવી થવું સમતોલ દુર્લભ તો.

જીવનરળતરની સાચી ત્યાં પરીક્ષા ને કસોટી છે,
મળે પરિસ્થિતિ જે તેમાં શી રળવાની ભૂમિકા છે !*

* તા. ૧૩-૧૧-૧૯૭૨ની વહેલી પ્રભાતે એક સ્વજનનું સ્મરણ જાગ્યું, તે ઉપરથી મારા જીવનને લગતી હકીકતનું બયાન લખાયું છે.

હરિઃૐ

## મુસીબત એક રીતની ના બહુવિધ તે મળેલી છે

મુસીબતમાં બહુ રીતનું જીવન મથવાનું આવ્યું છે,
કદી એને ન ટાળી છે, કર્યો સ્વીકાર ઊલટો મેં.

મુસીબત એક રીતની ના બહુવિધ તે મળેલી છે,
દરેકે સાથ મથવાનું જુદી જુદી જ રીતનું તે.

મુસીબત આવતી જ્યારે ન આવે એકલી પોતે,
ચઢાઈ પૂરની પેઠે અનેકે સાથ કરતી છે.

ઘણી પંચાત આવીને જીવન ત્યારે ઊભી રહે છે,
કૃપાથી સ્વસ્થ દિલથી સૌ જીવન વર્તાયું ત્યારે છે.

હરિઃૐ

## કસોટીકાળમાં સાચું બધું પરખાઈ આવે છે

જીવનમાં કેટલા કેવા **હરિ**માં જીવતા પોતે !
કસોટીકાળમાં સાચું બધું પરખાઈ આવે છે.

શું પડકાર જ કસોટી દે જીવન મર્દાનગીને તે !
**હરિ**નો ભાવ પરખાવા કસોટી તે ખરી તક છે.

ખમીર ખુમારી જીવનનાં થયેલાં કેટલાં પાકાં !
કસોટીની પ્રસાદીથી જરૂર તે આપ પરખાતાં.

કસોટીથી જીવંતું તે જીવનસામર્થ્ય પરખાવા
-અનુપમ તક જીવનમાં શી કૃપાથી તો મળે છે ત્યાં !

હરિઃૐ

## કસોટીના અનુભવથી બધું તે માપ નીકળે છે

કસી જોવાની જીવનને કસોટી શી પ્રસાદી છે !
**हरि** પોકારવાની તે સુભગ પળ યોગ્યતાની છે.

કસોટી તો **हरि**કેરી મહાઅણમોલ ભેટ જ છે,
જીવંતો ભક્તિનો ભાવ કસોટીથી પમાયે છે.

હૃદયમાં જાગૃતિ કેવી થયેલી પક્વ કેટલી તે !
કસોટીના અનુભવથી બધું તે માપ નીકળે છે.

કસોટી તો કસોટીનો મળ્યો પથ્થર કૃપાથી જે,
ઘસાતાં તે પરે કેવું સ્વરૂપ પરખાઈ આવે છે.

હરિ:ૐ

## સહેતાં હેતુથી હર્ષે ગુણો એવા શું ઊભરે છે !

મળેલાં સંકટો કેવાં જીવનમાં તો ભયંકર જે,
જિગરથી સામનો કરવા બધી હિંમત ભીડેલી છે.

જીવનમાં સામનો કરતાં જીવનનૂર રંગ બઢિયાં છે,
ખરેખર કેળવાઈ છે, જીવન મર્દાનગીયે તે.

જીવનમાં જોમ જુવાળ અદમ્ય શક્તિનું મૂળ જે
-સહેતાં હેતુથી હર્ષે ગુણો એવા શું ઊભરે છે !

નર્યો મુશ્કેલીનો અગ્નિ જીવન સળગાવવા પ્રગટ્યો,
કૃપાથી શો પચાવાતાં જીવનઅમૃત હું શું પામ્યો !

હરિઃૐ

## મને એણે જ જીવનમાં પથે ખેંચ્યા કરેલો છે

જીવનઆદર્શનો સ્વાર્થ હૃદય વ્યાપેલ ઉત્કટ જે,
મને એણે શું મથવામાં હૃદય પ્રેરેલ રસ શો છે !

ખરેખર એ જ રસ લીધે પથે ખેંચાણ જીવતું છે,
હૃદયનું એ જ આકર્ષણ સતત દિલને મથાવે છે.

જીવનનું દિવ્ય આકર્ષણ સતત જલતું રહેલું જે,
મને એણે જ જીવનમાં પથે ખેંચ્યા કરેલો છે.

જીવનની આળપંપાળ કશી બીજી જરા કંઈયે
-ન સ્પર્શી, દિલ આકર્ષણતણા કારણથી જીવન તે.

હરિઃૐ

## હરિને પ્રાર્થનાનો ત્યાં સહારો માત્ર જીવન છે

જીવનનું નાવ દરિયામાં જહીં ડૂબવા અણી પર છે,
હલેસાં રાખવા પકડી જહીં મુશ્કેલ લાગે છે.

જહીં સઢનુંય ઠેકાણું કશું જ્યારે ન રહેતું છે,
બધું જ્યાં આડુંઅવળું છે, સલામતી ના કશી જ્યાં છે.


મથામણ કંઈ જ કરવાની મતિ જ્યારે ન ચાલે છે,
**હરિ**ને પ્રાર્થનાનો ત્યાં સહારો માત્ર જીવન છે.

હૃદયના ભાવથી ઊંડા **હરિ**ને સાદ પાડ્યો છે,
હૃદયમાં આર્ત ને આર્દ્ર ઊંડો ત્યાં ભાવ પ્રગટ્યો છે.

હરિઃૐ

# ખંડ - ૮

# મથામણમાં સાધનાવિકાસ



**હરિ**ની વ્યક્તતાકેરું બધું બ્રહ્માંડ લક્ષણ છે.
બધાં પ્રત્યક્ષ નીરખે તે, છતાં **હરિ**ને ન જાણે છે.

હરિઃૐ

## જીવનનું ધ્યેય ઊગીને શું પેટાવ્યો જ અગ્નિ છે !

જીવનમાં બાળપણમાં શી ગરજ ભણવાની લાગી'તી,
હૃદય તે ગરજને લીધે મળ્યું શું શીખવું દિલથી !

કદીક લગાડવું ખોટું કશું પણ કોઈની પર જે
-ગરીબને પાલવે તેવું જરીક પણ કંઈ નહોતું તે.

કશીય ફરિયાદ કરવાની ન કોઈની વિશે તે છે,
વળી કડવાશ કો પ્રત્યે હૃદય ના રાખવાની છે.

મળ્યું જીવન ગરીબીનું, હૃદય તેવા જીવન મધ્યે
-જીવનનું ધ્યેય ઊગીને શું પેટાવ્યો જ અગ્નિ છે !

હરિઃૐ

## સતત દિલ વર્તવાનું, તે પ્રમાણે નિત્ય રાખ્યું છે

પરાધીનતા જીવનમાંથી વળી પરાવલંબન જે,
પૂરેપૂરાં ભૂંસી દેવા કૃપાથી શું મથાયું છે !

જહીં સંપૂર્ણ સ્વાધીનતા, વળી જ્યાં સ્વાવલંબન છે,
સ્થિતિ એવી જીવનકેરી શું સર્જાવા મથાયું છે !

જીવનમાં તે જ પ્રત્યક્ષ નજરમાં ધારી રાખીને,
સતત દિલ વર્તવાનું, તે પ્રમાણે નિત્ય રાખ્યું છે.

મહત્ત્વાકાંક્ષી સંપૂર્ણ સચેતન દિલ થયેલું જ્યાં,
પછી ના વાર લાગી છે, ઉપર કેવું ચઢાયું ત્યાં !

હરિઃૐ

## બધી તરકીબ ખોળીને, હવે આચરવું રાખ્યું છે

પરિસ્થિતિ જીવન જે જે, મળ્યા સંજોગ તે વિશે,
જીવનનું ધ્યેય જાગંતાં હૃદય હેતુ સળગતો છે.

'થતો વિકાસ શી રીતે રહે' ઊંડું વિચારીને
-બધી તરકીબ ખોળીને, હવે આચરવું રાખ્યું છે.

ન ફરિયાદ, ન કડવાશ, ન ચણચણાટી ધરવી છે,
શું અકળામણ, કંઈ જ ક્લેશ કદી પણ ના જ કરવાં છે.

અશાંતિ, ચિત્ત સંઘર્ષણ થવાં દેવાં ન જીવનમાં
-હૃદય નિશ્ચય, શું વ્રત, ટેક, જીવન એવાં લીધેલાં શાં !

હરિઃૐ

## જીવનના મૂલ્યની કિંમત ચૂકવવાની ન સહેલી છે

જીવન, જીવન, કરે શું તું ? ન રસ્તામાં પડેલું તે,
રમકડું ખેલવાનું ના, શિશુનો ખેલ તે ના છે.

જીવન રેઢું પડ્યું ના છે, જીવનને શોધી શોધીને,
લડત આખરની આપીને શું મેળવવાનું જીવન છે !

જીવનના મૂલ્યની કિંમત ચૂકવવાની ન સહેલી છે,
જીવન સર્વસ્વ દેતાંયે જીવન મળવું ન નિશ્ચિત છે.

જીવનને ગાળી દેતાંયે ફના સંપૂર્ણ છોને હો,
છતાં મળશે જ 'જીવન' તે કશું નિશ્ચિત ન છે એ તો.

હરિઃૐ

# ન પરવા દિલ ધારી છે, ફરી મંડ્યો જ વેપારે

જીવનમાં કેવી ગફલતથી નર્યું ખોયા કરેલું છે,
છતાં હિંમત ભીડીને શો થયો ઊભો કમાવાને !

છતાંયે કેટલીવાર જીવનમાં ખોટ ખાધી છે,
ન પરવા દિલ ધારી છે, ફરી મંડ્યો જ વેપારે.

કમાવાની કળાની કંઈ બધી આવડત નહોતી જે,
કુનેહ વાપરી દઈને ગયેલું મેળવેલું છે.

જીવનને ખોઈને પાછું સજીવન ચેતના રૂપે,
સ્વરૂપે તે અસલ મૂળના હવે ભોગવવું જીવન છે.

હરિ:ૐ

## પીડાતું દર્દથી રહેવું, જીવનની ખુશનસીબી કે

રહી શાં દર્દ ભોગવતાં જીવનને જીવવાનું છે !
સહેતાં વેદના રહીને જીવનમાં મહાલવાનું છે.

પીડાતું દર્દથી રહેવું, જીવનની ખુશનસીબી કે
-હૃદયના ભાવનું માપ જતું તેથી મપાઈ તે.

પીડાકર દર્દને સહેતાં સ્તવન, કીર્તન, ભજનભાવે
-નિરંતર ગાળતાં જીવન, લહેજતની શી મસ્તી છે !

જીવંતી ભાવના **હરિ**માં રહે શી ચેતનાત્મક તે !
જીરવતાં વેદના તીવ્ર શી પારાશીશી જીવન તે !

હરિઃૐ

## હૃદય નિશ્ચિંત સહુ વાતે જીવનમાં હું રહેતો જે

હું કોઈને સૂચન સરખું ભૂલેચૂકે ન કરતો છું,
વળી સંસારવહેવારે સલાહ ના કદી પણ દઉં.

છતાં લોકો મને બહુયે સલાહ ને સૂચન દે છે,
રહીને શાંત હું દિલથી બધુંયે સાંભળી લઉં છું.

**हरि** વહાલો અગણિત કરથી બધી સંભાળ મુજ લે છે,
હૃદય નિશ્ચિંત સહુ વાતે જીવનમાં હું રહેતો જે.

કદીક આફતમાં ઉતારે, કદીક બચાવી મને લે છે,
સ્થિતિ ઉભય વિશે તારો કૃપાનો હાથ ભાળ્યો છે.

હરિઃૐ

## બધો ઓથાર શો તેથી ફગાવાઈ ગયેલો છે !

જીવન ઓથારનો બોજો વહ્યા કેવો કરેલો જે !
સ્મરણાદિ થયાં સાધન થકી જે ભાવ ઊપજ્યો છે.

હૃદયનો ભાવ જીવતો જે પ્રવર્તેલો જીવન વિશે,
બધો ઓથાર શો તેથી ફગાવાઈ ગયેલો છે !

હૃદય હળવાશ સંપૂર્ણ તળેઉપર શી લાગી છે !
થવાયું ખુલ્લું સંપૂર્ણ **હરિ**પદ તેથી તો ચરણે.

જીવનની સૌ હકીકતમાં હૃદય મોકળાશ તેથી તે
-સરળતાથી જીવનમાં તો પ્રવર્તી શી રહેલી છે !

હરિઃૐ

# હરિની વ્યક્તતાકેરું બધું બ્રહ્માંડ લક્ષણ છે

**હરિ**ની વ્યક્તતાકેરું બધું બ્રહ્માંડ લક્ષણ છે,
બધાં પ્રત્યક્ષ નીરખે તે, છતાં **હરિ**ને ન જાણે છે.

જીવનમાં બાહ્ય વર્તનથી પૂરું કોઈ ન પ્રિછાશે,
જતાં ઓળખવા તે રીતે ભુલાવાનું થવાનું છે.

રહેલું સર્વ અંતરમાં ઘણું અધૂરું થતું વ્યક્ત,
કદી પણ થઈ શકે છે ના, પૂરું તે તે રીતે વ્યક્ત.

જગતવહેવાર કિંતુ તો બધો શો વ્યક્તથી ચાલે !
અને તેથી જ ભ્રમણામાં બધો સંસાર ચાલે છે.

હરિઃૐ

## મતિ, મન, પ્રાણ ને ચિત્ત, અહં હરિએ જ સર્જ્યાં છે

મતિ, મન, પ્રાણ ને ચિત્ત, અહં **હરિ**એ જ સર્જ્યાં છે,
સકળ સંસાર પણ **આ** શો બનાવેલો **હરિ**નો છે.

મનાદિનાં જ કરણોથી બધો વહેવાર ચાલે છે,
છતાં ફાંકો શું સંસારી બધો નિજ પર ધરાવે છે !

મતિ, મન, પ્રાણ ને ચિત્ત, અહં **હરિ**એ જ સર્જ્યાં છે,
કદી પણ માનવીથી તે બની શકનાર ના નિશ્ચે.

નર્યું પ્રત્યક્ષ **હરિ**એ તો બધું જે તે બતાવ્યું છે,
છતાં કોણ જ **હરિ**ને દિલ પરખવા ક્યાંય નવરું છે ?

હરિઃૐ

## બહુ બહુ રીતથી હરિએ ઘણું ઘણું તો બતાવ્યું છે

જરૂરિયાતો જીવનની સૌ, અપાર્થિવ જ સ્વરૂપે જે
-જીવનમાં કંઈ મળેલી છે, **હરિ**નું સર્વ સર્જન તે.

**હરિ**એ કેટલુંક કેવું નર્યું પ્રત્યક્ષ માનવીને
-બતાવ્યું છે જ સંસારે, છતાં માને જ કો **હરિ**ને ?

બધી અદ્‌ભુત શી રચના, વ્યવસ્થા તો શરીરની છે !
અશક્ય તે થવી જનથી, છતાં કોણ જ ગણે **હરિ**ને ?

બહુ બહુ રીતથી **હરિ**એ ઘણું ઘણું તો બતાવ્યું છે,
છતાં ક્યાં માનવી **હરિ**ને જરા સરખુંય માને છે !

હરિઃૐ

# હૃદયમાં જેવી છે શ્રદ્ધા, બધું તેવું જ તે સ્વરૂપ

**હરિ**ને માનવું કે ના, બધો આધાર શ્રદ્ધા પર,
હૃદયમાં જેવી છે શ્રદ્ધા, બધું તેવું જ તે સ્વરૂપ.

હૃદય શ્રદ્ધા લીધે જે તે બધું અસ્તિત્વ સૌનું છે,
નયન શ્રદ્ધા થકી જેવાં પ્રમાણે તેવું દર્શન છે.

તમારી જેવી હો શ્રદ્ધા ગમે તે રીતની છો તે,
જુદા કોઈ જ તે શ્રદ્ધા થકી, થઈ કોઈ ના શકશે.

સ્વરૂપ શ્રદ્ધાતણાં પાછાં જુદાં જુદાં જીવન વિશે
-જુદા જુદા તબક્કામાં, જુદાં જુદાં શું અદ્ભુત છે !

હરિઃૐ

# હરિ વિના બીજો સાથી જીવનમાં કોઈ રહ્યો ના છે

જીવનમાં જન્મવું, મરવું હવે બાકી રહ્યું ના છે,
**હરિ**ની ભાવનામાં બસ હવે તો ઊડવાનું છે.

**હરિ** વિના બીજો સાથી જીવનમાં કોઈ રહ્યો ના છે,
**હરિ**ની સંગ રસ રેલી જીવનમાં મહાલી જાણ્યું છે.

**હરિ**ની સાથ રમવાની રમત તે એ જ જીવન છે,
બીજું જીવન અમારે દિલ કદી અસ્તિત્વમાં ના છે.

ન ત્યાં કોઈ જ મર્યાદા કશા વિશે રહેલી છે,
અનંતાનંત **હરિલીલા**તણો ત્યાં ભેદ ઊકલે છે.

હરિઃૐ

## ભરોંસે, આશરે, હરિના ધપ્યા આગળ જવાનું છે

ગતકડાં કાઢવાની સૌ નરી ટેવ જ પડેલી જે,
તમન્નાનું ચઢ્યું પૂર જ્યાં શું ઢસડાઈ ગયેલી તે !

જીવનમાં દોષ જોવાના જીવન મુજ એકલા વિશે,
ઝીણું ઝીણું તહીં પીંજી પૂણી આકાર દેવો છે.

ખરેખર પથ ન **આ** સીધો, વળાંકો કંઈક આવે છે,
ભરોંસે, આશરે, **હરિ**ના ધપ્યા આગળ જવાનું છે.

જરા આરામ લેવાની કશી મરજી થતી ના છે,
લબડધક્કે સતત કેવો પરિશ્રમ ત્યાં થતો રહે છે !

હરિઃૐ

## હૃદય ચેતનકળા પણ જે, બધાંથી તેય ન્યારી છે

જીવનના જંગ જોયા છે, જીવનના ઢંગ જોયા છે,
જીવનના તંગ જોયા છે, જીવનના રંગ જોયા છે.

બધું જે તે નિરાળું છે, બધુંયે નિરનિરાળું છે,
કશું ના એકસરખું છે, જુદી જુદી રમત શી છે !

જુદી જુદી શી સમજણ છે ! જુદી રીતભાત જે તે છે,
જુદી સૌ રીતરસમ તે છે, જુદા જુદા સ્વભાવ જ છે.

જુદી જુદી શી બુદ્ધિ છે ! કળા પણ જુદી જુદી છે,
હૃદય ચેતનકળા પણ જે, બધાંથી તેય ન્યારી છે.

હરિઃૐ

# હિમાલય પહાડ સમ ટેક અનિવાર્ય જીવનમાં તે

જીવનવિકાસ ના સહેલો બહુયે ઝઝૂમવાનું ત્યાં,
તસુ તસુ જીતવા માટે પડે બલિદાન દેવાં શાં !

અડગ, અણનમ વિના નિશ્ચય ન ડગ એક જ ખસાતું છે,
તમારે એકલાએ જ મજલ શી કાપવાની છે !

તહીં ના ભોમિયો કોઈ, ન સથવારો કશો પણ છે,
હિમાલય પહાડ સમ ટેક અનિવાર્ય જીવનમાં તે.

બધાં સાધન મળેલાંમાં સહૃદયતાથી જ ઝુકાવી,
હરણફાળ શી ભરવાને મથાયું ત્યાં કૃપાથી શી !

સતત સાધનનો અભ્યાસ જીવન મથવાનું જાણ્યું છે,
ઘડી પળ તે વિના જીવવું, જીવનમૃત્યુ પ્રમાણ્યું છે.

હરિઃૐ

## શહૂર, જહેમતતણાં તપ જે ઉમળકાથી થયેલાં છે

જીવનમાં આવવા ઊંચે હૃદયમાં ભાવના ધરખમ,
સમૂળગી પ્રજ્વળેલી તે, ન ખાવા દે કશો પણ દમ.

નિરાંતે સ્વપ્ન વિશે પણ કદી બેસી રહેવાનું,
ઉભય બે હાથ જોડીને ભૂલેચૂકે ન ઊગેલું.

પરિશ્રમ પાડી પરસેવો સતત મંડ્યા રહેવાનું,
હુકમ દિલ પ્રેરણાકેરો, હૃદય વ્રત પાળવાકેરું.

હુકમ બિરદાવીને વર્તન વિશે ઉતારવામાં તે,
શહૂર, જહેમતતણાં તપ જે ઉમળકાથી થયેલાં છે.

હરિઃૐ

## નગદ નાણું હરિપદ છે, જીવનની તે કમાણી છે

થતા યત્નો વિશે **પ્રાણ** જ હૃદય ચેતન સ્ફુરાવે છે,
ધગશ, ઉત્સાહ, ઉદ્યમ ને સહાનુભૂતિ પ્રેર્યાં છે.

કંઈક મળતર થયું જ્યાં છે, હૃદય ધરપત વળેલી છે,
મળ્યાથી દિલ ફોર્યું છે, જીવનમાં ખંત મોર્યો છે.

જરા કંઈથી ન ચાલે છે, હૃદય લાલચ પડેલી છે,
ઊઠીને દોડવું થયું છે, મજલ ચાલી કપાતી છે.

નગદ નાણું **હરિ**પદ છે, જીવનની તે કમાણી છે,
સ્તવી સ્તવી દિલ ભજી ભજીને ચરણમાં નિત્ય સૂવું છે.

હરિ:ૐ

## ન કોઈનો સહારો છે, હરિથી બચવા વારો છે

શી મારામારી જીવનમાં બહુવિધની જ જાગી છે !
બહુ ઘેરાવે લઈ જીવન બધું ચૂંથી જ નાખ્યું છે.

ઊગરવા જ્યાં ન આરો છે, વળી ડૂબવા જ વારો છે,
ન કોઈનો સહારો છે, **હરિ**થી બચવા વારો છે.

બધી બાજુથી નિરાશા જહીં વર્તાઈ ચૂકી છે,
છતાં લમણે દઈ હાથ ન હું બેસી રહેલો જે.

વળી પછી એમ કરતાં તો ફરી હિંમત ફૂટેલી છે,
થતા પુરુષાર્થમાં ત્યારે હૃદય ઉત્સાહ લાગ્યો છે.

હરિઃૐ

# हरि મુજ ભોમિયાને ત્યાં બધું પૂછી લીધેલું છે

સતત મથવું, સતત મથવું, જીવનનો ક્રમ થયેલો છે,
હૃદય નિશ્ચયથી દૃઢ મક્કમ સતત ડગલાં ભરાયાં છે.

ચલાતાંમાં, ચલાતાંમાં, ન રસ્તો જ્યાં સૂઝેલો છે,
**हरि** મુજ ભોમિયાને ત્યાં બધું પૂછી લીધેલું છે.

કદીક એણે બતાવ્યું છે, કદીક ના સાંભળેલું છે,
કદીક કાને દીધા *કર છે, કદીક પોતે બધિર શો છે !

હૃદયમાં ને હૃદયથી શો હૃદયનો ભાવ ધારીને
-સતત મથવાની દિશામાં ભર્યાં કીધાં જ ડગ મેં છે !

હૃદય જ્યાં ભાન નિશ્ચયનું, ટકેલું એકધારું તે,
શી નિશ્ચિંતતા તહીં સુધી હૃદય અલમસ્ત જીવતી છે !

---

* કર=હાથ

હરિઃૐ

## પડાતાં સાદ હરિને દિલ, ઉગાર્યો ડૂબતો તેથી

અમારે ચાલવાનું છે, નિરંતર શું જીવનપંથે !
ઊભું રહેવાનું ઠેકાણું છતાં ક્યાંયે ન ગોત્યું છે.

ધગશ, ઉત્સાહ ને લગની હૃદય બળતાં રહેલાં જે,
સતત બસ ચાલવામાં તો શું એણે રસ ચઢાવ્યો છે !

નયન ખુલ્લાં નર્યાં રાખી થયું જે ચાલવાનું છે,
પથે અડચણતણી વચ્ચે સમજ તેથી પડેલી છે.

પથે આંટીઘૂંટી કેવી કદીક આવી ચઢેલી છે !
પથે ભમરી, કૂંડાળાંમાં ગૂંચાઈ ત્યાં જવાયું છે !

પરિશ્રમ પૂર્ણ કરતાંયે ન નીકળાતાં જ ભમરીથી,
પડાતાં સાદ **હરિ**ને દિલ, ઉગાર્યો ડૂબતો તેથી.

હરિઃૐ

## મને શી રીત પાડ્યો છે, हरि એવાને ઠેકાણે ?

**हरि** ! બુડથલ પૂરેપૂરો ન સમજું સાનમાં સહેજે,
મને શી રીત પાડ્યો છે, **हरि** એવાને ઠેકાણે ?

ભયંકર જોખમો સામે ન ટકવા હામ પણ કંઈ છે,
છતાં ગિરિ સમ નર્યાં સાહસની સામે તેં ટકાવ્યો છે.

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે મથવું જ આવ્યું જે,
અતિશય સૂક્ષ્મ ને ગૂઢ તહીં તે આંખ દીધી છે.

ગમે તે છો જીવન આવ્યું છતાં જેમાં અને તેમાં,
પ્રથમ પદ દિલ બક્ષ્યું છે, **हरि**ને તો ઉમળકામાં.

હરિઃૐ

## હૃદય લાગી હતી તેણે કરાવેલું મથાવ્યા ત્યાં

શરૂ શરૂમાં અભિલાષા જીવનતત્ત્વ અનુભવવા,
હૃદય લાગી હતી તેણે કરાવેલું મથાવ્યા ત્યાં.

જીવનમાં એમ મથવાના પડેલા નિત્ય અભ્યાસે,
'અભિલાષા', 'અભીપ્સા'માં શી પલટાઈ ગઈ છે જે !

ઘણા લાંબા સમય સુધીના હૃદયમંથનના અભ્યાસે,
અભીપ્સામાં સળગતો તે શું અગ્નિ ભડકે જલતો છે !

મનન ચિંતવનનું સાતત્ય જીવન ચાલુ થયેલું જે,
ન અટકી ક્યાંય તે પોતે વિષય નિજ સાધી લીધો છે.

હરિઃૐ

# કટીબદ્ધ હું સંપૂર્ણ રહ્યો સાવધ કૃપાથી જે

સમજી સમજી જીવનમાં શાં વહોરેલાં જ જોખમ છે !
કદીક જોખમથી પછડાઈ પડી નીચે ગયેલો જે.

ધીરજ, સાહસ ને હિંમતથી ઊભો પાછો થયેલો છું,
નવાં જોખમ ઊભાં સામે, છતાં મેં બાથ ભીડી શું !

મૂકે થથરાવી એવાંયે મને જોખમ મળેલાં છે,
છતાં પડતું જ નાખ્યું છે, મથ્યો જોખમથી તરવા તે.

કદીક ડૂબકાં જ ખાધાં છે, છતાં તરતો રહેવાને,
કટીબદ્ધ હું સંપૂર્ણ રહ્યો સાવધ કૃપાથી જે.

હરિઃૐ

# અમે તો શાં **हरि**કેરાં રમકડાં ખેલવાને જે

મહામુશ્કેલીએ કેવી હૃદય ધરપત વળેલી છે,
મદદ **हरि**ની જ પ્રત્યક્ષે **हरि** જીવનનો બેલી છે.

અમે તો કલ્પના માત્ર થકી કંઈ ના લખેલું છે,
જીવનમાં વાસ્તવિકતા તે અનુભવીને લખેલું છે.

ભલે માનો કે ન માનો, કશી નિસ્બત નથી અમને,
અમે તો શાં **हरि**કેરાં રમકડાં ખેલવાને જે !

જીવન શેતરંજ મંડાવી રમત શી અટપટી **हरि**એ !
અમોને આવડ્યાં એવાં પથે પ્યાદાં ચલાવ્યાં છે.

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫:** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬:** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો


૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનમથામણ (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)


આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.